૧૯૭

બા! ૧૯૭

સ્વ. શ્રી જ્ઞાનરવિ સ્મારક ગ્રંથમાળા : મણકો ૫ મો.

# શ્રી આગમસારિણિ ગ્રંથ

卐

રચયિતા :
સ્વ. શ્રીમદુપાધ્યાય, સ્યાદ્‌વાદશૈલી નિમગ્ન
**શ્રી જ્ઞાનચંદ્રજી સ્વામી**

પ્રકાશકો :

| | | |
|---|---|---|
| મશી કેશવજી | કચ્છ,પત્રીવાળા. | નકલ ૨૦૦ |
| શી ચાંપસી | કચ્છ,બીદડાવાળા. | નકલ ૨૦૦ |
| શા ... રાજ રણશી | કચ્છ,પત્રીવાળા. | નકલ ૧૦૦ |

આવૃત્તિ ૨ જી : નકલ ૫૦૦
વિક્રમ સં. ૧૯૯૭ : ઈ. સ. ૧૯૪૦

કિંમત:-

સ્વ. શ્રી જ્ઞાનરવિ સ્મારક ગ્રંથમાળા : મણુકો ૫ મો.

# શ્રી આગમસારિણિ ગ્રંથ

卐

રચયિતા :
સ્વ. શ્રીમદુપાધ્યાય, સ્યાદ્વાદશૈલી નિમગ્ન
**શ્રી જ્ઞાનચંદ્રજી સ્વામી**

પ્રકાશકો :

| | | |
|---|---|---|
| શા. લખમશી કેશવજી | કચ્છ,પત્રીવાળા. | નકલ ૨૦૦ |
| શા. ડુંગરશી ચાંપસી | કચ્છ,બીદડાવાળા. | નકલ ૨૦૦ |
| શા. ભોજરાજ રણશી | કચ્છ,પત્રીવાળા. | નકલ ૧૦૦ |

આવૃત્તિ ૨ જી
વિક્રમ સં. ૧૯[illegible]

# આભાર પત્રિકા

**વ્હાલા ગુરૂદેવ શ્રી જ્ઞાનચંદ્રજી સ્વામી!**

આપશ્રીનો જન્મ કચ્છ ગેલડા (મુંદ્રાતાબે) ગામમાં સંવત ૧૮૯૪ ના ભાદ્રપદ શુક્લાષ્ટમીનો થયો. અને સંવત ૧૯૧૫માં શ્રીમતી ભાગવતી દિક્ષા "સંયમ" અંગીકાર કરી જ્ઞાનનો સારામાં સારો અભ્યાસ કર્યો. આપે આપના સદ્જ્ઞાનનો લાભ અર્પિ અજ્ઞાન તિમિરનો નાશ કરેલ છે.

આપ મહાત્માશ્રીએ ચૌદ વર્ષ પર્યંત અખંડ મહાન્ શીત અને ઉષ્ણ આતાપના લઈને કર્મની સત્તાને નબળી પાડી છે, અને આપ શ્રીએ દેશવિદેશમાં વિચરી ઘણા ભવ્યાત્માઓને આપના શુદ્ધ ચારિત્ર્યનો પ્રભાવ પાડી જડ જેવાંઓને પણ ચારિત્ર્યવાન બનાવ્યા છે; અને જ્ઞાનના સાચા પીપાસુઓ બનાવ્યા છે એટલું જ નહિં પણ જ્ઞાનબોધ, આગમસારિણિ વિગેરે મહાન્ બોધદાયક ગ્રંથો રચી ભવ્યાત્માઓ પર ઉપકાર કીધો છે; અને તેરાપંથી જેવા એકાંતવાદીઓની શ્રદ્ધા જડમૂળથી ઉખેડીને સ્યાદ્વાદી બનાવ્યા છે. એટલે જૈન સિદ્ધાંતોનાં ઉંડાં રહસ્યનું પાન કરાવી તેઓના આત્માને તૃપ્તિ પમાડેલ છે.

મહાત્મન્! આપશ્રી સંવત ૧૯૬૩ના ભાદ્રપદ શુક્લાષ્ટમીએ કચ્છ મુંદ્રામાં અનશન કરી આ વિનશ્વર દેહનો ત્યાગ કરી પૂર્ણ ૬૯ વર્ષનું સર્વાયુ ભોગવી અમર લોકમાં બીરાજ્યા છો. આપશ્રીના અમર આત્માને ત્યાં અખંડ શાંતિ હો!

**પંડિતપ્રવર ગુરૂવર્યશ્રી સૂર્યમલ્લજી સ્વામી!**

આપશ્રીએ લઘુવયે ગુરૂવર્ય શ્રી જ્ઞાનચંદ્રજી સ્વામીના પવિત્ર હસ્તે દિક્ષા લઈ શાસ્ત્રોનો તેમજ ન્યાય, વ્યાકરણ કાવ્યાદિનો અભ્યાસ કર્યો. અને જનતાને તેનો તથા સમ્યક્ત્વ કૌમુદી રાસ તેમજ બીજા પણ સારૂબોધ વચનોનો લાભ આપ્યો.

આપશ્રી ૧૯૫૫માં કચ્છ ભૂજપુર (કાંઠીવાલી)માં આ ફાની દુનીયાનો ત્યાગ કરી સુરલોકમાં બીરાજ્યા છો. ત્યાં આપના આત્માને શાંતિ હો!

આપ બન્ને મહાત્માઓના ઉપકારનો બદલો વાળી શકાય જ નહિં.

લિ. યુવાચાર્ય મહારાજશ્રી વિનયચંદ્રજી સ્વામીનો શિષ્ય–મુનિ બાળ **કૃપાચંદ્રજી**ની વંદના હો!

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

આ અસાર સંસારમાં જીવાત્મા અનાદિકાળથી મિથ્યાત્વ ને અજ્ઞાનથી પરિભ્રમણ કરી રહ્યો છે. મોહ શત્રુના ઉત્સંગમાં પોતાનું મસ્તક મૂકી અનાદિ કાળથી ઘોર નિંદ્રામાં ભાન ભૂલ્યો થકો પડયો રહ્યો છે. તે એમ સમજીને કે—અહિં સૂતાં થકાં મને ઘણો જ આનંદ થાય છે. પણ ભોળા સ્વભાવનો આત્મા એમ સમજતો નથી કે દુશ્મનના ખોળામાં મસ્તક મૂકવાથી કેમ સુખ હોઈ શકે ? આવી સમજણ જ્ઞાન કે ગુરૂ મળ્યા વિના કેમ હોઈ શકે? એટલે જ જગતમાં જ્ઞાની ગુરૂનો મહિમા અત્યંત કહેલ છે. સિદ્ધાંતકારો કહે છે કે—એક વખત સદ્દગુરૂનો ઉપદેશ શ્રવણ કરવાથી પોતાની અનાદિ કાળની ભૂલ સમજાય છે, અને જે સુખનો માર્ગ ભૂલી દુઃખના માર્ગમાં ઘસડાતો જાય છે તેનું જ્ઞાન થવાથી તે દુઃખમય માર્ગ મૂકીને સુખને માર્ગે પ્રયાણ કરે છે. ત્યારે એવા ભૂલા પડેલ ભવ્યાત્માને માર્ગ બતાવવા માટે અનેક મહાપુરૂષોએ સિદ્ધાંતો—પુસ્તકોદ્વારા જ્ઞાન અર્પિ ઉપકાર કરેલ છે. તેમાં આ "શ્રી આગમ સારિણિ" નામા ગ્રંથ પણ એક છે. જેની અંદર જીવાત્મા પોતાનો માર્ગ કેમ સરળ કરી શકે ? અને તે માર્ગે પ્રયાણ કરતાં અનુક્રમે શાશ્વત સુખને મેળવી કૃતકૃત્ય થઈ શકે, એની સરળ રીતે સીધી સડક બતાવેલ છે જે બતાવવામાં ઉપાધ્યાય મહારાજ શ્રી જ્ઞા(ના)નચંદ્રજી સ્વામીએ સમયનો તેમજ જ્ઞાનનો ઘણો સારો ઉપયોગ કરેલ છે.

આ શ્રી આગમસારિણિની અંદર પગથીયે કેમ ચડવું તે બતાવતાં પ્રથમ આત્મામાં જે અનાદિ કાળથી અજ્ઞાન રૂપ કચરો ભરેલ છે તેને શુદ્ધ કરવા માટે માર્ગાનુસારીનાં ૩૫ ગુણો બતાવેલ છે. જેમ કોઈ ડોકટર પોતાની પાસે આવેલ દરદીના શરીરમાં રહેલ કચરો દૂર કરવા પહેલાં જુલાબ આપે છે તેમ માર્ગાનુસારી ( એટલે શુદ્ધ માર્ગને અનુસરનાર—અથવા શુદ્ધ માર્ગને બતાવનાર ) ના ગુણો પ્રાપ્ત થયા પછી સમ્યક્ત્વ રૂપી પગથીયે ચડાય છે. કારણ કે જ્યાં

સુધી સમ્યક્ત્વ "સમભાવ" ઉત્પન્ન થએલ નથી ત્યાં સુધી આગળ વધી શકાય જ નહિં. કારણ કે સાધન વિના પગથીયે ન ચડતાં પરબારા સાતમે મજલે પ્હોંચી શકાય નહિ. તેમ સમ્યક્ત્વ સિવાય મોક્ષરૂપ સમમે મજલે ચડી શકાય નહિં. જ્ઞાનીઓએ કહ્યું છે કે-પ્રથમ સમ પરિણામી થાઓ તો તમારા આત્માને આગળ લાવી શકશો.

હવે જ્યારે સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, ત્યાર પછી દ્રવ્ય શ્રાવકપણું પ્રાપ્ત થાય છે. "તે દ્રવ્ય શ્રાવકના ૨૧ ગુણો છે તે આમાં બતાવેલ છે." પછી ભાવ શ્રાવક, પછી દ્રવ્ય સાધુ, પછી ભાવ સાધુ. અને છેવટ ચડતાં ચડતાં મોક્ષમાં કેમ પ્હોંચી શકે તે રીતિઓ આ આગમ સારિણિમાં અનુક્રમે મહારાજશ્રીએ બતાવી છે.

ઘણાં સૂત્રો અને સિદ્ધાંતો (આગમો)નું મંથન કરી "જેમ દધીને વિલોવી માંહેથી માંખણ અને છેવટે ઘૃત કહાડવામાં આવે છે." એમાંથી તત્ત્વ (સાર)મય વસ્તુઓનો ઉદ્ધાર કરી ભવ્યાત્માઓના ઉદ્ધાર નિમિત્તે શ્રી જ્ઞા(ના)નચંદ્રજી સ્વામીએ સંવત્ ૧૯૫૯ માં કચ્છ માંડવીમાં આ ગ્રંથ રચેલ છે એટલે જ આ ગ્રંથનું નામ "શ્રી આગમ-સારિણિ" રાખેલ છે. વધારે વર્ણન શું કરવું? કારણ કે સૂર્ય પોતે જ જ્યારે પ્રકાશ આપે છે ત્યારે, વધારે પ્રકાશ મેળવવા દીપકનો ઉપયોગ કરવો એ જેમ હાસ્યાસ્પદ છે અથવા બાળચેષ્ટા ગણાય છે, તેમ આના માટે પણ જાણવું. એટલે આ ગ્રંથ "આગમસારિણિ" આદ્યંત મનન પૂર્વક વાંચી જવાથી સંપૂર્ણ સમજાશે. અને તે પ્રમાણે વર્તન કરવાથી અવશ્ય સુખો (પૌદ્‌ગલિક ને આધ્યાત્મિક) મેળવી શકાય. કિં બહુના?

લિ. શ્રી જ્ઞાનરવિના શિષ્ય યુવાચાર્ય મહારાજશ્રી
વિનયચંદ્રજી સ્વામીનો શિષ્ય
**મુનિબાલ કૃપાચંદ્રજી કચ્છી**

# બીજી આવૃત્તિ વિષે બે બોલ.

આજથી દોઢેક વર્ષ પહેલાં ' આગમ સારિણી ' નામક તત્ત્વ-જ્ઞાનના આ અમૂલ્ય પુસ્તકની પહેલી આવૃત્તિ કાંડાકરા નિવાસી ભાઈ ભગવાનજી હાથીભાઈ તરફથી પ્રગટ કરવામાં આવેલી; તેનો ખપી જીવોમાં તરત જ પ્રચાર થઈ જવાથી, અને ઉપરા ઉપરી આ પુસ્તકની માંગણી થતી હોવાથી, જીજ્ઞાસુ ભાઈ–બહેનોના લાભાર્થે અમે બીજી આવૃત્તિ પ્રગટ કરવા ભાગ્યશાળી થયા છીએ એ આનંદનો વિષય છે.

પ્રસ્તુત આગમસારિણી ગ્રંથમાં મોક્ષ માર્ગ સાધવાના ચાર પગથીયા ઉપર ઉપાધ્યાય મહારાજશ્રી જ્ઞાનચંદ્રજી સ્વામીએ ઘણો શ્રમ લઈને ખૂબ સુંદર વિવેચન કર્યું છે. તેમાં પ્રથમ માર્ગાનુસારીના ૩૫ બોલ, બીજામાં સમ્યક્ત્વ, ત્રીજામાં દેશવૃત્તિ અને ચોથામાં સર્વવૃત્તિ આરાધવાની વિધિ, વિધાન સહિત વર્ણવવામાં આવી છે. તેનું રહસ્ય વાચકો આ ગ્રંથ મનનપૂર્વક સાદ્યંત વાંચી જવાથી જાણી શકશે. કારણ કે આ ઉપયોગી પુસ્તકમાંનું સઘળું લખાણ મધ્યસ્થ દૃષ્ટિએ, સ્યાદ્વાદ શૈલીએ અને પક્ષપાત રહિત કેવળ ભવ્ય જીવોના શ્રેયાર્થે લખાયેલું છે.

તત્ત્વ જીજ્ઞાસુઓ આ પુસ્તકનો વધુમાં વધુ લાભ લ્યે અને આત્મકલ્યાણ કરે એ જ માત્ર ઇચ્છા.

આ સાથે ભૂલોનું શુદ્ધિપત્રક પણ મુકવામાં આવ્યું છે. જેમાં રહી જવા પામેલી ભૂલો ઘણા પરિશ્રમે સુધારવામાં આવી છે; છતાં દૃષ્ટિ દોષ કે પ્રેસ દોષને અંગે કોઈ ભૂલ રહેવા પામી હોય તો વિદ્વાન વાચક તે સુધારીને વાંચવી અને બને તો અમને સૂચના લખવી, તેમજ પ્રથમ આવૃત્તિમાં જે ભુલચૂક છે તે જેની પાસે હોય તે સુધારીને વાંચવી. કિં. બહુના !

કચ્છ, પત્રી
તા. ૨૫-૧૨-૧૯૪૦

લી. ભવદીય
શાહ લખમશી કેશવજી

# શુદ્ધિ પત્ર

| પૃષ્ઠાંક | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૫ | ઐચિત્ય | ઔચિત્ય |
| ૯ | ૧૧ | ગૌરવપણું | ઘોર પણું |
| ૪૪ | ૨ | **મણવાસી** | **ઠાણવાસી** |
| ૪૪ | ૪ | આસન્નો | ઉસન્નો |
| ૪૭ | ૬ | સાંભળે | સાંભરે |
| ૫૦ | ૯ | આજીવિકાદિના કારણે પણ ન છૂટકે કરે | આજીવિકાદિના કારણે પણ વ્રત ભાંગે તેમ ન કરવું |
| ૫૭ | ૨૧ | "ડોલીઓ" | "ઠોલીઓ" |
| ૫૮ | ૧૫ | ધંમ | ધર્મ |
| ૫૯ | ૧૭ | વિસરી જવાય | વિસરી ન જવાય |
| ૫૯ | છેલ્લી | સવથા | સર્વથા |
| ૬૩ | ૯ | આષધ | ઔષધ |
| ૬૫ | ૧૯ | મિથ્યાત્વ | મિથ્યાત્વથી |
| ૬૭ | ૧૮ | ફેરવે | ફોરવે |
| ૭૨ | ૧૮ | શુદ્ધ વસ્ત્ર | અશુદ્ધ વસ્ત્ર |
| ૭૬ | ૧૧ | પરને સુખી દેખી ખુશી થવું | પોતાથી અધીક ગુણી દેખી ખુશી થવું |
| ૭૭ | ૧૬ | ૩ | ૪ |
| ૭૮ | ૨૧ | પયાય | પર્યાય |
| ૮૪ | ૧૫ | તેમાં | તેમ |
| ૮૫ | ૨૧ | તેઓએ | તમોએ |
| ૯૧ | ૧ | મરણથી મુક્ત થાય તે નરકથી મુક્ત થાય | મરણથી મુક્ત થાય તેને નરક તિર્યંચાદિ ગતિમાં જાવું નથી. માટે લખાણ નકામું છે |

| પૃષ્ઠાંક | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૨ | ૩ | **भणांत** | **भणंति** |
| ૯૩ | ૨૦ | ઔધીક | ઔધીક |
| ૯૩ | ૨૧ | આગરી | કૌંસમાં (પાછી ન દેવી) |
| ૯૪ | ૯ | ૫. અચીલ | ૫. અચિત્ત |
| ૯૬ | ૨૨ | ૨૬ | ૩૬ |
| ૯૯ | ૧૩ | **वृत्त** | **वृत्ति** |
| ૧૦૮ | ૨૨ | સિદ્ધ કહે | મોક્ષ કહે |
| ૧૧૦ | ૧૨ | સ્યાદ્કતવ્ય | સ્યાદ્ અવક્તવ્ય |
| ૧૧૩ | ૧૭ | નવ | નવા |
| ૧૧૩ | ૨૩ | અનંતો | અનંતા |
| ૧૧૪ | ૧ | અનંતો | અનંતા |
| ૧૧૪ | ૮ | સાકાર તે જ્ઞાન અને નિરાકાર તે દર્શન | સાકાર તે દર્શન અને નિરાકાર તે જ્ઞાન |
| ૧૧૬ | ૯ | સત્તાઅ | સત્તાએ |
| ૧૧૬ | ૧૦ | બધાએલો | બંધાએલો |
| ૧૧૭ | ૯ | દ્રવ્યનિંદ્રા ભાવનિંદ્રાનો ભેદ નથી પાડયો | નિંદ્રા તે દ્રવ્યનિંદ્રા જાણવી ને ગુણઠાણા તે ભાવ-નિંદ્રા જાણવી |
| ૧૨૦ | ૧૩ | તે નાનો મોટો કેટલો= | સાતમાનો કાલ–અધું મળી એક મુહૂર્ત્ત થાય અને બાકી બધો છઠ્ઠાનો કાલ સમજવો એમ નાનો મોટો છે. |
| ૧૨૬ | ૨૩ | બંવ | બંધ |

# શ્રી આગમ સારિણી ગ્રંથના વિષયની

# અનુક્રમણિકા

પૃષ્ઠ
૧–મંગળાચરણ અને પ્રારંભ. ૧
૨–માર્ગાનુસારીના ૩૫ ગુણોનું વર્ણન, આઠ બુદ્ધિના પ્રકાર, આઠ મદો, પાંચ ઇંદ્રિયનું સ્વરૂપ, ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાયનું સ્વરૂપ. ૨
૩–વ્યવહાર સમ્યકત્વ અને નિશ્ચય સમ્યકત્વનું સ્વરૂપ, તેનાં ૬૭ ભેદોનું વિસ્તારથી વર્ણન, ગુરૂ, આચાર્ય, ગીતાર્થ અગીતાર્થનું સ્વરૂપ. ૨૩
૪–દ્રવ્યશ્રાવકના ૨૧ ગુણોનું સામાન્ય ને વિશેષથી વર્ણન. ૪૮
૫–ભાવશ્રાવકના ૬ લક્ષણનું સામાન્ય ને વિશેષથી વર્ણન ભાંગાદિ. ૫૪
૬–ભાવશ્રાવકનાં ૧૭ લિંગ., ભાવશ્રાવક એજ દ્રવ્ય સાધુનું નિરૂપણ. ૬૫
૭–ભાવસાધુના ૭ લક્ષણ, અને ૬ ગુણોનું વર્ણન. ૭૧
૮–આચાર્યના ગુણો અને આઠ સંપદાઓનું વર્ણન. ૭૮
૯–દશ પ્રકારની રૂચિનું વર્ણન. ૮૪
૧૦–સાધુની ૧૦ સમાચારીનું વર્ણન. ૮૫
૧૧–નિશ્ચય ને વ્યવહાર એટલે જ્ઞાન ને ક્રિયાનું સ્વરૂપ. ૮૭
૧૨–ચાર પ્રકારની સાધનાનું વર્ણન. ૮૯
૧૩–ઉત્સર્ગ ને અપવાદ, તથા પાંચ સુમિતિના ભાંગાનું વર્ણન. ૯૧
૧૪–સાધુની સાત મંડળી તથા આઠ વંદનાનું સ્વરૂપ. ૯૫
૧૫–અનશનની આલોયણાના ૬૩ બોલનું વર્ણન. ૯૬
૧૬–પાંચ પ્રકારના વ્યવહારનું વર્ણન. ૯૯
૧૭–સાતનયનું સામાન્ય ને વિસ્તારથી વર્ણન. ૧૦૪
૧૮–ચારનિક્ષેપાનું વર્ણન. ૧૦૯
૧૯–સપ્તભંગીનું સ્વરૂપ. ૧૧૦
૨૦–દ્રવ્યાદિ ચાર ભેદોનું સ્વરૂપ. ૧૧૧
૨૧–૭ દ્રવ્યના ગુણપર્યાયનું સ્વરૂપ. ૧૧૨
૨૨–૧૪ ગુણસ્થાનકનું સામાન્ય, વિસ્તારથી વર્ણન. કઈ નિંદ્રા ક્યા ગુણઠાણે હોય તેનું વર્ણન. ૧૧૭
૨૩–ચાર ધ્યાનનું વિસ્તારથી વર્ણન. ૧૨૪
૨૪–પાંચ આચારનું નિશ્ચય ને વ્યવહારથી વર્ણન. ૧૨૮
૨૫–કર્તાની પ્રશસ્તિ. ૧૨૯

એ પચીશ મુખ્ય વિષયો છે અને અંતરભેદો બીજા ઘણા છે તે વાંચવાથી જણાશે. ઇતિ.

સ્વ. શ્રી જ્ઞાનરવિ સ્મારક ગ્રંથશ્રેણી મણકો ૫ મો

# શ્રી આગ[illegible]ના ગ્રંથ પ્રારભ્યતે

## શ્રી મહાવીરાય નમઃ શ્રી જ્ઞાનરવિ સદ્ગુરૂભ્યોનમઃ

મંગળાચરણ:—

**अर्हंतो भगवंत इंद्र महिता सिद्धाश्चसिद्धि स्थिता,**
**आचार्या जिनशासनोन्नतिकरा पूज्या उपाध्यायका;**
**श्री सिद्धांत सुपाठका मुनिवरा रत्नत्रयाराधका,**
**पंचैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगलं ॥१॥**

## પ્રારંભ.

જગત્‌માં ધર્મ જેવી કોઇ વસ્તુ નથી. કારણ કે દરેકે દરેક કોઇ ને કોઈ રીતે પણ ધર્મને માને છે. અને ધર્મ વિના જીવાત્માને ચાલી પણ ન શકે. "અથવા ચલાવવું પણ ન જોઇએ." જેમ અન્ન, પાણી, પવન સિવાય ચાલી ન શકે તેમ ધર્મ વિના પણ ચાલી ન શકે.

દુનીઆમાં ધર્મો અનેક રહેલાં છે પણ ખરી રીતે ધર્મ તેને જ કહીએ, કે જે ઐહિક અને પારમાર્થિક સુખને આપે. તેમજ દુર્ગતિમાં પડતાં જીવાત્માને ધારણ કરી સદ્ગતિએ પહોંચાડે.

જ્યાં સુધી જીવાત્માએ પોતે જ પાત્રતા ( લાયકતા ) મેળવી નથી ત્યાં સુધી ધર્મ બીજ તેના હૃદયમાં ઉગી શકતું નથી, માટે પહેલામાં પહેલો માર્ગ એ જ છે કે—માર્ગાનુસારીના ૩૫ ગુણો પ્રાપ્ત કરવાં જોઇએ. માટે તેનું પ્રથમ

સ્વરૂપ સમજી ( અંગીકાર કરી )ને પછી અનુક્રમે પગથીએ પગથીએ ચડતાં અંતે મોક્ષ સુધી પહોંચી શકાય છે; તેથી પ્રથમ માર્ગાનુસારીના ગુણો કહ્યા પછી જીવાત્માને કેમ આગળ વધવું તેનું સ્વરૂપ કહેશું.

## હવે માર્ગાનુસારીના પાંત્રીશ ગુણોનું સ્વરૂપ

૧. ન્યાય સંપન્ન વૈભવઃ—ન્યાયથી દ્રવ્ય પેદા કરવું. સર્વ પ્રકારના વ્યાપારમાં ન્યાયપૂર્વક વર્તવું, અન્યાય કરવો નહીં.

નોકરી કરનારે ધણીના સોંપેલા કાર્યમાંથી ખાઈ જવું નહિ, લાંચ ખાવી નહિ, અને ઓછી સમજણવાલા કે અજ્ઞાન માણસને છેતરવા પ્રયત્ન કરવો નહિ. વ્યાજ વટાવના ધંધાદારે સામા ધણીને છેતરીને વધારે વ્યાજના પૈસા લેવા નહિ. વ્યાપારીઓએ માલ ભેળસેળ કરીને વેચવો નહિ. સરકારી કે રાજાની નોકરી કરનારાઓએ રાજાને વ્હાલા થવા સારૂં લોકો ઉપર જુલમ કરવો નહિ. મજુરો તથા કારીગરોએ રોજ લઈ કામ ઓછું કરવું નહિ. નાત અથવા મહાજનના આગેવાનો ( પટેલ—ચોવટીયાઓ ) એ પૈસાની લાલચે ખોટો ન્યાય આપવો નહિ. ધર્મના નામે પૈસા કઢાવી પોતાનાં કાર્યમાં વાપરવા નહિ. દ્રવ્ય લઇને કે દ્રવ્ય લીધા સિવાય કોઇ પણ ખોટી રીતે સાક્ષી પુરવી નહિ. ધર્મશાળા કે ઉપાશ્રયના કાર્યકર્ત્તાઓએ તે ખાતાનાં મકાનો તથા અન્ય વસ્તુઓનો ઉપયોગ પોતાના કાર્યમાં કરવો નહિ. અથવા તે ખાતાના માણસો પાસેથી પોતાનું ગૃહકાર્ય કરાવવું નહિ. સાધારણ ખાતાની, જ્ઞાન ખાતાની કે અન્ય પંચાતી ખાતાની કોથળી (રોકડ રકમ) પોતાના પાસે રહેતી હોય તો તે નાણાનો ઉપયોગ

પોતાનાં કાર્યોમાં કરવો નહિ. દાણચોરી કરવી નહિ. સ્ટાંપ (ખત ખાતાં)ની ચોરી કરવી નહિ. ચોરી, લુંટ કે કુંચી લાગુ કરી તાળું ઉઘાડી પારકું દ્રવ્ય કે કાંઇ પણ વસ્તુ લેવી નહિ. કોઇની પડી ગએલ વસ્તુ લેવી નહિ. કન્યાના પૈસા લેવા નહિ. કોઈનાં ક્ષેત્રમાંથી ધણીની રજા સિવાય પોંક, શાક કે ફળી વિગેરે લેવાં નહિ. ઇત્યાદિક× અન્ય પણ અનેક અન્યાયનાં કાર્યો છે તે સર્વને સમજી તેનો ત્યાગ કરી ન્યાયથી દ્રવ્ય પેદા કરવું. કારણ અન્યાયથી મેળવેલું દ્રવ્ય બહુ કાળ ટકતું નથી. કદાચિત્ પાપાનુબંધી પુણ્યના યોગથી રહે, તો પણ દ્રવ્ય દાનાદિક શુભ કાર્યમાં વપરાતું નથી પણ પ્રાયઃ તેનો દુર્વ્યય (કોરટ વિગેરેમાં) થાય છે. ન્યાયથી પેદા કરેલું દ્રવ્ય ઉભય લોકમાં હિતાવહ થાય છે.

૨. શિષ્ટાચાર પ્રશંસનં:—જ્ઞાન અને ક્રિયાવાલા ઉત્તમ પુરૂષોના સદાચરણની પ્રશંસા કરવી. શિક્ષા પામે તે શિષ્ટ પુરૂષ; એટલે સદાચારમાં રહેલા જ્ઞાનવૃદ્ધ પુરૂષોની પાસે રહી શુદ્ધ શિક્ષાને પ્રાપ્ત કરનારા મનુષ્યોનું જે આચરણ તે શિષ્ટાચાર કહેવાય. જેમકે—લોક નિંદા કરે તેવું કાર્ય કરવું નહિ, દીન દુઃખીનો ઉદ્ધાર કરવો, કરેલા ગુણને જાણવો, અને દાક્ષિણ્યપણું કરવું. સર્વત્ર નિંદાનો ત્યાગ. સજ્જન પુરૂષોની પ્રશંસા કરવી. આપત્તિમાં દીન ન થવું. સંપત્તિમાં નમ્ર થવું. મધુર ભાષી થવું. વિવાદ કરવો નહિ. એક સત્ય વચની થવું. નકામો ખર્ચ કરવો નહિ. યોગ્ય સ્થાને ખર્ચ કરવો. ધર્મ-

---

× સટો કે તેજી મંદી લગાવી પેદા કીધેલું દ્રવ્ય તથા એકહત્થુ માલ કરી માલનાં ભાવો વધારી કમાવવું. તથા દુકાળ વિગેરેમાં કે લડાઇ વિગેરેના પ્રસંગમાં કમાવવું તે દ્રવ્ય પણ અન્યાયનું ગણાય છે.

કાર્યમાં અપ્રમાદી રહેવું. સર્વસ્થાને ઔચિત્ય પાળવું. પ્રાણ કંઠગત હોય તો પણ નિંદિત કાર્યો કરવાં નહિ. ઇત્યાદિ શિષ્ટાચારની પ્રશંસાપૂર્વક તે ગુણો ગ્રહણ કરવા.

૩. સમાન કુળ, શીલવાલા અન્ય ગોત્રિય સાથે વિવાહ કરવો:—શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં* એક ગોત્રવાલા સાથે વિવાહ કરવાનો નિષેધ કરેલ છે. જો સ્ત્રી—ભરતારનો ધર્મ એક હોય તો ધર્મ સંબંધી તકરાર ઉત્પન્ન થાય નહિ અને ધર્મકાર્યમાં પરસ્પર સહાય કરે અને સમાધી રહે.

૪. પાપ ભીરૂ:—સર્વ પ્રકારનાં નિંદનીય કાર્યથી ડરવું. તેમાં દ્યૂત (જુગાર), દારૂ, માંસ, પરસ્ત્રીગમનાદિથી આ લોકમાં નિંદા અને રાજ્યદંડ થાય. પરલોકમાં નરકે જવું પડે. અને મહારંભ પરિગ્રહાદિથી પરલોકમાં દુઃખ ભોગવવું પડે; માટે તેવાં કાર્યોથી ડરવું.

૫. દેશાચાર પાલનં:—ઘણાં કાળથી રૂઢીથી (જ્ઞાતિબંધારણથી) ચાલ્યા આવતા ભોજન, વસ્ત્ર, આભૂષણાદિ પ્રસિદ્ધ દેશાચારને મૂકીને જો વર્તે તો ત્યાંના લોકો સાથે વિરોધ ઉપજે; માટે દેશાચાર પ્રમાણે વર્તવું.

૬. અવર્ણવવાદ ત્યાગ:—કોઇનો પણ અવર્ણવવાદ ન બોલવો. કારણ આત્મ પ્રશંસા અને પરનિંદા કરવાથી નીચ ગોત્રકર્મ બંધાય છે. વળી રાજા, પ્રધાન, પુરોહિત, કોટવાલ વિગેરે જે બહુ લોકમાન્ય છે તેની નિંદા કરવાથી તો આ લોકમાં પણ ધન તથા પ્રાણનો નાશ થાય છે, અને સાધુ, સાધ્વી,

* યોગશાસ્ત્રમાં વિવાહના આઠ પ્રકાર બતાવેલ છે. તેમાં ચાર ધર્મ વિવાહ અને ચાર અધર્મ વિવાહ કહેલ છે.

શ્રાવક, શ્રાવિકાની નિંદાથી ઘોર કર્મ બંધાય છે. માટે નિંદાનો સર્વથા ત્યાગ કરવો. નિંદા એ મોટું પાપ છે. નિંદક માણસ ક્યાંય પણ સુખ પામતો નથી. દેવ, ગુરૂ ને ધર્મની નિંદા કરનારા કોઇ દિવસે ઉંચે આવતા નથી અને વંશ વિચ્છેદ થાય છે. દારિદ્રપણું આવે છે વિગેરે ઘણા અવગુણ થાય છે.

૭. ઘણાં દ્વારવાલા ઘરમાં વસવું નહિ–કારણ કે જે ઘરમાં પેસવાના તથા નીકલવાના ઘણા દરવાજા હોય તો ચોર પ્રમુખને આવવાનું તથા સ્ત્રી પ્રમુખને ગેરવર્તણુંક ચલાવવાનું સુગમ થાય માટે છિંડી રાખવી નહિ. હવા અને અજવાસ એટલે તાપ પુષ્કળ આવે એવા ઘરમાં રહેવું.

૮. અશુભ સ્થાનકવાલા ઘરમાં વસવું નહિ:–જે ઘરની જમીનમાં ઉધેઈ લાગેલી હોય. જે ઘરની નીચે હાડકાં તથા મુડદાં દાટેલા હોય અગર મુડદાં બાળેલાં હોય, અથવા આસપાસમાં વેશ્યા, જુગારી, કસાઈ વિગેરે ખરાબ લોકો વસતા હોય તેવા ઘરમાં વસવું નહિં. જે ભૂમિમાં ઘણી ધ્રો–ડાભ ઉગેલ હોય, વલી શુભ વર્ણ, ગંધવાળી માટી હોય, તથા પાડોશી ધર્મિષ્ઠ હોય તેવા સ્થાનમાં વસવું. વલી અન્ય મતાવલંબીઓના પાડોશમાં વસવાથી તેમના નુકશાનકારક આચારો આપણામાં પ્રવેશ કરી જાય છે. તે પછી ઘણો શ્રમ કર્યા થકી પણ નીકળતા નથી. "વધારે વિસ્તાર વાસ્તુશાસ્ત્રથી જાણવો."

૯. અતિ ગુપ્ત સ્થાનમાં રહેવું નહિ:–એવા સ્થાનમાં રહેવાથી ગુણી પુરૂષને દાન દઈ શકાતું નથી. વળી અગ્નિ, ચોર પ્રમુખના ઉપદ્રવ વખતે બીજાની મદદ ન મળવાથી જાન, માલ બચાવવા મહામુશ્કેલ થાય છે. કારણ કે ગુપ્ત

ઘર જલદી શોધી શકાતું નથી. માટે અતિ ગુપ્ત સ્થાનમાં ન રહેવું.

૧૦. અતિ પ્રગટ સ્થાનકે ન વસવું:—અતિ જાહેર સ્થાન-ચોક વિગેરેમાં ઘર હોય તો સ્ત્રીવર્ગ મર્યાદા સાચવી શકે નહિ. વળી ત્યાં ઘોંઘાટ બહુ થતો હોવાથી સ્થિરચિત્તે કોઈ કાર્ય પણ થઈ શકતું નથી.

૧૧. સત્સંગ કરવો:—આ લોક તથા પરલોકમાં હિત-કારક પ્રવૃત્તિના કરનાર જે સંત પુરૂષો તેનો સમાગમ કરવો. કારણ તેવા પુરૂષના સમાગમથી સદાચારી થવાય છે, પણ જુગારી, વ્યભિચારી, વિશ્વાસઘાતી અને અપ્રમાણિક પુરૂષોનો સંગ કદી પણ કરવો નહિ.

૧૨. વડીલોની આજ્ઞામાં રહેવું:—માતા પિતા વિગેરે વડીલોને પ્રણામ કરવા. તેમાં પણ માત પિતાને તો ત્રણ કાળ પ્રણામ કરવા, પાદ પૂજન કરવું. પરદેશ જતી વખતે વિનયપૂર્વક તેમને નમસ્કાર કરી આજ્ઞા માંગવી. માતા-પિતા વૃદ્ધ થયા હોય તો તેને સ્નાન, ભોજનાદિ સર્વ વસ્તુની જોગવાઈ પોતે કરી આપવી, તેઓને જમાડી પોતે જમવું, માત પિતાના ઉપકારનો બદલો કોઈ રીતે પણ વાળી શકાતો નથી. મહાવીર પ્રભુ પોતે જ માતા પિતાની ભક્તિથી પ્રેરાઈને માતા પિતા જીવતા હોય ત્યાં સુધી મારે દીક્ષા લેવી નહિ એવો અભિગ્રહ લીધેલ હતો. વળી શ્રી સ્થાનાંગ સૂત્રનાં ત્રીજા સ્થાનમાં માતા પિતાનો ઉપકાર તેઓને ધર્મમાં જોડવાથી જ વળે છે એમ કહેલ છે, તેમાં પણ પિતા કરતાં માતાનો ઘણો જ ઉપકાર છે; કારણ કે માતાએ નવ માસ

સુધી ઉદરમાં ધારણ કરી ભાર વહન કરેલ છે એટલું જ નહિ પણ મળ મૂત્રાદિ મલીન વસ્તુઓનું વારંવાર પ્રક્ષાલન ઘણા પ્રેમથી કરેલ છે, માટે માતા પિતાનો ઉપકાર ભૂલી શકાય જ નહિ. કદાચ તેઓ કટુ વચન બોલે તો સહન કરવું, તેમ અયોગ્ય વર્તન આચરવા કહે તો પણ તેઓને વિનયપૂર્વક સમજાવવું પણ ક્રોધ કરવો નહિ. તેઓ ધર્મ માર્ગના અજાણ હોય તો તેઓને ધર્મમાં જોડવા. જે દુષ્ટ હોય, અકૃતપુણ્ય કે અજ્ઞાની હોય તેજ માતા પિતાને અવગણે, તેના ઉપકારને ભૂલી જાય. "કવિ દલપતરામે પોતાની બનાવેલી કવિતામાં માતા-પિતાના ગુણના વખાણ કીધા છે, તે ખ્યાલમાં રાખવાના છે."

૧૩. ઉપદ્રવવાલા સ્થાનને તજવું:—સ્વચક્ર એટલે પોતાના રાજાનો અને પરચક્ર એટલે વૈરીરાજાનો, દુષ્કાલનો તથા મરકીનો જ્યાં ભય હોય તેવા સ્થાનમાં રહેવું નહિં. કારણ ત્યાં રહેવાથી ધર્મ, અર્થ તથા શરીરનો પણ નાશ થાય છે અને આ ભવ તથા પરભવ પણ બગડે છે. કહ્યું છે કે—દુષ્ટ ધરતી—જમીન દેવતા પણ ત્યજે છે. પોતાના આત્મહિતની ખાતર ગામ, કુટુંબાદિ પણ તજવું.

૧૪. પેદાશના પ્રમાણમાં વ્યય કરવું:—પોતાની કમાણીના ચાર વિભાગ કરવા. તેમાંથી એક ભાગ ભંડારમાં રાખવો. બીજો ભાગ વ્યાપારમાં, ત્રીજો ભાગ પોતાના તથા કુટુંબના ભરણ પોષણ માટે રાખવો. અને ચોથો ભાગ ધર્મકાર્યમાં વાપરવો. જો શક્તિ હોય ને પેદાશ ઘણી હોય તો ધર્મમાં વિશેષ વાપરવો. અને પેદાશ ઓછી હોય તો છઠ્ઠો ભાગ, દશમો ભાગ અથવા શક્તિ મુજબ વાપરવો; પણ શક્તિ ઉપરાંત

વાપરવો નહિં. જો બહુ જ ઓછી શક્તિ હોય તો અને મુશ્કેલીથી ઉદરપોષણ થતું હોય તો ધર્મ કાર્યની અનુમોદના કરવી અને બીજાને ધર્મમાં પ્રેરણા કરવી. ધર્મકાર્ય કરાવવાં. પણ લોકોમાં નિંદા થાય એમ ધર્માંધ થઈ અથવા રાગાંધ થઈને પેદાશથી ખરચ વધારે કરવું નહિં.

૧૫. દ્રવ્યને અનુસારે પહેરવેશ રાખવો:—ધન થોડું હોય તો ધનવાન જેવાં વસ્ત્રાભૂષણ પહેરવાં નહિં. અને ઘણું દ્રવ્ય હોય તો કંગાલના જેવાં વસ્ત્રાભૂષણ ધારણ કરવાં નહિં. કારણ કે તેથી લોકોમાં લઘુતા, હેલના થાય છે. વળી ઉદ્ભટ વેશ પહેરવો નહિં. વયને અનુસારે તથા દેશ, કાલ, જાતિ આદિને ઉચિત વેષ ધારણ કરવો. જે માણસ દ્રવ્યવાન હોય છતાં પણ કૃપણપણાથી ઉચિત વેશ પહેરતો નથી તેની લોકોમાં હાંસી થાય છે. એટલું જ નહિં પણ તે માણસ ધર્મનો અધિકારી પણ થતો નથી. જે માણસ સાદાઈથી (લોભવૃત્તિ વિના) રહે છે તે ગણવા નહિં.

૧૬. બુદ્ધિનાં આઠ ગુણો ધારણ કરવા—

**यतः—**

**शुश्रुषा[१] श्रवणं[२] चैवं, गृहणं[३] धारणं[४] तथा ।**
**उहा[५]पोहो[६]र्थ विज्ञानं[७], तत्त्वज्ञानं[८] च धी गुणाः ॥ १ ॥**

અર્થ:—૧ શુશ્રુષા એટલે શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા. ૨. શ્રવણ એટલે શાસ્ત્ર સાંભળવું. ૩. ગૃહણ—એટલે શાસ્ત્રોના અર્થોનું ગૃહણ કરવું. ૪. ધારણા—એટલે ધારી રાખવું. ૫. ઉહ એટલે જાણેલા અર્થનું અવલંબન લઈ તેમાં તર્ક કરવો. ૬. અપોહ એટલે ઉક્તિ, યુક્તિથી વિશેષ જ્ઞાન મેળવવું. ૭.

અર્થવિજ્ઞાન એટલે ઉહાપોહથી નિસંદેહ થવું. ૮. તત્ત્વજ્ઞાન એટલે અમુક વસ્તુ આમજ છે એવો નિશ્ચય થવો. પૂર્વોક્ત બુદ્ધિના આઠ ગુણો સહિત ધર્મશાસ્ત્ર સાંભળવું.

૧૭. અજીર્ણે ભોજનં ત્યાગઃ—જ્યાં સુધી પહેલાં ખાધેલો આહાર પકવ થયો ન હોય ત્યાં સુધી બીજું કાંઈ ખાવું નહિ એટલે ભોજન કરવું નહિં. આત્રેય ઋષિએ સર્વ વૈદ્યક શાસ્ત્રોનો સાર એકજ પદમાં કહ્યો છે કે—'**जीर्णभोजन मात्रेय**' તથા '**अजीर्ण प्रभवारोगा**' અજીર્ણમાં ભોજન કરવાથી રોગોની ઉત્પત્તિ થાય છે, અજીર્ણના છ લક્ષણો છે. ૧ મળનો દુર્ગંધ. ૨ પવનનો દુર્ગંધ. ૩ વિષ્ટાનો અભેદ. ૪ ગાત્રનું ગૌરવપણું. ૫ અરૂચી થવી. ૬ અશુદ્ધ ઉડકાર એ છ અજીર્ણનાં ચિન્હો જાણવા. જીંહાની લાલચે વધારે ખાવાથી અજીર્ણ, પેટશૂળ, વિગેરે રોગો થાય છે; માટે જ શાસ્ત્રમાં કહ્યું છે કે—મિતાહારી થવું. હમેશાં સાત્વિક ભોજન લેવું. રાજસ કે તામસ આહાર લેવાથી પ્રકૃતિ બગડે છે.

૧૮. અવસરે ભોજન કરવું:—જ્યારે જઠરાગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે નિયમિત સાદું ભોજન કરવું. રોગ ઉત્પન્ન થાય તેવી વસ્તુ ખાવી નહિં, તથા પ્રકૃતિથી વિરૂદ્ધ ભોજન કરવું નહિં. નિયમિત વખત ચૂકવો નહિં.

અકાલે (રાત્રે) જમવું નહિં. બરોબર ભૂખ લાગે ત્યારે સાદું ભોજન અમૃત જેવું કાર્ય કરે છે, ને ક્ષુધા વિના અમૃત સમાન ભોજન પણ નુકશાન કરે છે. વળી ઘણો વખત થઈ જવાથી બળની હાનિ થાય છે માટે નિયમિત જમવું.

૧૯. ધર્મ અર્થ ને કામ એ ત્રણ વર્ગ પરસ્પર અવિરોધપણે સાધવા. જે પુરૂષ એ ત્રણ વર્ગ સાધી શકતો નથી તેનું જીવન પશુતુલ્ય છે. ગૃહસ્થાવસ્થામાં ધર્મના ટાઇમે ધર્મ, પૈસા પ્રાપ્ત કરવાના ટાઇમે પૈસા પેદા કરવા, અને ભોગ ઉપભોગને ટાઇમે તેમાં તત્પર રહેવું. માટે નિયમિત ટાઇમ બાંધી રાખવો. તેમાં ધર્મની પ્રાધાન્યતા છે. જો અર્થ ચૂકયા તો હરકત નહિ પણ ધર્મથી ચૂકવું નહિ. કારણ અર્થ, કામની પ્રાપ્તિ પણ ધર્મથી જ થાય છે. વળી કામથી ચૂકયા તો વાંધો નહિ પણ અર્થથી ચૂકવું નહિ. એમ ઉત્તરોત્તર વિવેક સમજવો.

અર્થ, કામને ઓળંગી કેવળ ધર્મ સેવવું તે મુનિઓને યોગ્ય છે પણ ગૃહસ્થને યોગ્ય નથી, કારણ–દ્રવ્ય સિવાય ગૃહસ્થાવાસ ચાલે નહિ. કરજ થઈ જવાથી જગતમાં નિંદા થાય ને ધર્મથી પણ ભ્રષ્ટ થાય. પહેલા બોલમાં કહ્યું છે તે પ્રમાણે દ્રવ્ય પેદા કરીને તેમાં બતાવ્યા પ્રમાણે ભાગલા પાડવા, તેથી વ્યવહારમાં ખલેલ પહોંચે નહિ. ગૃહસ્થપણામાં રહ્યા થકાં જે વ્યવહારકુશળ થતો નથી તે પશુતુલ્ય ગણાય.

૨૦. અતિથિ, સાધુ તથા દીનને દાન દેવું:–જેઓએ પર્વાદિ તિથિઓનો ત્યાગ કર્યો છે એવા મુનિઓ તે અતિથિ. અને ઉત્તમ આચારમાં રક્ત તે સાધુ. તથા જેની શક્તિ ક્ષિણ થઈ ગઈ હોય તે દીન. તેને યથોચિત દાન દેવું. તેમાં પણ મુનિ–સાધુને ભક્તિથી ગૌરવપૂર્વક સુપાત્ર બુદ્ધિએ દાન દેવું.

અભ્યાગતનો ઉચિતતાએ ભોજનાદિથી સત્કાર કરવો. દીન–અનાથને અનુકંપા બુદ્ધિથી ગર્વ રહિત દાન દેવું. કોઈ પણ ભિક્ષુ આંગણે માંગવા આવે તેને ખાલી હાથે પાછો વાળવો નહિ. પોતાની શક્તિ પ્રમાણે આપવું. પાત્રાપાત્રનો વિચાર કરી ઉચિત દાન આપવું.

૨૧. કદાગ્રહ રહિત થવું:–મધ્યસ્થ બુદ્ધિ ધારણ કરવી. ખોટી હઠ, કદાગ્રહ કરવો નહિ. હઠાગ્રહ કરવાથી માણસોમાં નિંદનિક થવાય છે એટલુંજ નહિ પણ કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી. કદાગ્રહી માણસ કોઈ વખત પણ પોતાનું કે પરનું ભલું કરી શકતો નથી. ખોટો હઠ પકડવાથી લાજને ધક્કો લાગે છે, લોકોની નિંદા સાંભળવી પડે છે, સંપ હોય ત્યાં કુસંપ થાય છે; મિત્રો દુશ્મન થાય છે, સજ્જનો ધિક્કારે છે, અનેક જાતિના દુઃખો ભોગવવાં પડે છે, બુદ્ધિ (ડાહ્યાપણું) નાશ થાય છે, કોઈ પણ માણસ તેનો સંગ કરતો નથી; માટે કદાગ્રહથી સદા દૂર રહેવું.

૨૨. ગુણ પક્ષપાત:–ગુણીજનનો પક્ષપાત કરવો; એટલે સજ્જનતા, દાક્ષિણ્ય, ઉદારતા, સ્થિરતા, પ્રિયવચનપણું ઇત્યાદિ પોતાને તથા પરને ઉપકાર કરનારા ગુણવાન પુરૂષોનું બહુમાન કરવું. તેઓને સહાયતા કરવી. ગુણવાન્ પુરૂષોનું બહુમાન વિગેરે કરવાથી આપણામાં પણ તેવાં ગુણ પ્રગટ થઇ શકે એવી ભાવનાને ખુલ્લી કરવાનો માર્ગ ખુલ્લો થઇ શકે છે, અને સંસર્ગ કરવાથી તેવા ગુણો પ્રગટ થઇ શકે છે. માટે હમેશાં ગુણો પોતાનામાં પ્રગટ કરવા ગુણી પુરૂષોનો સંગ શોધી તે પ્રમાણેના ગુણો પોતાનામાં પ્રગટાવવા.

૨૩. નિષિદ્ધ દેશકાલ પ્રવૃત્તિ ત્યાગઃ—જે દેશમાં જવાથી ધર્મનો નાશ થતો હોય તથા શાસ્ત્રકાર કે રાજા પ્રમુખે મનાઈ કરેલા દેશમાં જવું નહિ. તથા જે કાલમાં જે કાર્ય કરવાની શાસ્ત્રકારે કે રાજા પ્રમુખે મનાઇ કરી હોય તે કાળે તે કાર્ય કરવું નહિ. જેમકે—ઉનાળે ખેતી કરે તો થાય નહિ, ચોમાસામાં શીત ભોજન પચે નહિ, સમુદ્રની સફર કરવાથી દેહને હાનિ થાય. ( બધાના માટે નહિ. ) પોતાનું બળ, શક્તિ તપાસીને કામ કરવું. જેથી કોઇ જાતનું નુકશાન ન થાય. શક્તિ ઉપરાંત કામ કરવાથી નુકશાન થાય છે. જેમકે—રાજાના હુકમને ન માનવાથી જેલ, દંડ કે પ્રાણનાશ થાય છે. અને અનાર્ય દેશમાં જવાથી ધર્મભ્રષ્ટ થવા સાથે અનેક દુઃખો ભોગવવાં પડે છે.

૨૪. વ્રતસ્થ જ્ઞાન વૃદ્ધોનો પૂજકઃ—વ્રતને વિષે સ્થિરચિત્ત વાલા અને વસ્તુ તત્ત્વના જાણકાર પુરૂષોની સેવા કરવી, બોલાવવું, આદર, માન આપવું, આસન આપવું અને તેઓ દ્વારા જ્ઞાન સંપાદન કરવું. જ્ઞાન એ ત્રીજું લોચન છે. માટે કોઈ પણ પાસેથી પોતાને અનુકૂળ એવું જ્ઞાન મેળવવું. જ્ઞાનવાન્ પુરૂષ આખા લોકમાં પૂજાય છે માટે જ્ઞાની, જ્ઞાન આપનાર ને જ્ઞાન એ ત્રણેની ઉપાસના કરવાથી જ્ઞાનની અંતરાય ત્રૂટે છે. સદ્‌જ્ઞાનનો ઉદય થવાથી બુદ્ધિ સારી થાય છે. તેથી હમેશાં જ્ઞાન સંપાદન કરવું.

૨૫. પોષ્ય પોષકઃ—માતા, પિતા, સ્ત્રી, પુત્ર, પરિવાર આદિ પોષણ કરવા યોગ્ય સ્વ કુટુંબનું આહાર, વસ્ત્રાદિથી ભરણપોષણ કરવું.

૨૬. દીર્ઘદર્શી:–કાર્યારંભ કરતી વખતે ભવિષ્ય કાલના શુભાશુભ પરિણામનો વિચાર કરવો. કારણ કે, જે માણસ વિચાર્યા વિના ઉતાવળથી આંધળી દોડ કરે તે અવશ્ય સ્ખલના પામે છે. એટલું જ નહિ પણ લોકોમાં હાંસીપાત્ર બને છે. અને અંતે ઘણો પશ્ચાત્તાપ કરવો પડે છે; દુઃખો ભોગવવાં પડે છે. જે માણુસ બીજાના કહ્યા પ્રમાણે ઉલટે માર્ગે ચડી જાય છે, તેના કહેવાનો અર્થ ન સમજવાથી પોતાના માથે દુઃખ વ્હોરી લે છે, તે માણુસ મૂર્ખ કહેવાય છે. કેટલાક માણુસો બીજાને ડાહ્યા લાગે છે પણ પોતે અકાર્ય કરે છે કે વગર વિચાર્યું કામ કરે છે છતાં પણ લોકોમાં ડાહ્યાપણાનો ડોળ ઓછો ન થાય એમ વર્તે છે એવા કપટીઓનું જ્યારે પોકળ ખૂલ્લું થાય છતાં પણ જે એના સંગને તજતો નથી તે વધારે મૂર્ખ કહેવાય છે.

૨૭. વિશેષજ્ઞ:—પોતાના અને પરના કાર્યના અને અકાર્યના અંતરનો જાણુનાર અથવા વસ્તુના તથા પોતાના ગુણ દોષને જાણુનાર થવું. જે વ્યક્તિ બીજાનાં અવગુણને જુએ છે તે અંધ પોતાના દોષોને જોઇ શકતો નથી. કેટલાકો રાગાંધ હોય છે, કેટલાકો વિષયાંધ હોય છે, કેટલાકો મોહાંધ હોય છે. એવા આંધળાઓ હમેશાં કાક વૃત્તિવાળા હોય છે. એવા પુરૂષો કરતાં પણ દુષ્ટ વૃત્તિવાળા વધારે ખરાબ હોય છે. તેઓ ઉપરથી સારા દેખાય છે પણ અંતરમાં હલાહલ–વિષ જેવા હોય છે તેવા ન થવું.

૨૮ લોકવલ્લભ:–પોતાના વિનયાદિ ગુણવડે લોકને પ્રિય થવું. જે લોકપ્રિય ન હોય તે પોતાને નુકશાન કરે છે, અને તેનાં ધર્માનુષ્ઠાનની અન્યલોકો નિંદા કરે છે, તેથી બીજાને

બોધીલાભના નાશનો હેતુભૂત થાય છે, માટે લોકપ્રિય થવું; પણ અનીતિથી કે ધર્મ વિરૂદ્ધ આચરણ કરી લોકપ્રિય થવું નહિં એ તત્ત્વ છે. કેટલાકોનો સ્વભાવ અતડાપણે રહેવાનો હોય છે. તે વિના કારણે અતડા રહે છે; એવા કોઇને પણ ગમતા નથી. કેટલાકો અભિમાની હોય છે. તે એમ સમજતા હોય છે કે બધાયે મારા પાસે પોતાની મેળે આવશે, હું શા માટે નમતું આપું ? એવા પુરૂષો પણ પોતાના દુશ્મન બને છે. કેટલાકો પોતાનો સ્વાર્થ સાધવા અથવા મોટાઇ મેળવવા લોકોને વલ્લભ થવાનો પ્રયાસ કરે છે અને અજાણ લોકો તેના ડોળમાં અંજાઇ જાય છે, તેના ગુણ કીર્ત્તન ગાય છે, પણ તેથી વિશ્વાસ ન કરતા તેનાં અંતરના ગુણ દોષો જોવા સારૂ સંસર્ગમાં આવવું. પણ નિંદા ન કરવી. ખરી રીતે લોકપ્રિય તેજ થાય છે, જે હમેશાં પરોપકાર નિસ્વાર્થ બુદ્ધિથી કરે છે. માટે આવા પ્રકારના લોકવલ્લભ થવાનો પ્રયાસ કરવો.

૨૯. લજ્જાલુ:—લજ્જાવાન્ પુરૂષ પોતાનો પ્રાણ જાય તો પણ અકાર્ય કરતો નથી. તેમ પોતાની સત્ય પ્રતિજ્ઞાનો નિર્વાહ કરે છે. લજ્જા એ પાપથી બચાવે છે. લોકોને બતાવવા ખાતર લજ્જાવાન થવું તે ફોકટનું છે; કારણ કે વેશ્યા પણ ઘણી લજ્જા રાખે છે. અધર્મ—અકાર્ય કરનાર પણ લોકો પાસે લજ્જાલુ લાગે છે. દુષ્ટ લોકો પણ પોતાનું વચન પાલવા સારૂં મરી ફિટે છે. દરેક માણસને પોતાની લીધેલ પ્રતિજ્ઞા સત્ય લાગે છે પણ તે સત્ય જ હોય એમ નથી. સત્ય પ્રતિજ્ઞા એ જ કહેવાય જે આજે મારે અમૂક ધર્મનું કામ કરવું છે, સત્ય બોલવું છે, ચોરી નથી કરવી, કોઇ ઉપર ક્રોધ નથી

કરવો, કોઈને પીડા થાય એવું વર્ત્તનજ નથી કરવું. ઈત્યાદિ પ્રતિજ્ઞાઓ તેમજ વ્યવહાર શુદ્ધિની પ્રતિજ્ઞાઓ જ સત્ય ગણાય છે. પ્રતિજ્ઞાભંગ કરતાં લજ્જા આવે તેજ પાપથી બચાવે છે. માટે લજ્જાલુ થવું.

૩૦. વિનયવંત થવું:—દેવ, ગુરૂ, સુશ્રાવક, કુટુંબી, શિક્ષક, રાજા, પ્રધાન, શેઠ, શાહુકાર જે કોઇ ગુણે કરી, ધને કરી, વયે કરી, પદવીએ કરી અધિક હોય તે સર્વેનો યથોચિત વિનય કરવો.

ધન, વય અને પદવી કરતાં જેનામાં ગુણ હોય તે પછી નિર્ધન હોય, અવસ્થાએ નાનો હોય, અને કોઇ જાતની પદવી નજ હોય છતાં પણ વિનય કરવો; પણ જે દ્રવ્યના મદથી ઉન્મદ હોય, અહંકારી હોય તેવાનો વિનય કરવાથી બન્નેને નુકશાનકર્ત્તા થાય છે; માટે એવાને સમજાવવું જોઇએ. તે જો ન સમજે તો તેનો સંગ તજી દેવો જોઇએ. જેથી તેનો મદ ઉતરી જાય. પછી તેને સીધે માર્ગે દોરવાથી સામાનું અને પોતાનું ભલું થાય છે. તેવી જ રીતે વય અને પદવીવાલાના માટે પણ જાણવું. તેમાં માતાપિતા અને પોતાના કોઇપણ ઉપકારીની વાત નોખી (અલગ) છે. તેને પણ એવા પ્રકારનું ભૂત ભરાયું હોય કે ઉલટે માર્ગે જતા હોય તેને વિનયથી સમજાવવું. ન સમજે તો તેનાથી અલગ થઇ જવું. પણ અંતરનો પ્રેમ ઘટાડવો નહિ. કામ પડયે કામ આવવું. દુષ્ટવૃત્તિવાલા ધનવાન્, વયવાન્ કે પદવીવાન્ હોય તેવાની સાન ઠેકાણે લાવવા ચૂકવું નહિં; કારણકે તેથી

નુકશાન કરતા નફો વધારે છે; તે પણ શુભ અભિલાષથી, દુષ્ટ-વૃત્તિથી નહિ.

૩૧. દયાલુ:—દુ:ખી મનુષ્ય અગર પશુ વિગેરે પ્રાણિઓને દુ:ખમાંથી છોડાવવા. કારણ ધર્મનું મૂળ દયા છે. જેમ બને તેમ હિંસાનું કામ કરવું નહિ. આ દુનીયામાં કેટલાકો મનથી, વચનથી, કાયાથી, દ્રવ્યથી, સ્ત્રીથી, પુત્ર—પરિવારથી તેમજ અનેક રીતે દુ:ખી હોય છે ત્યારે એવા દુ:ખીઓને કેવી રીતે દુ:ખ-માંથી છોડાવવા? કારણ કે બધાં દુ:ખોથી છોડાવવા ચક્રવર્તી કે તીર્થંકર પણ સમર્થ નથી. ત્યારે તેમાં વિવેકની જરૂર છે. કારણ કે સમજપૂર્વક જે કાર્ય કરાય છે તેમાં પશ્ચાત્ પડ-વાનો વખત આવતો નથી. દયા કોની અને કેવી રીતે કરવી તે પણ સમજવું જોઈએ. દયા કરતા અદયા ન થાય તેનો ખ્યાલ કરવો. જેથી લોકોમાં હાંસી અને પોતાને નુકશાન ન થાય.

૩૨. સૌમ્ય:—હમેશાં શાંત આકૃતિ (પ્રકૃતિ) રાખવી. કારણ ક્રૂર માણસ લોકોને ઉદ્વેગનું કારણ થાય છે.

૩૩. છ અંતરંગ વૈરીને જીતવા:—કામ,[૧] ક્રોધ,[૨] લોભ,[૩] માન,[૪] મદ,[૫] ને હર્ષ.[૬]

૧. કામ:—એટલે સ્ત્રીસેવા, પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો. પોતાની સ્ત્રીનું પણ જેમ રોગાર્ત્ત પુરૂષ ઔષધસેવન કરે તેમ ઋતુસ્નાનને અવસરે કેવલ ચિત્તની ઉપાધિ ટાલવા નિમિત્તે સેવન કરે. ભાવના તો છોડવાની કરે, પણ શ્વાનની પેઠે નિરંતર અથવા એક રાતમાં ઘણી વખત સ્ત્રીસંગ ન

કરે. નિત્ય સ્ત્રી સેવવાથી પોતાનું તથા સ્ત્રીનું શરીર દુર્બલ થાય છે. વલી એવી કુટેવના લીધે સ્ત્રીના વિરહમાં પરસ્ત્રી-સેવનની ઇચ્છા થાય છે. દુનીયામાં પ્રાયઃ લઘુતા થાય છે. રાજા દંડ આપે છે, અને પરભવમાં નરકે જવું પડે છે; માટે જેમ બને તેમ મનને કાબુમાં રાખી કામ જીતવો.

૨. ક્રોધ—કોઈ ઉપર પણ ગુસ્સો કરવો નહિં. સર્વ પ્રાણી ઉપર સમભાવ ધારણ કરવો. ક્રોધ કરવાથી દેશે ઉણી ક્રોડપૂર્વ સુધી પાળેલા સંયમનું ફળ જાય છે, અને દુર્ગતિમાં જવું પડે છે. હળાહળ વિષ ખાધું હોય તો એકવાર મૃત્યુ થાય છે પણ ક્રોધરૂપ હળાહળ ઝેરથી અનંત જન્મ મરણો પ્રાપ્ત થાય છે; માટે ક્ષમાગુણ ધારણ કરી ક્રોધ જીતવો.

૩. લોભ—લોભી મનુષ્યનું ચિત્ત નિરંતર ચિંતાગ્રસ્ત રહે છે. તેને બીલકુલ શાંતિ હોતી નથી. લોભવશ પ્રાણી ન કરવા યોગ્ય કૃત્યો કરે છે. લોભ એ પાપનો બાપ અને સર્વ વિનાશનું મૂળ છે. લોભી મનુષ્યની આ લોકમાં હેલના થાય છે, અને પરલોકમાં ઘણાં દુઃખો ભોગવવાં પડે છે, માટે જે અવસરે જેટલું મળે તેટલામાં સંતોષ રાખવો. નીતિથી ઉદ્યમ કરવો. કારણ લક્ષ્મી પૂર્વોપાર્જીત પુણ્યને અનુસારે મળે છે, એમ વિચારી પુણ્યકાર્ય કરવાં અને સંતોષવૃત્તિ વડે લોભને જીતવો.

૪. માન—અભિમાની પુરૂષની જગતમાં લઘુતા થાય છે. ગુરૂનો અને વડીલોનો વિનય પણ કરતો નથી. વિદ્યાકળા આવડતી નથી. મનુષ્ય ભવ પામ્યા છતાં ધર્મ સાધી શકતો નથી; માટે વિનય ગુણ ધારણ કરી માન જીતવો.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યાયમાં વિનય સર્વ ગુણનું મૂળ છે એમ કહ્યું છે.

૫. મદ–મદ આઠ પ્રકારના છે. ૧. જાતિમદ. ૨. કુલમદ– ૩. બલમદ. ૪. રૂપમદ. ૫ ઐશ્વર્યમદ (ઋદ્ધિમદ) ૬. લાભમદ. ૭. તપમદ. ૮. શ્રુતમદ.

૧. જાતિનો મદ કરવાથી હરિકેશી મુનિની જેમ નીચ જાતિમાં ઉત્પન્ન થાય.

૨. કુલનો મદ કરવાથી વીરપ્રભુનો જીવ–મારિચીની જેમ નીચ ગોત્ર બાંધે.

૩. બલનો મદ કરવાથી નિર્બલ થાય છે અને શ્રેણિક રાજાની પેઠે નરકમાં જવું પડે છે.

૪. રૂપમદ કરવાથી સનત્કુમાર ચક્રિની જેમ તત્ક્ષણ રૂપનો નાશ થાય છે. શરીર રોગાક્રાંત થાય છે.

૫. ઐશ્વર્ય કે ધનનો મદ કરવાથી પર ભવમાં તેની હાની થાય છે અને દશાર્ણભદ્રના જેમ ઇંદ્રની ઋદ્ધિ દેખી ગ્લાની ઉત્પન્ન થાય છે (તેણે તો સંયમ લઇને માન રાખ્યો).

૬. લાભમદ કરવાથી લાભાંતરાય કર્મ બંધાય છે અને સુભૂમ ચક્રિની જેમ સર્વ નાશ થાય છે.

૭. તપ મદ કરવાથી કૂરગડુક મુનિની જેમ તપશ્ચર્યાનો અંતરાય થાય છે. કૂરગડુ મુનિએ પૂર્વ ભવમાં તપ મદ કર્યો હતો જેથી પોરસી પચ્ચક્ખાણ પણ કરી શકતા ન હતા.

૮. શ્રુત–જ્ઞાનનો મદ કરવાથી સ્થૂલિભદ્ર મુનિની જેમ નવિન શ્રુતના લાભની હાની થાય છે. વલી વિદ્યાનો અભિમાની પુરૂષ પોતાથી અધિક ગુણી પુરૂષનું બહુમાન કરી

શકતો નથી. તેમ પ્રશ્નાદિ પુછીને સંદેહનું નિરાકરણ કરી શકતો નથી. નવીન જ્ઞાન મેળવી શકતો નથી, અને પ્રાપ્ત કરેલાં જ્ઞાનને પણ આખર ગુમાવે છે માટે વિવેકી પુરૂષોએ વિદ્યામદ કરવો નહિં, નમ્ર થવું. એ આઠ મદ પૂર્ણ થયા.

૬. હર્ષ–કોઈપણ કાર્યમાં અત્યંત હર્ષ ધારણ કરવો નહિં. હર્ષ કરવાથી ગર્વ આવતાં વાર લાગતી નથી. આ સંસારમાં સર્વ વસ્તુ ક્ષણિક છે. આ શરીર આજે નિરોગી દેખાય છે અને આવતી કાલે વ્યાધિગ્રસ્ત થઇ જાય છે. લક્ષ્મી ચપળ છે. આજે જે ઘરમાં લક્ષ્મીનો વાસો છે તે ઘરમાં બીજે દિવસે ભૂતોનો વાસ થાય છે. માટે અસ્થિર વસ્તુઓમાં આનંદિત થવું નહિ.

કદાચ પૂર્વકૃત પુણ્યના ઉદયથી લક્ષ્મી પ્રાપ્ત થઈ હોય તો તેનો સદુપયોગ કરવો. પણ અત્યંત હર્ષિત થવું નહિ; એમ વસ્તુના સ્વરૂપનું ચિંતવન કરી હર્ષનો જય કરવો. (એ ૩૩ મા બોલમાં ષટ્ રિપુ જીતવા કહ્યા છે.)

૮. હવે ૩૪ મો–કૃતજ્ઞતા:–પોતાને કોઈએ કાંઈ પણ ઉપકાર કરેલો હોય તો તેના ગુણને કદી પણ ભૂલવો નહિં અને સમય આવ્યે તેના ઉપકારનો બદલો વાળવો.

૩૫. ઇંદ્રિયોને વશ રાખવી:–ઇંદ્રિયોને મોકળી રાખવાથી આ લોકમાં પણ બહુ નુકશાન થાય છે. ઈંદ્રિયો પાંચ, તેનાં ૨૩ વિષયો જીતવાં.

૧. સ્પર્શેનેંદ્રિયના સુખની ઇચ્છાથી હાથી બંધનમાં પડે છે.

૨. રસનેંદ્રિયની લોલુપતાથી માછલાંઓનો નાશ થાય છે.

૩. ઘ્રાણેંદ્રિયના વશથી ભમરાઓ કમળ ઉપર બેસે છે

અને સૂર્યાસ્ત થયે કમળ બીડાઈ જવાથી તેઓ અંદર ગોંધાઈ રહે છે અને દુઃખી થાય છે.

૪. ચક્ષુરિંદ્રિયના વિષયથી પતંગીઆઓ દીપ શિખામાં મોહિત થઇ ભસ્મીભૂત થાય છે.

૫. શ્રોતેંદ્રિયના અભિલાષથી મૃગલાંઓ પારધીઓના પાશમાં સપડાય છે. એમ એક–એક ઈંદ્રિયના વિષયમાં લુબ્ધ થવાથી પ્રાણ ગુમાવે છે; ત્યારે પાંચે ઈંદ્રિયોમાં લુબ્ધ થનાર પ્રાણીને જે દુઃખ ભોગવવાં પડે તેનું વર્ણન તો જ્ઞાની મહારાજ જ કરી શકે. માટે યથાશક્તિ ઈંદ્રિયો ઉપર કાબુ મેળવવો. ઉપરોક્ત માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો જે પુરૂષમાં હોય તે પુરૂષ ધર્મને યોગ્ય જાણવો. અને તે પુરૂષને ભક્ષાભક્ષનો વિચાર હોય છે. તે કદી પણ અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરતો નથી, અભક્ષ્ય ૨૨ છે.

## અભક્ષ્યનું સ્વરૂપ

૧. ઉંબરના ફલ. ૨ વડનાં ફલ. (ટેટાં) ૩ કઠુંબરના ફલ. ૪ પીપળાનાં ફલ. ૫ પીપળીનાં ફલ. એ પાંચ પંચુંબરમાં અસંખ્યાતા ત્રસ જીવો હોય છે; માટે ત્યાજ્ય છે. ૬ મદ્ય. ૭ માંસ. ૮ મધ. ૯ માખણ એ ચાર મહા વિગય કહેવાય છે. એમાં સમયે સમયે અસંખ્યાતા ત્રસ જીવોની ઉત્પત્તિ અને નાશ થાય છે. ૧૦ હિંમ તે બરફ. ૧૧ સર્વ જાતિના વિષ, અફીણ પ્રમુખ. ૧૨ કરા તે વરસાદનો કાચો ગર્ભ પડે છે તે, ૧૩ માટી–મમણ માટી જે ખાવાથી પાંડુ પ્રમુખ રોગની ઉત્પત્તિ થાય છે અને અસંખ્ય જીવોની હાનિ થાય

છે. ૧૪ રાત્રિ ભોજન—મહા દોષનું કારણ છે. વલી અંધારામાં ખાવું તથા સાંકડા મુખવાલા પદાર્થમાંથી નિરીક્ષણ કર્યા સિવાય ખાવું તે પણ દોષવાળું છે. ૧૫ બહુ બીજવાળાં ફલ—જેમાં પડદો ન હોય તે. ૧૬ અનંત કાય—જેના ૩૨ ભેદ છે તે આગળ કહેવાશે. ૧૭ સંધાનક—બોડાનું ઘણા કાળનું અથાણું. ૧૮ ગોલવડાં—કઠોરમાં કાચું ગોરસ—દુધ, દહીં કે છાશ ભલવાથી તુરત જીવો ઉપજે છે. ૧૯ વેંગણુ—રીંગણાં—તેની ટોપીમાં ત્રસ જીવો છે. વળી કામોત્તેજક ને બહુ બીજ છે. ૨૦ અજાણ્યા ફલ—જે ફલ કે ફૂલનું નામ નીશાન જાણુતા ન હોઇએ તે ન ખાવા. કારણુ કે કદાચ કિંપાક ફલની માફક દેખાવમાં રૂડાં હોય પણ પ્રાણુઘાતક થાય છે. ૨૧ તુચ્છ ફલ—જેમાં ખાવું થોડું અને નાંખવું ઘણું હોય તેવાં ફલો જેવાં કે—જાંબુ, બોર, કરમદા વિગેરે. ૨૨ ચલીત રસ—જે વસ્તુના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, બદલી ગયા હોય તે. જેમ રાંધેલું કઠોળ પ્રમુખ ચાર પહોર ઉપરાંત ચલીત રસ છે. દહીં વિગેરે સોળ પહોર ઉપરાંત ચલીત રસ છે.એમ સ્વયં સમજી ત્યાગ કરવો.

## ૩૨. અનંતકાયના નામો—

૧ સર્વ જાતિના કંદ. ૨ સૂરણ કંદ. ૩ વજ્ર કંદ. ૪ લીલું આદુ. ૫ લીલી હળદર. ૬ લીલો કચૂબરો. ૭ સતાવળી ૮ વિદારી કંદ. ૯ કુમળી ફળી. ૧૦ કોમળ આંબલી જ્યાં સુધી અંદર ઠલીઓ ન બંધાણો હોય. ૧૧ આલુ, બટાટા. ૧૨ પિંડાલું. ૧૩ થેગ. ૧૪ થુહર. ૧૫ લસણ. ૧૬ ગાજર ૧૭ મૂળા, ૧૮ ગળો, ૧૯ ગરણી, ૨૦ ટાંકો,૨૧ વત્થુલો,

૨૨ પલ્યંક, એ શાકની જાતિ છે. ૨૩ બોલ, ૨૪ બિલિ, ૨૫ લીલીમોથ, ૨૬ વંશ કારેલાં, ૨૭ કાચાં કુંપલ, ૨૮ ઉગતા અંકુરા, ૨૯ લવણુ વૃક્ષની છાલ, ૩૦ પદ્મની કંદ ૩૧ અમૃતવેલ, ૩૨ કુંઆર, એ ૩૨ અભક્ષ્ય છે. અન્ય દર્શનીઓ અનંત જીવોની ઉત્પત્તિ સમજી શકતા નથી પણુ શ્રાવક કુળમાં ઉત્પન્ન થયેલાઓએ તો અવશ્ય તેમો ત્યાગ કરવો જોઈએ. કારણુ અભક્ષ્ય, અનંતકાય ખાવામાં મહાપાપ છે. વળી સમજુ લોકોએ પેય, અપેયનો વિચાર કરવો જોઈએ. મદિરા પ્રમુખ અપેય પદાર્થનો બહુ વિચાર કરવો જોઈએ. હમણાં વિલાયતિ દવાઓમાં દારૂ વિગેરે અપેય તથા અભક્ષ્ય કૉડલીવર ઑઈલ જેવાં પદાર્થની બહુ મેલવણી આવે છે માટે તે ન વાપરતાં દેશી ઔષધો વાપરવાં, તથા જંતુની રસી વિગેરેથી ઉત્પન્ન થયેલા ઇન્જેકશનો લેવરાવતા પહેલાં વિચાર કરવો જોઇએ. કારણુકે અશાશ્વત દેહને માટે શાશ્વત ધર્મને હારી જવો તે મહા અનર્થનું કારણુ છે. વલી ગમ્ય, અગમ્યનો પણુ વિચાર કરવો જોઇએ. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થએલી પંચની સાક્ષીએ પરણેલી તે ગમ્ય અને અવિવાહિત, પરસ્ત્રી તથા હીન કુલમાં ઉત્પન્ન થએલી તે અગમ્ય જાણી તેનો ત્યાગ કરવો જોઈએ. વલી અન્ય પણુ પાણી ગળીને પીવું, જીવદયા માટે ચંદરવા બાંધવા તથા આશાતનાનો ત્યાગ કરવો, વિગેરે ખાસ શ્રાવકોના આચારનું પાલન કરવું, તેથી વિશેષ ગુણોની પ્રાપ્તિ થાય છે. આવા સામાન્ય ગુણવાળો મનુષ્ય સમ્યકત્વને પ્રાપ્ત કરે છે, તેના બે ભેદ છે. એક વ્યવહાર સમ્યક્ત્વ, બીજો નિશ્ચય સમ્યક્ત્વ.

## સામાન્ય રીતે વ્યવહાર સમકિત કહે છે.

અઢાર દોષ રહિત અને બાર ગુણે કરી યુક્ત તે દેવ; પંચ મહાવ્રતધારી સાધુ તે ગુરૂ; તથા કેવલી ભાષિત ધર્મ, દયામૂલ તે ધર્મ. એ ત્રણ તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત.

## હવે નિશ્ચય સમકિતનું સ્વરૂપ કહે છે.

દર્શન મોહનીય કર્મના ક્ષયથી, ઉપશમથી કે ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ તત્ત્વાર્થ શ્રદ્ધાન રૂપ આત્મગુણ તેની પ્રાપ્તિનો ક્રમ કહે છે. પ્રથમ અનાદિ મિથ્યાત્વિ જીવ યથાપ્રવૃત્તિ કરણ વડે એક આયુ વર્જીને શેષ સાત કર્મોની સ્થિતિ એક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક કોડાકોડી સાગરોપમની કરે. પછી અપૂર્વ કરણ વડે પૂર્વે કદી નહિ ભેદાએલી કર્કશ, નીવડ રાગદ્વેષની ગ્રંથી (ગાંઠ) ભેદે. પછી અનિવૃત્તિકરણ વડે મિથ્યાત્વની સ્થિતિના બે વિભાગ કરી વચમાં અંતર કરણ કરે; તેમાં પહેલા સ્થિતિ અંતર્મુહુર્તની અને બીજી અંતર્મુહુર્ત ન્યૂન, શેષ સ્થિતિ, પછી પેલી સ્થિતિને ભોગવીને ખપાવે અને બીજી સ્થિતિને ઉપશમાવે. તે પ્રથમ સ્થિતિના સમગ્ર દલીયા ખપી ગયા પછી અંતરકરણમાં પ્રવેશ કરે ત્યાં અંતરકરણને પહેલે સમયે ઉપસમ સમકિત પામે. પછી ઉપશમ સમકિતના બળે બીજી સ્થિતિના ત્રણ વિભાગરૂપ ત્રણ પૂંજ કરે. તેમાં એક શુદ્ધ પૂંજ તે સમકિત. ૨– અર્ધ વિશુદ્ધપૂંજ તે મિશ્ર મોહની. ૩–અશુદ્ધપૂંજ તે મિથ્યાત્વ મોહની. પછી અંતર્મુહુર્ત બાદ અવશ્ય ઉપશમ સમકિત પામે. અર્દ્ધ વિશુદ્ધ પૂંજનો ઉદય થાય તો મિશ્રદૃષ્ટિ

થાય, અને અશુદ્ધ પૂંજનો ઉદય થાય તો મિથ્યાત્વે જાય. ઉપશમ સમકિત વાલાને અનંતાનુબંધીની ચોકડી તથા દર્શન મોહનીય ત્રણ એ સાતેનો ઉપશમ હોય છે. તેમાં વિપાકોદય કે પ્રદેશોદયે પણ કર્મનું વેદન હોતું નથી. ક્ષયોપશમવાલાને જે દલીઆ ઉદયમાં આવ્યા તેનો ક્ષય અને ઉદયમાં નહિ આવ્યા તેનો ઉપશમ હોય છે. વલી તેને વિપાકોદયથી સમકિત મોહનીયના દલીયાનો ઉદય હોય છે, અને પ્રદેશોદયથી મિથ્યાત્વના દલીયાનો ઉદય હોય છે, એ ઉપશમ ને ક્ષયોપશમનો તફાવત છે. ક્ષાયક વાલાને સાતે પ્રકૃતિનો સર્વથા નાશ હોય છે. સમકિત પ્રાપ્ત થયા પૂર્વે જો આયુષ્યનો બંધ ન પડયો હોય અને જો સમકિત વમી ન જાય તો તે વૈમાનીક સિવાય બીજી ગતિમાં ન જાય. સમકિતી જીવ જો વધુમાં વધુ સંસારમાં રહે તો પણ અર્દ્ધા પુદ્ગલ પરાવર્તનની અંદર મોક્ષે જાય.

## તે સમ્યક્ત્વના ૬૭ ભેદોના નામોઃ—

૪. સદ્દહણા (શ્રદ્ધા) ૩. લિંગ. ૧૦ વિનય. ૩. શુદ્ધિ. ૫. દૂષણ. ૮. પ્રભાવિક, ૫ લક્ષણ, ૬. જયણા. ૬. આગાર. ૬. ભાવના. અને ૬. સ્થાનક એ ૬૭ ભેદ થયા.

## હવે વ્યવહાર સમ્યક્ત્વના સ્વરૂપને વિસ્તારથી કહે છેઃ તેમાં પ્રથમ ચાર સદ્દહણા કહે છેઃ-

૧. પરમાર્થ સંસ્તવ—જીવ અજીવાદિ નવ તત્ત્વોનું સ્વરૂપ જે સિદ્ધાંતમાં કહ્યું છે તેનું બરાબર સત્પદ પ્રરૂપણાદિ પ્રકારનું નિરંતર ચિત્તમાં ચિંતવન કરવું. તેનું બીજું નામ પરમરહસ્ય પરિચય છે. ૨ ગીતાર્થ પર્યુપાસ્તિ—સૂત્ર અને અર્થના જાણ

તથા સત્તર પ્રકારના સંયમના પાલનાર, અને યથાર્થ માર્ગના પ્રરૂપક મુનિની સેવા કરવી તે ગીતાર્થપર્યુપાસ્તિ. ૩. વ્યાપન્ન દર્શની ત્યાગઃ—જેઓ, કદાગ્રહથી પોતાની મતિ કલ્પના વડે શ્રી વિતરાગ માર્ગથી વિપરીત પ્રરૂપણા કરી પ્રાપ્ત કરેલાં સમકિત રત્નને વમી ગએલા છે એવા નિન્હવ, પાસત્થા, કુશીલીયા વિગેરેના સંગનો ત્યાગ કરવો. જો તેના સંગનો ત્યાગ ન કરે તો સમકિતની હાની થાય.

૪. કુદર્શની સંગ ત્યાગઃ—શાકયાદિ મિથ્યાત્વિઓના સંગનો ત્યાગ કરવો. કેમકે તેઓ એકાંત નયનો આશ્રય કરનારા હોય છે. કહ્યું છે કેઃ—

**जावइआ वयणपहा, तावइआ चेव हुंति नय वाया;**
**जावइआ नयवाया, तावइअं चेव मिच्छत्तं ॥ १ ॥**

જેટલા વચનના માર્ગ છે તેટલા નયના વાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા મિથ્યાત્વના પ્રકાર છે. તે સમજીને મિથ્યાત્વિઓનો સંગ ન કરવો, કારણ કે સંગ કરવાથી જેમ મિષ્ટ નદીનું પાણી ખારા સમુદ્રમાં મળવાથી લુણ—ખારાપણાને પામે છે તેમ તેમ ખરાબ ફલ મળે છે. એ ચાર પ્રકારની શ્રદ્ધા કહી.

## હવે ત્રણ લિંગ કહે છે.

૧. શુષુશ્રા—શ્રી જિનેશ્વરનાં વાકય (સિદ્ધાંત) સાંભળવાની ઇચ્છા. કારણ જિન વચન શ્રવણથી જ્ઞાનાદિ ગુણની પ્રાપ્તિ થાય છે. જેમ કોઈ તરૂણ સુખી પુરૂષ પોતાની સુગુણ સ્ત્રીથી પરિવરેલો હોય. વલી પોતે સંગીતનો જાણ હોય, અને તે કિન્નરના ગીતને જે રૂચીથી સાંભળે તેવી રીતે શાસ્ત્ર સાંભ-

ળવાની ઈચ્છા રાખવી, કારણ કે—સાંભળવાથી જ્ઞાન થાય. જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પચ્ચકખાણ. પચ્ચકખાણથી સંયમ, સંયમથી તપ, તપથી અક્રિયપણું અને અક્રિયપણાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. વલી શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે કે—

**क्षारांभ स्त्यागतो यद्व, न्मधुरोदक योगतः**
**बीजं प्ररोहमादत्ते, तद्वत्तत्त्वश्रुतेर्नरः ॥ १ ॥**

જેમ ખારા જલના ત્યાગથી અને મીઠા જળના સંયોગથી બીજ અંકુરાને પામે છે તેમ તત્ત્વશ્રવણથી મનુષ્ય તત્ત્વજ્ઞાનને પામે છે.

૨. ધર્મરાગઃ—જેમ કોઈ બ્રાહ્મણ ભૂખ્યો હોય, વળી અટવી ઉતરી આવ્યો હોય અને તેને ઘેવરનું ભોજન મળે તો તેના ઉપર જેવો પ્રેમ હોય તેથી અત્યંત પ્રેમ યતિધર્મ તથા શ્રાવક ધર્મ ઉપર રાખવો. પહેલા લિંગમાં શ્રુત ધર્મ ઉપર રાગ અને બીજા લિંગમાં ચારિત્ર ધર્મ ઉપર રાગ એટલો એ બન્નેમાં તફાવત છે.

૩. દેવ ગુરૂનો વૈયાવૃત્ત્ય કરવોઃ—વિદ્યાસાધક પુરૂષ જેમ પોતાની વિદ્યા સાધવામાં જરાપણ પ્રમાદ ન કરે તેમ દેવ તથા ગુરૂનો વૈયાવૃત્ત્ય અત્યંત હર્ષથી વસુદેવના જીવ નંદીષેણ મુનિની પેઠે કરે. એ ત્રણ લિંગ કહ્યા.

## દશ પ્રકારનાં વિનય કહે છે.

૧. અરિહંત—તે વિચરતા જિનેશ્વર જઘન્યથી ૨૦ અને ઉત્કૃષ્ટા ૧૭૦ હોય. તેઓનો વિનય કરવો.

૨. સિદ્ધ—જેઓ સકલ કર્મોનો નાશ કરી કૃતકૃત્ય થયા છે તે.

૩. ચૈત્ય—તે શાશ્વત અશાશ્વત જિનબિંબો.

૪. શ્રુત–દ્વાદશાંગીસૂત્રો વિગેરે વિદ્યમાન હોય તે.

૫. ધર્મ–ક્ષમાદિ દશ પ્રકારનો, સત્તર પ્રકારનો, તેમ ઘણા પ્રકારનો છે.

૬. સાધુ–તે ક્ષમાદિ ગુણના આરાધક મુનિઓ.

૭. આચાર્ય–ગચ્છાધિપતિ પંચાચાર પાલે. છત્રીશ ગુણ-ધારક હોય તે.

૮. ઉપાધ્યાય–મુનિઓને સૂત્રના ભણાવનારા.

૯. પ્રવચન–ચતુર્વિધ સંઘ.

૧૦. દર્શન–તે જિનશાસન અથવા સમ્યકત્વ એ દશનો.

૧. ભક્તિ તે બાહ્ય વિનય. ૨. બહુમાન તે અંતરંગ પ્રેમ. ૩. ગુણસ્તુતિ. ૪. અવર્ણવવાદ–ત્યાગ. ૫. આશાતના–પરિત્યાગ. એ પાંચ પ્રકારે વિનય કરવો. ( એ દશનો વિનય કરીએ. )

## ત્રણ શુદ્ધિ કહે છે.

૧. મનશુદ્ધિ–તે શ્રી જિનેશ્વર રાગદ્વેષ રહિત હોવાથી આરાધ્ય છે. અને તેઓએ કથન કરેલું શાસ્ત્ર તે સત્ય છે. તે સિવાય લૌકિક અસર્વજ્ઞ કથિત શાસ્ત્ર તે સર્વ અસત્ય છે, અને સરાગી દેવ અપૂજ્ય છે. એવી દ્રઢ માનસિક વિચારણા તે મનશુદ્ધિ.

૨. વચન શુદ્ધિ–પ્રાણાંતે પણ વિતરાગ વચનથી અન્ય પ્રરૂપણા ન કરે. ધનપાલ પંડિતના જેમ સત્ય જ કહે. શ્રી જિનેશ્વરની ભક્તિ કર્યાથી જ સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

બીજા દેવ તો બીચારા પોતે કર્મવશ છે તે બીજાનું ભલું શું કરવાના હતા ? એમ પ્રગટ કહે તે વાક્ય શુદ્ધિ.

૩. કાય શુદ્ધિ—કોઈ દુષ્ટ દેવાદિ આવી ખડ્ગાદિથી છેદન કરે કિંવા અન્ય પ્રકારથી તેના દેહમાં વેદના ઉત્પન્ન કરે તો પણ શ્રી જિનેશ્વર સિવાય અન્ય દેવને નમસ્કાર ન કરે, એવી દૃઢતા રાખે તે કાય શુદ્ધિ કહેવાય. એ ત્રણ શુદ્ધિ કહી.

## પાંચ દૂષણ ટાલવા તે કહે છેઃ-

૧. શંકા. ૨. કંખા. ૩. વિતિગિચ્છા. ૪. પર પાખંડી પ્રશંસા. ૫. પરપાખંડી સંથવોવા. (પરિચય)

૧. શંકા—તે જિનેશ્વર કથિત પદાર્થમાં કેટલીક બાબતની શ્રદ્ધા છતાં પણ અમુક એક બે ઠેકાણે શંકા—તે દેશ શંકા.

૨. તથા આ આગમો જિનેશ્વર કથિત છે કે નહિં ? જિનેશ્વરો સર્વજ્ઞ હતા કે નહિં ? તે કોણ જોવા ગયો હતો ? ઈત્યાદિ તદ્દન નાસ્તિક—તે સર્વ શંકા. આ બન્ને પ્રકારની શંકા જિનવચનમાં ન કરવી. કદાચિત મતિની મંદતાથી, તથાવિધ આચાર્યના અભાવથી, જ્ઞેયનું ગ્રહણ યથાર્થ ન થવાથી, અને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી હેતુ, ઉદાહરણનો સંભવ છતાં પણ કદાચ સૂત્રનું વાક્ય બરાબર સમજવામાં ન આવે તો મતિમાન્ પુરૂષે એમ વિચારવું કે—મારી બુદ્ધિની કચાશ છે. કેટલાએક પદાર્થો તો માત્ર આગમગમ્ય છે.

૨. કંખાઃ—અન્ય દર્શનની અભિલાષા તે બૌદ્ધાદિ એક દર્શનની અભિલાષા તે દેશ આકાંક્ષા—તે દેશથી આકાંક્ષા.

અને સર્વ પાખંડ ધર્મોની અભિલાષા તે સર્વાકાંક્ષા. આ

બન્ને પ્રકારની આકાંક્ષા રાખવી નહિ. કારણ–કલ્પવૃક્ષ સમાન જૈનધર્મ પામીને કોણ બાઉલ–બાવળને ચાહે?

૩. વિતિગિચ્છા–તે ધર્મનાં ફલનો સંદેહ રાખવો. જેમ હું સામાયિક કરૂં છું તથા ઉપવાસાદિ તપશ્ચર્યા કરૂં છું તેનું ફલ મને મળશે કે નહિં? અથવા મુનિનું મળથી મલીન શરીર જોઇ તેની જુગુપ્સા કરવી કે મુનિઓ પ્રાસુક જળથી સ્નાન કરે તો એમાં શો દોષ છે? એમ બન્ને પ્રકારે વિચિકિત્સા ન કરવી.

૪. મિથ્યાત્વિની પ્રશંસા–તેમાં બધાએ દર્શનોની પ્રશંસા કરવી તે સર્વ પ્રશંસા, અને અમુક દર્શન સારૂં છે એમ કહેવું તે દેશ પ્રશંસા તે ન કરવી. તેમની પ્રશંસા કરવાથી અન્ય લોકો મિથ્યા માર્ગ તરફ ઢળી જાય અને મિથ્યાત્વની વૃદ્ધિ થાય.

૫. મિથ્યાદ્રષ્ટિ સંસ્તવ–મિથ્યાત્વીઓ સાથે પરિચય કરવાથી, તેનો આચાર જોવાથી તથા તેની વાતો સાંભળવાથી વસ્તુ તત્ત્વને નહિં જાણનારને સમકિતથી ભ્રષ્ટ થવાનો સંભવ રહે છે, માટે તેનો પરિચય કરવો નહિં. (વસ્તુ તત્ત્વના જાણ–પરિપકવને તો મિથ્યાત્વિના પરિચયથી પણ સમકિતની હાની થતી નથી, પણ તેનું અનુકરણ બીજા કરે માટે તત્ત્વજ્ઞે પણ પ્રાયઃ પરિચય ન કરવો.) એ પાંચ દૂષણ તજવાથી સમકિત નિર્મળ રહે છે.

## આઠ પ્રભાવિકો કહે છેઃ–

૧. પ્રાવચનિક–જે કાલમાં જેટલાં સિદ્ધાંતો વિદ્યમાન હોય તે સર્વના અર્થના જે પારંગ હોય તે દેવર્દ્ધિ ગણિ

ક્ષમા શ્રમણુની જેમ પ્રાવચનિક કહેવાય. કારણુ આગમના આધારથી જ શાસન રહે છે. તે ચતુર્વિધ સંઘ–તીર્થને શુભ માર્ગે પ્રવર્ત્તાવે માટે તેને પ્રભાવિક કહીએ.

૨. ધર્મકથક–નંદીષેણુ મુનિની જેમ પોતાની વચન લબ્ધિ વડે લોકોને ઉપદેશ આપી સંદેહનું નિરાકરણુ કરીને ધર્મમાર્ગમાં જોડે તે.

૩. વાદી–મલ્લવાદીની પેઠે જે તર્ક ગ્રંથના અભ્યાસથી તથા સિદ્ધાંતના બળથી રાજ્યસભામાં અન્ય દર્શનીઓ સાથે વાદ કરીને જયપતાકા મેળવી જિનધર્મની પ્રભાવના કરે તે.

૪. નૈમિત્તિક–જે મુનિ ભદ્રબાહુ સ્વામીની પેઠે અષ્ટાંગ નિમિત્તના બળથી રાજ્યસભામાં પરમતને જીતવા તથા જિનશાસનની શોભા વધારવા નિમિત્ત પ્રકાશ કરે તે પ્રભાવિક કહેવાય.

૫. તપસ્વી–કનકાવલી, રત્નાવળી વિગેરે અનેક પ્રકારની તપશ્ચર્યા ક્ષમાસહિત જે મુનિ કરે તે મુનિ ઘણાંને ધર્મમાર્ગમાં જોડે. લોકો પણુ તપસ્વીની પ્રશંસા કરે. વલી તપના બલથી અનેક પ્રકારની લબ્ધિ પણુ ઉપજે; જેથી વિષ્ણુકુમાર મુનિની જેમ સંઘનો ઉપદ્રવ ટાલી ધર્મની વૃદ્ધિ કરે.

૬. વિદ્યાપ્રભાવિક–જે મંત્ર, યંત્ર, વિદ્યા વિગેરેથી બલવાન્-વજ્રસ્વામીની જેમ હોય તે સંઘ વિગેરેના માટે વિદ્યાનો ઉપયોગ કરી ધર્મની પ્રભાવના કરે, પોતાનાં કાર્ય માટે ન કરે.

૭. સિદ્ધ–અંજન, ચૂર્ણુ, લેપ વિગેરે સિદ્ધ કરેલા યોગો વડે જે યુક્ત હોય તે સિદ્ધ કહેવાય. તે કાલિકાચાર્યની

માફક શાસનના ઉદ્યોત માટે ઉપયોગ કરે. અત્રે ઉત્તરાધ્યયન સૂત્રમાં પાદલિપ્તાચાર્યાદિના ઘણા દાખલાઓ છે.

૮. કવિ–જે જિનમતના રહસ્ય ગર્ભિત અત્યંત અદ્દભૂત અર્થવાલા તથા શ્રોતાને કર્ણામૃત જેવાં લાગે, અત્યંત ચમત્કાર ઉત્પન્ન કરે તેવાં કાવ્યો બનાવે તે કવિપ્રભાવિક કહેવાય. તે સિદ્ધસેન દિવાકરની પેઠે શાસનની પ્રભાવના કરે. માનતુંગાચાર્ય તથા હેમચંદ્રાચાર્યના કાવ્યો જોઇ અન્યદર્શનીઓ આજે પણ ચકિત થાય છે. આ આઠપ્રકારના પ્રભાવિકો જ્યારે હોય ત્યારે ધર્મની ઘણીજ પ્રભાવના થાય છે.

## પાંચભૂષણ.

૧. કૌશલ્ય–આવશ્યકાદિ ક્રિયાને વિષે જેની કુશળતા હોય તથા દેવવંદન, ગુરૂવંદનની વિધિમાં નિષ્ણાત હોય, વલી પચ્ચકૂખાણના સ્વરૂપને બરાબર જાણી તે આચરતો હોય, અવિધિ દોષ ન લગાડે તે પહેલું ભૂષણ.

૨. તીર્થ સેવના–જેનાથી સંસાર સાગર તરી શકાય તે તીર્થ કહેવાય. તે સ્થાવર ને જંગમ, એમ બન્ને પ્રકારના તીર્થની નિરંતર સેવના કરવી. ગીતાર્થ મુનિ જે જંગમ તીર્થ છે તેની સેવા કરવાથી સદ્ય–જલદી લાભ થાય છે.

૩. ભક્તિ–યથાયોગ્ય દેવગુરૂની અંતરંગ બહુમાનપૂર્વક ભકિત કરવી.

૪. સ્થૈર્યતા–દેવાદિક ચળાવવા આવે તો પણ તેથી ચલાયમાન ન થાય, પણ અર્હન્નક, કામદેવ પ્રમુખ શ્રાવકની જેમ દ્રઢ રહે તે સ્થિરતા.

૫. પ્રભાવના–ધર્મનાં અનેક કાર્યો કરે. જેથી શાસનની પ્રભાવના થાય, લોકો ધર્મની અનુમોદના કરે, અને ઘણાને બોધિ બીજની પ્રાપ્તિ થાય.

## પાંચ લક્ષણ કહે છેઃ-

**જેના વડે સમકિતની ઓળખાણ થાય તે લક્ષણ કહીએ.**

૧. શમ–જે મોટો અપરાધી હોય તેના ઉપર પણ રોષ ન કરે અને મનમાં જાણે જે એ બીચારાનો શો દોષ છે? મારા કર્મોનો વાંક છે. પર તો નિમિત્ત માત્ર છે. સુખ-દુઃખ કર્માધિન છે. અથવા અનંતાનુબંધી કષાયનો ઉપશમ હોવાથી અભિનિવેશ કદાગ્રહ ન હોય. જેમકે શ્રીકૃષ્ણ અને શ્રેણિક વિગેરે અપરાધી કે નિરપરાધી ઉપર પણ કોપ કરતા હતા છતાં અનંતાનુબંધીનો ઉપશમ હતો તેથી સમકિત હતું.

૨. સંવેગ–તે દેવ મનુષ્યના સુખભોગને જે સુખદુઃખ કરી માને અને એકાંત મોક્ષસુખને ચાહે.

૩. નિર્વેદ–દેવ, મનુષ્ય અને તિર્યંચના કામભોગથી વિરક્ત થઇ તેનો ત્યાગ કરવાની અભિલાષા રાખે અને ધર્મને તારક જાણી તેને આચરે.

૪. અનુકંપા–તેનાં બે ભેદ–૧. દ્રવ્ય અનુકંપા તે દીન, દુઃખી અને દરિદ્રી પ્રાણીઓનાં દુઃખને ટાલે તે. કારણ શ્રી ભગવતી સૂત્રમાં બીજા શતકના પાંચમા ઉદ્દેશામાં તુંગીઆ નગરીના શ્રાવકોના ગુણવર્ણનમાં "**पवं गुव दुवारा**" એવો પાઠ છે એટલે સદાકાલ દાન દેવા માટે દરવાજા ઉઘાડા છે. જેનું ફળ મોક્ષ છે. એવા સુપાત્રદાનમાં પાત્રાપાત્રનો વિચાર કરવો પણ અનુકંપાદાન સર્વત્ર કરવું. ૨. ભાવ અનુકંપા–તે ધર્મહીન પ્રાણીને

ધર્મની પ્રાપ્તિ કરાવવી તે. તેનાથી તેના ભાવ પ્રાણો–જ્ઞાન, દર્શનાદિ ગુણોના નાશનો અટકાવ થાય છે.

૫. આસ્તિક્યતા–જીનેશ્વરોએ ભાંખ્યું છે તે સત્ય છે એમ જેની દૃઢ માન્યતા હોય તે–"**तमेव सच्चं निसंकं जं जिणेहिं पवेदीयं**" ઇતિવચનાત્ .

**છ યતના:–**

૧. વંદન–અન્યતિર્થીઓના શંકરાદિ દેવો તથા અન્ય-તિર્થિંઓએ ગ્રહણ કરેલા "જિન–ચૈત્યને" પણ વંદન કે સ્તુતિ કરવી નહિં,

૨. નમન–અન્યતીર્થીઓના દેવાદિને શિર્ષ નમાવવું નહિ તથા પૂજા ન કરવી.

૩. દાન–ચરકાદિ તાપસોને પાત્રબુદ્ધિએ ગૌરવ ભક્તિ-પૂર્વક એકવાર અશનાદિ દાન ન દેવું. અનુકંપાથી દેવું.

૪. અનુપ્રદાન–તે વારંવાર દાન ન દેવું.

૫. આલાપ–તેઓને સ્નેહપૂર્વક કુશલવાર્તા ન પુછવી; કારણ તેથી મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે.

૬. સંલાપ–વારંવાર તેની સાથે ભાષણ કરવું નહિં. આ છ પ્રકારની યતનાથી વ્યવહારની શુદ્ધિ થાય છે. વલી સમકિત મલીન થતું નથી. તેમાં પણ એકાંત નથી. અત્રે " ભગવતી શતક બીજે ઉદ્દેશો પ્રથમ પિંગલનિર્ગ્રંથ, ગૌતમસ્વામી વિગેરેના ઘણા દાખલાઓ છે તે સ્વયં વિચારવા.

## સમકિતનાં છ આગાર (છીંડી) કહે છે.

જેઓ અપવાદ માર્ગને ઇચ્છતા નથી, એકાંત ઉત્સર્ગ-માર્ગમાં રક્ત છે, અને ગમે તેવા સંયોગો ઉત્પન્ન થાય તોપણ જેઓ ધર્મથી ચલીત થતા નથી તેઓને આગારોની જરૂર

નથી. પણ જેઓ તેવા નથી તેના માટે એ છ આગાર છે. કારણ વ્રત ભંગ કરવું એ મહા દોષ છે. અને થોડું પણ પાલવું એ હિતકર છે. એમ ગુરૂ લઘુ ભાવનો વિચાર કરીને તીર્થંકરોએ (શાસ્ત્રકારોએ) આગાર કહેલા છે; માટે સાગારી વ્રત લેવું, પણ આગાર રહિત વ્રત લેવું નહિ. કારણ કે દુષમ-કાલના દોષથી અત્યારે અનાગાર વ્રત નથી.

૧. રાયાભિયોગેણં–નગરાદિકનો ધણી તે રાજા કહેવાય. તેના હુકમથી કાર્ત્તિક શેઠના પરે વિરૂદ્ધ આચરણા કરવી પડે તો દોષ નથી.

૨. ગણાભિયોગેણં–ઘણા જનનો સમુદાય તે ગણ–"માજન" તેના કહેવાથી મિથ્યાત્વીને નમસ્કારાદિ ધર્મવિ-રૂદ્ધ કાર્ય કરવું પડે તે.

૩. બલાભિયોગેણં–ચૌરાદિકના બલાત્કારથી નિષિદ્ધ કરેલું કાર્ય કરવું પડે તે.

૪. દેવાભિયોગેણં–દેવાદિકના કહેવાથી અથવા કોઇના શરીરમાં વ્યંતરાદિ દેવોએ પ્રવેશ કર્યો હોય તો પરવશપણાથી વિરૂદ્ધ આચરણ થાય તે.

૫. ગુરૂનિગ્ગહેણં–માતા, પિતા, કલાચાર્ય વિગેરે મિથ્યાત્વી હોય તો તેના કહેવાથી ઇચ્છારહિતપણે કાંઇપણ નિષિદ્ધ કાર્ય કરવું તે.

૬. વિત્તિકંતારેણં–દુષ્કાલને વિષે અન્નાદિકના અભાવથી અથવા અરણ્યમાં ભૂલા પડતાં જલ, ફલ વિગેરેના અભાવથી અથવા આજીવિકાને માટે મિથ્યાત્વી શેઠ, કે યવનાદિની નોકરી કરતાં જે કાંઇ મિથ્યાત્વનું સેવન કરવું પડે તે વૃત્તિકાંતાર નામનો આગાર છે.

## સમકિતની ૭ ભાવના કહે છે.

૧. મૂળ ભાવના—સમકિત એ સર્વજ્ઞ ભાષિત ધર્મવૃક્ષનું મૂળ છે. જો સમકિત રૂપ મૂળ ઉંડું—નિશ્ચલ હોય તો જ વ્રત તરૂ મોક્ષ ફલને આપે. સમકિત વગરની જે ક્રિયા કરેછે અને મનમાં ગર્વ ધરે છે તે બીચારા અજ્ઞાનીની ક્રિયા નિરર્થક છે.

૨. દ્વારભાવના—સમકિત એ મોક્ષનગરનું દ્વાર છે. કેમકે સમકિત સિવાય મોક્ષ મલતો નથી.

૩. પ્રતિષ્ઠાન ભાવના—સમકિત એ ધર્મરૂપ પ્રાસાદની મજબૂત પીઠ (પાયો) છે. કારણ જો સમકિત રૂપ પાયો દ્રઢ હોય તો જ ધર્મરૂપ પ્રાસાદ ટકી શકે છે.

૪. નિધાન ભાવના—સમકિત એ સમસ્ત જ્ઞાનાદિ ગુણોનો ભંડાર છે. તેના સિવાય છૂટા રત્ન સમાન અન્ય ગુણોને કષાયાદિ ચોરો લૂંટી જાય છે.

૫. આધારભાવના—સમકિત એ સમદમાદિ ગુણોનો પૃથ્વીની પેઠે આધાર છે. તે વિના સમદમાદિ ગુણો ટકતા નથી.

૬. ભાજન ભાવના—સમકિત એ શ્રુતશીલ રૂપ અમૃતરસનું પાત્ર છે; કેમકે તેના વિના તે ધર્મ રૂપી અમૃત રહી શકતું નથી. આ પ્રમાણે નિરંતર ભાવવું. એ ૬૧ ભેદ વ્યવહાર સમકિતના છે.

## ૭ સ્થાનક કહે છે.

આ છએ ભેદો નિશ્ચયમાં છે. જેમાં સમકિત સ્થિર થાય તે સ્થાનક.

૧. જીવ છે.—કેટલાએક ચાર્વાક વિગેરે જીવસત્તાને માનતા નથી. પણ જીવ છે. અને તે ચૈતન્ય લક્ષણ વડે જણાય છે. ક્ષીર નીરની પેઠે યદ્યપિ પુદ્ગલથી એકત્રિત થયો છે તો

પણ નિશ્ચયથી તેનાથી જુદો છે. જો અનુભવજ્ઞાનથી વિચારીએ તો જણાશે કે પુદ્દગલ રૂપી અને જડ છે ત્યારે જીવ અરૂપી અને સુખદુ:ખની વાંચ્છા અને કલ્પનાનો કરનાર હોવાથી ચૈતન્ય લક્ષણ છે.

૨. જીવ નિત્યછે—દ્રવ્યાર્થીક નયે આત્મા ઉત્પત્તિ અને નાશ રહિત છે. કારણ બૌદ્ધો આત્માને ક્ષણ સંતાન માને છે. પણ તેમ નથી. કારણ તેને પૂર્વની સ્મૃતિ થાય છે. બાલકને જે સ્તનપાન કરવાની ( સંસાર ) વાસના થાય છે તે પૂર્વભવના અભ્યાસથી થાય છે. દેવ, મનુષ્યાદિ તેના પર્યાયો બદલાતા હોવાથી પર્યાયાર્થિક નયે તે અનિત્ય છે, પણ આત્મ દ્રવ્ય તો અખંડ, અચલ છે. કદાપિ પોતાના મૂળ સ્વભાવને છોડતો નથી.

૩. આત્મા કર્ત્તા છે—જેમ કુંભાર માટી, ચક્ર અને ચીવર વિગેરે કારણોથી ઘડાનો કર્ત્તા છે. તેમ જીવ મિથ્યાત્વાદિ હેતુઓ વડે શુભાશુભ કર્મો કરે છે. કેટલાક સાંખ્યાદિ, આત્માને કર્મનો કર્ત્તા માનતા નથી, પણ પ્રકૃતિથી કર્મો થાય છે એમ માને છે. પણ તેમ નથી. કારણ જ્યાં સુધી આત્મા પર સાથે ભળેલો છે ત્યાં સુધી પરસંયોગથી તે પોતેજ કર્મોનો કર્ત્તા છે. " **अप्पाकंत्ता विकत्ताय, सुहाणय दुहाणय** " ઇતિ શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર વચનાત્ : શુદ્ધ નિશ્ચયનયથી તો 'આત્મા નિજ ગુણનો કર્ત્તા છે ' પણ અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા રાગદ્વેષાદિ ભાવ કર્મોનો કર્ત્તા છે. અને વ્યવહારનયથી જ્ઞાનાવરણીયાદિ દ્રવ્ય કર્મનો કર્ત્તા છે.

૪. આત્મા ભોક્તા છે—પોતે મિથ્યાત્વાદિ હેતુઓ વડે ઉપાર્જેલાં કર્મોનો ભોક્તા પણ આત્મા છે. કારણ કે, નહિં કરેલાં કર્મોનો ઉદય થતો નથી અને કરેલાં કર્મોનો નાશ

થતો નથી. તે તો અવશ્ય ભોગવવાં પડે છે. નિશ્ચયનયથી આત્મા પોતાનાજ ગુણનો ઉપયોગ કરે છે.

૫. મોક્ષ છે—પરમપદ છે—કર્મ બંધના હેતુઓનો અભાવ થવાથી અને સર્વ ઘાતી કર્મોનો ક્ષય થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે તે મોક્ષ—પરમ પદ છે. તે અચલ, અનંત સુખના વાસનું સ્થાન છે, લોકાંત—ત્યાં તન, મનના અભાવથી આધિ, વ્યાધિ ને ઉપાધિ રહિત અત્યંત અવર્ણનીય સહજાનંદ, સાદિ અનંત છે.

૬ મોક્ષના ઉપાયો છે—જ્ઞાન અને સંયમ એ બે મોક્ષના ઉપાય છે. જો સહજ સ્વભાવે મોક્ષ મળતો હોય તો કારણની નિષ્ફલતા થાય. પણ કહ્યું છે કે "કારણ વિણ કારજ નહિં." એ નિશ્ચય વચન. તેમાં જ્ઞાનનય કહે છે કે—જ્ઞાનથીજ મોક્ષ છે; કારણ જ્ઞાન વગરની ક્રિયા કરવાથી ઉલટી હાની થાય છે. જેમ રૂપું લેવાની ઇચ્છા કરનારને રૂપાનું જ્ઞાન ન હોવાથી તે રૂપાને બદલે ભ્રાંતિથી છિપને લે છે. વલી ભર્તાદિને ક્રિયા વિના પણ કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઈ તે પણ જ્ઞાનના મહાત્મ્ય વડેજ. તથા કેવલી જેવું ચારિત્ર્ય તો અભવ્ય પણ પાલે છે પણ તેની કદાપિ સિદ્ધિ થાતી નથી. વલી દ્રવ્યાનુયોગના જ્ઞાન વિના શેષ ત્રણ અનુયોગો નિરર્થક છે; માટે જ્ઞાન એજ મોક્ષનું કારણ છે. ત્યારે ક્રિયાનય કહે છે કે—ક્રિયાથીજ મોક્ષ મળે છે. ક્રિયા વગરનું શુષ્ક જ્ઞાન નિરર્થક છે. કારણ ક્રિયા વિના જ્ઞાનથી કદાપિ સિદ્ધિ નથી. ભલે તારૂ હોય પણ જો જલમાં પેસી હાથ, પગ, હલાવવા રૂપ ક્રિયા ન કરે, તો તે તરી શકે નહિ. તથા અભવ્ય જીવ પણ નવ પૂર્વોનો અભ્યાસ કરી શકે છે. વલી સિદ્ધાંતમાં અક્રિયાવાદીને કૃષ્ણપાક્ષિક કહ્યો છે ને ક્રિયાવાદીને શુકલપાક્ષિક કહ્યો છે. વલી જેમ ગધેડો

ચંદનનો ભાર વહન કરે પણ તેની સુગંધનો ભોગી થતો નથી તેમ ક્રિયા વગરનો જ્ઞાની પણ ફક્ત કંઠ શોષ કરે છે. વળી સંવર–ચારિત્ર પામ્યા વિના જીવને પણ મુક્તિ નથી. માટે જ્ઞાન એ મોક્ષનું પરંપરા કારણ છે અને ચારિત્ર અનંતર કારણ છે. વળી ચાર અનુયોગમાં પણ ચરણકરણાનુયોગનેજ આચારાંગ નિર્યુક્તિમાં શ્રેષ્ઠ માનેલ છે. "**यतः–दव्विए दंसण सोहि, सारोतस्स विचरणंतु.**" આવશ્યકમાં પણ જ્ઞાનનો સાર ચારિત્ર કહ્યું છે. તે માટે ક્રિયા શ્રેષ્ઠ છે પણ જ્ઞાન નહિ.

અહિં એક એક નયનો આશ્રય કરી સ્વપક્ષનું સ્થાપન અને પર પક્ષનું ખંડન કરવા અનેક યુક્તિ બતાવે છે. પણ સિદ્ધાંતી તેને ઉત્તર આપે છે કે જેમ એક પૈડાથી રથ ચાલતો નથી, તેમ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મુક્તિ નથી. પણ '**ज्ञान क्रियाभ्यां मोक्षः**' એમ માનવું એ સત્ય છે. કારણ કે, જ્ઞાન પંગુ છે અને ક્રિયા આંધળી છે. તે બેના સંયોગથી ઇચ્છિત સિદ્ધિ થાય છે. માટે એકાંત મત ત્યજી સ્યાદ્વાદ (અનેકાંતવાદ) મતનો આશ્રય કરવો. કારણ સર્વજ્ઞ ભગવંતે દરેક વસ્તુનો વિચાર કરી ગુણ દોષ જોઇને વર્તન કરવાની આજ્ઞા આપી છે. પણ એકાંત વિધિ કે નિષેધ કહેલ નથી. જેમકે ક્રોધ ન કરવો; પણ ચેલાને હિતશિક્ષા દેવા પ્રશસ્ત ક્રોધ કરવો પડે છે. તથા માન ન કરવો, પણ પ્રશસ્ત ધર્માભિમાન રાખવો ઘટે છે. તેમ માયા ન કરવી, પણ શાસનનો ઉડ્ડાહ નિવારવા માટે પ્રશસ્ત માયા કરવી પડે છે. તથા લોભ ન કરવો પણ ધર્મનો તથા તપ સંયમનો પ્રશસ્ત લોભ કરવો પડે છે. રાગ ન કરવો, પણ દેવ, ગુરૂ, ધર્મ, સાધર્મિક તથા જિનવાણી ઉપર પ્રશસ્ત રાગ કરવો પડે છે. દ્વેષ ન કરવો પણ સંસાર ઉપર તથા કર્મો

ઉપર દ્વેષ કરવો જોઇએ. નિયાણું (નિદાન) ન કરવું, પણ 'सिद्धा सिद्धिं मम दिसंतु' એમ કહેતાં મોક્ષની માંગણી કરવી પડે છે. એ સર્વ વ્યવહારનયે પૂર્વ અવસ્થામાં કરવા યોગ્ય છે. એથી ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય છે. નિશ્ચયનયે તે સર્વે ત્યાજ્ય છે, પછી જ્યાં સુધી તે હદ્દે પહોંચ્યા નથી ત્યાં સુધી આલંબનો મૂકવાં નહિ, શુદ્ધ વ્યવહાર સદા રાખવો જોઇએ.

**यतः–अरिहंतो महदेवो, जावजीवं, सुसाहुणो गुरुणो;**
**जिणपन्नत्तंतत्तं, रअं सम्मत्तं मए गहिअं ॥ १ ॥**
**तथाः–नय भंगप्पमाणेहिं, जो अप्पा सायवाय भावेणं;**
**जाणइ मोक्ख सरुवं सम्मद्दिट्ठिय सो नेओ ॥ २ ॥**

જે આત્મા નય ભંગ અને પ્રમાણે કરી સ્યાદ્વાદ ભાવથી મોક્ષનું સ્વરૂપ જાણે તે સમ્યક્ દ્રષ્ટિ જાણવો ( આ વિશિષ્ટ સમકિતનું લક્ષણ છે ). વલી દ્રવ્ય ગુણ અને પર્યાય વડે વસ્તુના સ્વરૂપને સમજવું, સમજીને સ્વગુણને ગ્રહણ કરી પરગુણ (પરભાવ) નો ત્યાગ કરવો. અનાદિકાલથી આત્મા પરભાવની વાસનાથી બંધાએલો છે તેથી પરભાવનો કર્ત્તા, ભોક્તા થયો છે, પણ જ્ઞાની ગુરૂના મુખથી જિનવાણી સુધારસનું પાન કરી પરભાવની વાસના છોડી આત્મા સ્વભાવનો કર્ત્તા થાય ત્યારે આત્માને બાધક રૂપકારક ચક્ર બદલી સાધક રૂપકારક ચક્ર પ્રગટ થાય. ત્યારે આત્મા આત્મ સ્વરૂપ, ૧ કર્ત્તા કહેવાય, ૨. કાર્ય–તે આત્મસિદ્ધતા, ૩. કરણ તે ઉપાદાન. આત્માના પરિણામની પ્રયુજના ૪, સંપ્રદાન તે આત્માને આત્મ સંપદાનું દાન (આત્મગુણની પ્રગટતા) દાતા–આત્મા પાત્ર પણ પોતેજ અને દાન પણ આત્મગુણનું એ ત્રિભાવની અભેદતા છે. ૫. અપાદાન તે–પરભાવનો ત્યાગ કરવો. ૬. આધાર તે–

આત્મદ્રવ્ય એમ સ્વરૂપાનુયાયી આત્મા થાય ત્યારે નિશ્ચય સમકિત જાણવું. તે સમકિતની પ્રાપ્તિ બે પ્રકારે થાય છે. ૧. નિસર્ગથી–તે ગુરૂ ઉપદેશ વિના સ્વાભાવિક કર્મના લાઘવપણાથી મરૂદેવા માતાની જેમ થાય. અને બીજું, ગુરૂ ઉપદેશથી પ્રાપ્ત થાય તે અધિગમ સમકિત કહેવાય છે.

## ગુરૂનો વિશેષાર્થ કહે છે.

આચાર્યમાં છત્રીશ ગુણ હોવા જોઇએ, કારણ કે ધર્મમાર્ગના ચલાવનાર નાયક (આચાર્ય) જો ગુણવંત હોય, સ્વપર સમયના વેત્તા હોય, તો ઘણાને ધર્મમાર્ગમાં જોડી શકે. જઘન્યથી ૪ ગુણ હોવા જોઈએ.

૧–જે કાલે જેટલાં શાસ્ત્ર વિદ્યમાન હોય તેના રહસ્યના જ્ઞાતા હોય અને પરને સમજાવવા શક્તિમાન હોય.

૨–પોતે સ્યાદ્વાદ શ્રદ્ધામાં દ્રઢ હોય તેમ બીજાને દ્રઢ કરી શકે તેવા હોય.

૩–શુદ્ધ પ્રરૂપક હોય. જેના ઉપદેશમાં સ્વપ્રશંસા અને પરનિંદા ન હોય.

૪–કાલાનુયાયિ ક્રિયાના કરનારા હોય; છતી શક્તિએ વીર્ય ગોપવે નહિં, વલી સંઘમાં સારણાદિના કરનારા હોય. તે કહે છે:—

૧–સારણા–વીસરી ગયેલાને સંભાળી આપે.

૨–વારણા–અતિચાર લગાડનારને તેથી વારે.

૩–ચોયણા–પ્રમાદિ સાધુને ધર્માનુષ્ઠાનનો ઉદ્યમ કરવાની પ્રેરણા કરે.

૪–પરિચોયણા–અત્યંત શિથિલને વારંવાર પ્રેરણા કરે. વલી આચાર્યજી–અતિપરિણિત તથા અપરિણિત મતી વાલાને સમજાવી ઠેકાણે લાવે.

૧—અતિપરિણિત—તે એકાંત નિશ્ચય પક્ષનો આશ્રય કરનાર વેદાંતાદિ અથવા જૈન લિંગી પણ વ્યવહારનો ત્યાગ કરીને જે નિશ્ચયને મુખ્ય માને છે તે અતિ પરિણિતી જાણવો.

૨—અપરિણિતમતિ—તે કેવળ વ્યવહારમાંજ બંધાયલા, જેને આત્મ—સ્વરૂપનું ભાન નથી. તેવાને સ્યાદ્વાદ માર્ગ સમજાવી નિશ્ચયમાં દ્રષ્ટિ રખાવી શુદ્ધ વ્યવહારમાં પ્રવર્તાવે. પણ જે અગીતાર્થ હોય તે માર્ગનો નાશ કરે. કદી તે ક્રિયા કરતો હોય તો પણ તે અજાણ હોવાથી રહસ્ય સમજી શકે નહિં.

यत :

**चरणकरणप्पहाणा, ससमय पर समय मुक्कवावारा;**
**चरण करणस्स सारं, निच्छय शुद्धं न जाणंति. ॥१॥**

અર્થઃ—ચરણ કરણ ક્રિયામાં પ્રધાન હોય પણ જો સ્વ સમય પર સમયના જ્ઞાન રહિત હોય તો તે ચરણ કરણના સારતત્ત્વને સમ્યક્ જાણતા નથી. વલી જે અગીતાર્થ હોય તેને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવાદિ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન ન હોય. વલી જે અગીતાર્થ હોય તે યથાર્થ રીતે દ્રવ્યના સ્વરૂપને ન જાણે; એટલે આ સચિત્ત છે, અચિત્ત છે કે મિશ્ર છે તે ન જાણે. તેમજ આ કલ્પનીય દ્રવ્ય છે કે અકલ્પનીય છે તે પણ ન જાણે. તથા આ દ્રવ્ય કોને દેવું, કે કોને ન દેવું તે સ્વરૂપને ન જાણે. તથા આ ક્ષેત્ર રૂડું છે કે રૂડું નથી તેને પણ ન જાણે. ( ઉપલક્ષણથી અમુક દેશમાં મુનિને અમુક કુલનો આહાર ન લેવાય કે અમુક વસ્તુ ન લેવાય તેનું સ્વરૂપ ન જાણે. ) એટલે અમુક દેશ મુનિને વિહાર કરવા યોગ્ય છે કે અમુક દેશમાં મુનિએ ન જવું તે પણ અગીતાર્થ ન જાણે. વલી કાળના સ્વરૂપને પણ

ન જાણે. એટલે સુકાલને વિષે તથા દુષ્કાલને વિષે કલ્પનીય, અકલ્પનીય વસ્તુના સ્વરૂપને ન જાણે. વલી ભાવથી આ નિરોગી સાધુ છે તો તેને અમુક વસ્તુ આપવી ન જાણે. તેમજ ગાઢ, અગાઢ કલ્પ પણ ન જાણે. અર્થાત્ સબલ કારણે મુનિને આવી રીતે કરવું, અને સાધારણ કારણ હોય તો આ પ્રમાણે કરવું તે ન જાણે. તથા આ પુરૂષનું શરીર સમર્થ છે. અને આનું શરીર અસમર્થ છે, તો તેને તે પ્રમાણે તપશ્ચર્યાદિક કરાવવી. (દંડ દેવો હોય તો) તેમજ વિહાર વિગેરે કરાવવો હોય તો લાભાલાભનું સ્વરૂપ પણ અગીતાર્થ સમજી શકે નહિં. વલી આ આચાર્ય છે, આ ઉપાધ્યાય છે, આ સ્થવિર છે, આ સામાન્ય સાધુ છે તેના કલ્પનું સ્વરૂપ પણ ન જાણે.

વલી ચાર પ્રકારની પ્રતિસેવના (નિષિદ્ધનું આચરવું તે) ને ન જાણે.

૧–જાણીને કરવું તે આકુટિ પ્રતિસેવના. ૨–પ્રમાદે કરી કરવું તે પ્રમાદ પ્રતિ સેવના. ૩–અહંકાર વડે કરી પાપ કરવું તે દર્પ પ્રતિ સેવના. ૪–અને કોઈ કારણવશાત્ પાપ કરવું પડે તે કલ્પ પ્રતિ સેવના. એ ચાર પ્રકારના પ્રાયશ્ચિતને યોગ્ય તપ શું આવે? તે અગીતાર્થ ન જાણે. જેમ કોઈ પુરૂષ નેત્ર રહિત અને મારગનો અજાણ હોય પણ મનમાં વિચારે જે આ બીહામણી અટવીને વિષે ભૂલા પડેલા સાથને હું ઠેકાણે પ્હોંચાડું. પણ તે પહોંચાડી શકે નહિં. તેવી રીતે જિન પ્રવચન ચક્ષુ રહિત એવો આંધળો અને દ્રવ્યાદિકના ઉત્સર્ગ, અપવાદના સ્વરૂપ રૂપ માર્ગનો અજાણ પુરૂષ સંસાર રૂપ અટવીથી સંઘ (ચતુર્વિધ)

સાથને કેવી રીતે જિન માર્ગને વિષે પ્રવર્તાવી શકે ? અર્થાત્ ન પ્રવર્તાવી શકે. અગીતાર્થ વિચારે જે હું ગચ્છને પણ ચલાવું, પણ તેની પાસે રહેતાં તો ગુણ હોય તે પણ ચાલ્યા જાય. જેમ નાના મચ્છો મોટા મચ્છને ગળી જાય તેમ ત્યાં ધીંગા, મસ્તી થાય પણ માર્ગની રીત ન રહે.

વલી અગીતાર્થ પાપ કર્યા વિના પણ બીજા પુરૂષને પ્રાયશ્ચિત આપે છે. અથવા થોડું પાપ કર્યું હોય તેનું પ્રાયશ્ચિત ઘણું આપે છે. જેથી મોટી આશાતના કરે છે. "આશાતના એટલે જિનાજ્ઞાનો ભંગ" અને તેનો વિપાક તે સંસારભ્રમણ છે. માટે જો ગીતાર્થ ગુરૂ ન મલે તો એકલા વિચરવું, પણ અગીતાર્થનો સંગ ન કરવો. આ કાલમાં એકલા વિચરવાની પ્રભુની આજ્ઞા નથી, માટે ગીતાર્થની તપાસ કરી તેની સંગે રહેવું. ગીતાર્થ પાસે વસવાથી વિનયાદિ ગુણની વૃદ્ધિ અને જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય.

**यत :**

**गीयत्थाय विहारो, बीओगीयत्थ निस्सिओ भणिओ;**
**इतोतइय विहारो, नाणुन्नाओजिणं देहिं.** ॥ १ ॥

અર્થ:—એક ગીતાર્થનો વિહાર, બીજો ગીતાર્થની નિશ્રાયે જે મુનિ વિચરે તેનો વિહાર : એ બે વિહારની આજ્ઞા છે પણ ત્રીજો વિહાર પ્રભુએ કહ્યો નથી. કારણ કે—એકાકીને સ્ત્રી, શ્વાન, દ્વેષી દુઃખ આપે. વલી ભિક્ષાની શુદ્ધિ ન થાય. મહાવ્રતનું પાલન ન થાય. અને મતિ કલ્પનાએ કરી ખોટાં અવલંબન ગ્રહણ કરે, તેને હિત શિખામણ દેનાર કોઇ ન હોવાથી તે સુધરે નહિં.

**ગાથાઃ—**

**एगागी पासत्थो, सच्छंदो गणवासी आसन्नो**
**डुग्गमाइसंयोगा, जहबहुया तह गुरुहुंति. ॥ १ ॥**

અર્થઃ—૧. એકાકી, ૨. પાસત્થો, ૩. સ્વચ્છંદો, ૪. ઠાણુવાસી એટલે હમેશાં એકજ સ્થાનકે વસનાર. ૫. આસન્નો એટલે શિથિલાચારી, બધામાં ભલી જનારો. એમાં કોઈમાં એક દોષ, કોઇમાં બે, એમ કોઇમાં પાંચ દોષ હોય તેના દ્વિસંયોગી ૧૦. ત્રિસંયોગી ૧૦, ચતુઃસંયોગી ૫. અને પંચસંયોગી ૧. એ સર્વ મલી ૨૬ ભાંગા થાય છે. તેમાં જેમ જેમ ઘણા દોષ તેમ તેમ કર્મે ભારી જાણવો.

**ગાથાઃ—**

**गच्छगओ अणुओगी, गुरुसेवी अनीयवासी आउत्तो;**
**संजोएण पयाणं, संजम आराहगा भणिआ. १**

અર્થઃ—૧. ગચ્છમાં રહેલા, ૨. જ્ઞાનાદિના સેવનારા, ૩. ગુરૂની સેવા કરનાર, ૪. માસ કલ્પાદિકે વિહાર કરનારા, ૫. પ્રતિક્રમણાદિ ક્રિયામાં સાવધાન. એ પાંચ પદના પણ દ્વિક સંયોગાદિ ૨૬ ભાંગા થાય છે. એ ઉત્તમ છે. સંયમના આરાધક છે. જેમ સંયોગ વધુ તેમ ગુણ વધુ જાણવા. એ સર્વે ભાંગાદિનું સ્વરૂપ ઉપદેશમાલામાં છે.

સંયમના આરાધક નિગ્રંથના પાંચ ભેદ કહે છે.

૧ પુલાક, ૨ નિગ્રંથ, ૩ સ્નાતક. એ ત્રણ જંબુસ્વામીથી વિચ્છેદ ગયા છે. હાલ તો ૪—બકુશ અને ૫—કષાય—કુશીલ એ બન્ને નિગ્રંથથી તીર્થ ચાલે છે. ચારિત્રની શુદ્ધિ, પિંડ વિશુદ્ધિથી છે.

**यदुक्तं दशवैकालिके गाथा:**

**पिंडं सिज्जं च वत्थं च, चउत्थपायमेवक**

**अकप्पियं न इच्छिज्जा, पडिगाहिज कप्पीयं ॥ १ ॥**

અર્થ:–૧. આહાર, ૨ શય્યા, ૩. વસ્ત્ર, ૪. પાત્ર, અકલ્પનીય લેવા નહિં, પણ કલ્પનીય લેવા. તેમાં પણ એકાંત નથી.

**यदुक्तं सुयगडांगे द्वितीयश्रुतस्कंधे, पंचमाध्ययने-**

**अहागडाइं भुंजंति, अन्नमन्ने स कम्मुणा;**
**उवलित्तंवियाणिज्जा, अणुव लित्तेति वा पुणो. १**
**एतेहिं दोहिं ठाणेहिं, ववहारो न विज्जइ;**
**एतेहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए. २**

અર્થ:–આધાકર્મી આહાર કરતાં સાધુને દેખીને એમ પણ ન કહેવું કે આ કર્મથી લેપાય છે. તેમ એમ પણ ન કહેવું કે આ કર્મથી લેપાતો નથી. એમ એકાંતે ન કહેવું. કારણ કે આ બે સ્થાનકે છદ્મસ્થનો વ્યવહાર પહોંચી શકે નહિ. માટે એકાંતે કહેવું તે અનાચાર છે. કારણ નિશ્ચયનય તે પરિણામગ્રાહી છે. નિશ્ચયનયે પરિણામ એજ કર્મબંધનું કારણ છે. "વિશેષ ટીકાથી જોવું." કહ્યું છે કે "**मन एव मनुष्याणां, कारणं बंध मोक्षयोः**" માટે ચિત્તની પરિણિતી નિર્મળ રાખવી. તે ચિત્તના આઠ દોષો ટાલવા. ચતુર્દશ ષોડશકમાં ચિત્તના ભેદો આ પ્રમાણે બતાવ્યા છે:–

૧. ખેદ, ૨. ઉદ્વેગ, ૩, ક્ષેપ, ૪. ઉત્થાન, ૫. ભ્રાંતિ, ૬. અન્યમૂદ, ૭. રોગ, ૮. આસંગ. એ આઠ દોષો જરૂર ટાલવા.

હવે વિસ્તારથી એ દોષોનું વર્ણન કરે છે.

૧. ખેદ–જેમ પંથે ચાલતાં થાકી જાય. તેમ ખેદ દોષે કરી ક્રિયામાં મનની દૃઢતા રહે નહિં. જેમ ખેતીમાં પાણી મુખ્ય હેતુ છે તેમ ક્રિયામાં મનની એકાગ્રતા મુખ્ય છે.

૨. ઉદ્વેગ–બેઠાં થકાં પણ જે ક્રિયા કરે તેમાં ઉદ્વેગ (અરૂચી) ઉપજે; એટલે ક્રિયામાં રાગ રહે નહિ. તેથી રાજ્યવેઠની માફક ઉતાવલી ક્રિયા કરે, તેને જન્માંતરે યોગી (સાધુ)ના કુલને વિષે જન્મ પણ ન મળે. કારણ કે ક્રિયા ઉપર અરૂચી થઇ એટલે યોગદ્વેષ થયો.

૩. ક્ષેપ–એક ક્રિયા કરતો હોય અને વચમાં વચમાં બીજા કાર્યમાં જે મન જાય તે ક્ષેપ નામા દોષ જાણવો. જેમ શાલિને વારંવાર ઉપાડીને રોપીએ તો તેનું ફળ ન થાય. એટલે એકવાર શાલિને ઉખેડીને રોપીએ તો ફળ થાય પણ વારંવાર ઉખેડીને વાવે તો નિષ્ફળ જાય, તેમ વારંવાર પ્રારંભિત ક્રિયા મૂકીને અન્ય ક્રિયામાં મન જાય તો ફળ ન મળે.

૪. ઉત્થાન–ચિત્તની અપ્રશાંતતા એટલે જેમ કોઈ પુરૂષ મદિરા પ્રમુખના પાનથી મદોન્મત્ત થાય તેમ ઉત્થાન દોષથી શાંતવાહિતા ન હોય, ચપલતા હોય, જો કે તે તજવા યોગ્ય છે પણ તે તજી શકતો નથી. જેમકે કોઇ પુરૂષે દીક્ષા લીધી હોય અને તે સર્વથા મૂલોત્તર ગુણનિર્વાહ કરવા અસમર્થ છે તો તેને વિધિપૂર્વક શ્રાવકધર્મ ગ્રહણ કરવા ઉપદેશ આપીએ, પણ તે લોકનિંદાના ભયથી લિંગ તજી શકે નહિં.

**उपदेशमालायां:–**

**जइन तरसि धारेउं, मूलगुणभरं सउत्तर गुणं च,**
**मुत्तुणतोतिभूमिं, सुसावगत्तंवरतरागं ॥१॥**

અર્થ:–હે ભવ્ય! જો તું મૂલ ગુણનો ભાર (પંચ મહાવ્રતનો ભાર) તથા ઉત્તર ગુણ (પાંચ સુમિતિ ત્રણ ગુપ્તિ)નો ભાર વહન કરવાને સમર્થ નથી તો ત્રણ ભૂમિ મૂકીને

એટલે એક જન્મ ભૂમિ, બીજી દીક્ષા ભૂમિ અને ત્રીજી વિહાર ભૂમિને છોડીને સમકિત સહિત સુશ્રાવકપણું ગ્રહણ કર. તે સારૂં છે પણ સાધુપણાના ગુણ સિવાય વેશ ધારણ કરવો તે સારૂં નથી.

ભ્રાંતિ—વસ્તુ અન્ય હોય તેને અન્ય રૂપે જાણે. જેમ છીપને ભ્રાંતિથી રજત (રૂપું)જાણે. તદ્વત્ ભ્રમથી વસ્તુ સાંભળે નહિં. જે મેં ધર્મકૃત્ય કર્યું અથવા નથી કર્યું, અથવા મેં અમુક સૂત્ર પાઠનો ઉચ્ચાર કર્યો કે નથી કર્યો ઇત્યાદિ ઇત્યાદિ ભ્રમ થાય તે દોષથી જો કે શુભ ક્રિયા કરે છે તો પણ તેનું ઇષ્ટ ફળ ન થાય.

૬—અન્યમૂદ—જે ક્રિયા કરે છે તેને અવગણી—તેનો અનાદર કરીને બીજી ક્રિયામાં હર્ષ કરે એટલે ગુરૂવંદન કરતો હોય ને સામાયિકમાં હર્ષ કરે તેને વાંચ્છિત અર્થમાં અંગારાનો વરસાદ વરસે એટલે જે ક્રિયા કરતો હોય તેમાં અનાદર થયો તે સર્વ દોષોનું મૂળ છે.

૭—રોગ—તે પીડા સ્વરૂપ અથવા ભંગ સ્વરૂપ છે. એટલે સમજણ વિના અશુદ્ધ ક્રિયા કરે ને શુદ્ધ ક્રિયાનો ઉચ્છેદ કરે ત્યારે શુદ્ધ ક્રિયાને પીડા થઈ. અથવા શુદ્ધ ક્રિયાનો ભંગ થયો, એટલે શુદ્ધ ક્રિયાના વિનાશથી અશુદ્ધ ક્રિયા ફલવતી ન થાય વંધ્યા જાય.

૮—આસંગ—જે ક્રિયા કરતો હોય તેમાં આજ ક્રિયા સારી છે એવો જે રંગ એટલે તે જ ક્રિયામાં બંધાઇ જાય; યદ્યપિ તે અનુષ્ઠાન શાસ્ત્રોક્ત છે તો પણ તેમાંજ જે આગ્રહ છે તે દોષરૂપ છે. જેથી તે જ ગુણસ્થાને તે પ્રાણી ટકી રહે પણ આગલે ગુણસ્થાને વધે નહિં. જેમ ગૌતમ સ્વામીને

જ્યાં સુધી શ્રી મહાવીર પ્રભુ ઉપર ભક્તિ રાગ હતો ત્યાં સુધી તે જ ગુણ ઠાણે રહ્યા, પણ મોહનીય કર્મનો નાશ કરી કેવલ જ્ઞાન પ્રાપ્ત ન કરી શકયા; પણ જ્યારે રાગનો ત્યાગ કર્યો ત્યારે કેવલ જ્ઞાનની પ્રાપ્તિ કરી. એ આઠ દોષ રહિત જે હોય તેને શાંતાદિ ગુણો આવે. માટે એક શાંત અને બીજો ઉદાત્ત એ બે ગુણ વિના ક્રિયા દુ:ખકારક છે. જેમ માની પુરૂષને જો માનની હાની થાય તો દુ:ખ ઉપજે, અથવા અંગોપાંગ હીન પુરૂષને ભોગની સામગ્રી મલે તો દુ:ખ ઉપજે. કારણ કે તે ભોગવી શકે નહિં એટલે તેને ખેદ થાય. તેમ શાંત એટલે કષાયનો અભાવ. અને ઉદાત્ત એટલે ગાંભીર્ય; એ બે ગુણ આવ્યા સિવાય ક્રિયાનો યોગ દુ:ખકારક થાય, માટે ઉપરોક્ત ક્રિયાના દોષોને ટાલીને જે પુરૂષ ક્રિયા કરે તે સુખને પામે. શાંતાદિ ગુણો તે ધર્મ રૂપ છે અને તે રત્નની યોગ્યતા કોને હોય તે કહે છે.

## શ્રાવકના ૨૧ ગુણ કહે છે.

દુહા:—એકવિશ ગુણ પરિણમે, જાસ ચિત્તની મેવ;
ધર્મરત્નની યોગ્યતા, તાસ કહે તું દેવ ૧.

અર્થ:—જેનાં ચિત્તમાં એકવીશ ગુણ પરિણમ્યા હોય તે જીવને ધર્મ જે દેશવિરતિ, સર્વવિરતિ રૂપ રત્ન તેની યોગ્યતા હોય, એમ હે દેવ! તમે કહો છો. "માર્ગાનુસારીના ગુણો પ્રાપ્ત થવાથી સામાન્ય ધર્મની યોગ્યતા પ્રાપ્ત થાય છે અને આ ૨૧ ગુણોની પ્રાપ્તિથી વિશેષ ધર્મ (શ્રાવકધર્મ)ની યોગ્યતા થાય છે એમ જાણવું." એ એકવીશ ગુણ દ્રવ્ય શ્રાવકના છે તેના નામ કહે છે:—

૧. અક્ષુદ્ર—એટલે તુચ્છ સ્વભાવવાલો ન હોય, ગંભીર

હોય. ૨. રૂપનો નિધાન હોય. ૩. સૌમ્ય હોય. ૪. લોકપ્રિય-લોકને પ્રશંસવા યોગ્ય. ૫. અક્રૂર-કિલષ્ટ ચિત્તવાલો ન હોય. ૬. પાપ ભીરૂ હોય. ૭. અશઠ-માયા રહિત હોય. ૮. સુદાક્ષિણ્ય ગુણવાળો હોય. ૯. લજ્જાળુ-અકાર્ય કરતાં લાજે. ૧૦. દયાળુ-પ્રાણીમાત્ર પર અનુકંપાવાલો. ૧૧ સૌમ્યદૃષ્ટિ તે યથાર્થ વિચારની દૃષ્ટિવાલો અને મધ્યસ્થ તે રાગદ્વેષ રહિત, એ એકજ ગુણ છે. ૧૨. ગુણરાગી-તે ગુણીજનનો પક્ષપાતી હોય. ૧૩. સત્ય-કથક-ભલી સત્ય ધર્મ કથાનો કરનાર હોય. ૧૪ સદાચારી-જેનો આચાર ઉચ્ચ કોટીનો હોય-શુદ્ધ હોય. ૧૫. દીર્ઘદર્શી-જે ભવિષ્ય કાળનો વિચાર કરી કાર્યનો કરનાર હોય. ૧૬. વિશેષજ્ઞ-પક્ષપાત રહિત ગુણ દોષનો જાણ. ૧૭. વૃદ્ધાનુગત-પરિણિતમતિવાલા જ્ઞાની પુરૂષોની સેવાનો કરનાર હોય. ૧૮. વિનયવંત-તે ગુણાધિકનો વિનય કરે. ૧૯. કૃતજ્ઞ-કર્યા ગુણનો જાણ હોય. ૨૦. નિસ્પૃહપણે પરોપકાર કરે-દાક્ષિણ્ય ગુણ તે બીજાએ પ્રાર્થના કરી હોય તો તેનો ઉપકાર કરે. પરહિત-કારી-પ્રાર્થના સિવાય પણ સહજ સ્વભાવે ઉપકાર કરે. ૨૧. લબ્ધ લક્ષ્ય તે પામેલ નિશાનની જેમ ધર્માનુષ્ઠાન વ્યવહારનું લક્ષ હોય તે સુશિક્ષણીય હોય.

એ એકવીશ ગુણ સંક્ષેપથી કહ્યા.

## હવે વિસ્તારથી ૨૧ ગુણ કહે છે.

૧. જેનું મન અતિશય ગંભીર હોય, ઉદાર સ્વભાવવાલો હોય, તુચ્છ ન હોય. તેને અક્ષુદ્ર કહીએ. કારણ જે ઉતાવળો મનુષ્ય હોય તે પોતાને તથા પરને ઉપકાર કરી ન શકે.

૨. વલી ઉત્તમ સંઘયણ વાલો હોય. રૂપનો નિધાન

હોય. સંપૂર્ણ અંગોપાંગવાળો હોય. પંચેંદ્રિયહીન ન હોય. તે ધર્મ કરણી કરવામે સ્હેજે સમર્થ હોય. અને ધર્મની પ્રભાવના કરે. અહીં નંદીષેણ "વસુદેવનો જીવ" તથા હરિકેશી પ્રમુખ સાથે વિરોધ ન કરવો; કેમકે તે પણ પ્રથમ સંઘયણ વાલા તથા સંપૂર્ણ અવયવવાળા હતા. અથવા આ વચન પ્રાયિક છે. જો બીજા આંતરિક ગુણો હોય તો બાહ્ય રૂપાદિ ગુણોનું પ્રયોજન નથી.

૩. વલી આક્રોશ, વધ, હિંસા, ચોરી પ્રમુખ પાપકર્મને વિષે ન પ્રવર્તે. આજીવિકાદિના કારણે પણ ન છૂટકે કરે. વલી સ્હેજે સૌમ્ય સ્વભાવ વાલો, અબીહામણો, સર્વ જગતને મિત્ર તુલ્ય હોય. એવા પુરૂષને સુખે લોકો સેવી શકે. બીજાને સમતાનું કારણ થાય.

૪. વલી આલોક, પરલોક અને ઉભય લોક વિરૂદ્ધ આચરણા ન કરે. તેમાં આલોક વિરૂદ્ધ તે બધાની નિંદા કરવી તથા વિશેષતઃ ગુણવાન પુરૂષની નિંદા, બહુ જનને માનનીયની નિંદા કરવી. ઘણા લોક જેનાથી વિરૂદ્ધ હોય તેનો સંગ કરવો. દેશાચારનું ઉલંઘન કરવું. ઈત્યાદિ કાર્યો તે લોક વિરૂદ્ધ જાણવા.

પરલોક ભય [વિરૂદ્ધ] તે પંદર કર્માદાનાદિ વ્યાપાર.

ઉભય લોક વિરૂદ્ધ તે જુગારાદિ સપ્ત વ્યસનો જાણવાં. તે આચરે નહિ તથા ધર્મ કરવામાં શૂરવીર હોય પણ લોક સંજ્ઞા રક્ત નહિ.

૫. અક્રૂર હોય, તે મલીન ભાવનાનો મનથી ત્યાગ કરીને ધર્મ કરી શકે.

૬. આલોક તથા પરલોકના પાપથી બીહે, તથા અપ-ચશથી બીહે, તેને ભીરૂ કહીએ. તે પુરૂષ ધર્મનો અધિકારી જાણવો.

૭. જે પુરૂષ માયાવી ન હોય તે બીજાને ઠગે નહિ; ત્યારે લોકમાં તે કીર્તિ પામે, અને લોક તેનો વિશ્વાસ કરે તથા પોતાના ચિત્તને રંજન કરે અને બીજાના ચિત્ત રીજવવા માટે ધર્મનો ઉદ્યમ કરે અર્થાત્ અશઠપણે એટલે ડહાપણથી ધર્માનુષ્ઠાન કરે.

૮. જે પોતાનું કાર્ય છોડીને પણ પારકાને ઉપકાર કરે તે પણ પોતાના તથા પરના આત્માને હિતકારક હોય તે કરે; પણ પાપ હેતુએ ન પ્રવર્તે તે સુદાક્ષણ્ય નામા આઠમો ગુણ કહીએ. તે સર્વ લોકને ઉપાદેય હોય. આદેય વાકયવાલો વ્યવહારમાં હોય.

૯. જે લજ્જાળુ ગુણવાલો હોય તે અંગીકાર કરેલું ધર્મનું કાર્ય મૂકે નહિ. સ્વપ્રતિજ્ઞા (લીધેલાં વ્રતનિયમો) નિર્વાહે. એટલે અંગીકાર કરેલ કાર્યને—લીધેલ નિયમને ગમે તેવાં કષ્ટો આવે છતાં પ્રાણાંતે પણ મૂકે નહિ. અકાર્ય ન કરે.

૧૦. દયાળુ હોય. તે દયામૂલ ધર્મની લાજ વધારે. કદાપિ દયામૂલ ધર્મને લોપે નહિ. એટલે પ્રાણાંતે પણ હિંસા ન કરે.

૧૧. મધ્યસ્થ સૌમ્યદષ્ટિ વાલો જે હોય તે કોઈ દર્શન ઉપર પક્ષપાત ન કરે, તેમ દ્વેષ પણ ન કરે. તે પુરૂષ ધર્મના મર્મને યથાર્થપણે જાણે. એટલે સદ્‌ગુણ, નિર્ગુણ, બહુ ગુણ, અલ્પગુણ તથા સર્વ પાખંડી નિરૂપીત જે ધર્મ તેને ક્રમકે

પરિક્ષક પુરૂષની પેઠે જાણે. અને જ્ઞાનાદિ ગુણનો સદા સંયોગ કરે તથા અનર્થકારક દોષોનો ત્યાગ કરે.

૧૨. જે ગુણાનુરાગી હોય તે ધર્મ ઉપર રાગ ધરે તથા નવા ગુણો પોતે પ્રાપ્ત કરે. ઘણા ગુણવંતને દુઃભાવે નહિ. એટલે કોઈ મહાત્મામાં ઘણા ગુણો હોય અને કદાચિત્ કોઇક દોષ હોય તો પણ તેને દુઃખવે નહિ. તથા નિર્ગુણની ઉપેક્ષા કરે, તેની સ્તુતિ કે નિંદા ન કરે. દેશવિરતિ કે સર્વવિરતિ ગુણવંત પુરૂષની સ્તુતિ કરે. બહુમાન આપે. જે ધન્ય એહનો અવતાર ! જે સર્વ સામગ્રી હોવા છતાં પણ અમૂક વસ્તુનો કે સર્વ વસ્તુનો ત્યાગ કરેલ છે. ઈત્યાદિ.

૧૩. જે સ્રી પ્રમુખની અશુભ (શીયલવંત સ્રીની કથા સિવાય) કથા કરવાથી મતિ કલુષિત થાય અને વિવેક એટલે સદ્ અસદ્ વસ્તુનો જે પરિજ્ઞાન તદ્રુપ રત્નનો નાશ થાય તે માટે ધર્માર્થિપુરૂષ સત્કથક હોય. એટલે તીર્થંકર, ગણધર, મહર્ષિ પ્રમુખના ચરિત્ર કહે. કારણ એ સત્કથારૂપ વિવેક એજ ધર્મનું નિદાન છે.

૧૪. જેનો પરિવાર ધર્મશીલ તથા અનુકૂલ હોય. ધર્મમાં વિઘ્ન ન કરે. વળી યશસ્વી અને સદાચારી હોય તેને સુપક્ષ યુક્ત ગુણવાળો જાણવો. તે પુરૂષ સારપ્રધાન ધર્મને નિર્વિઘ્ને કરી શકે.

૧૫. દીર્ઘ દર્શી ગુણવાળો જે પ્રથમ કાર્ય માંડે તે પરિણામે હિતકારી જ હોય. જ્ઞાતાસૂત્ર ૭ મા અધ્યયનમાં જેમ ધન્ના સાર્થવાહે પાંચ શાલિના દાણા આપી ચાર પુત્ર–વધુને સાચવવાની ભલામણ કરી હતી. તેમ ભવિષ્ય કાલનો વિચારક

હોય. ઉપલક્ષણથી તેમાં લાભ ઘણો ને અલ્પક્લેશ હોય. ઘણાં લોકોને પ્રશંસનીય હોય.

૧૬. જે વિશેષજ્ઞ ગુણવાળો હોય તે, વસ્તુના ગુણદોષોનો જાણ હોય. પક્ષપાત રહિત હોય. કારણ પક્ષપાતિ જે હોય છે તે, ગુણમાં દોષ જૂએ અને દોષમાં ગુણ જૂએ. પણ વિશેષજ્ઞ તો ગુણનો ગ્રહણ કરનાર હોય. ગુણનો ધરનાર હોય.

૧૭. વૃદ્ધાનુગત ગુણવાળો જે હોય તે વૃદ્ધ પુરૂષો, જ્ઞાનવૃદ્ધની સેવા કરનાર હોય. અને તે વૃદ્ધ પુરૂષોની સંગતથી તે પરિપક્વ બુદ્ધિવાળો થાય. જેથી પાપાચારમાં પ્રવર્તે નહિ.

૧૮. વિનયવંત પુરૂષ નિશ્ચે જ્ઞાનાદિની શુદ્ધિ કરે, કારણ કે સર્વ જ્ઞાનાદિ ગુણનું તથા મોક્ષનું મૂળ તે વિનય છે.

**यत : गाथा :-**

**विणओ सव्वगुणाणं, मूलं सन्नाण दंसणाइणं;**
**मुक्खस्सयतेमूलं, तेणविणिओ रह पसत्थो. १**

૧૯. કૃતજ્ઞ ગુણવાળો, બીજાને ગુણ તથા ધર્મમાં જોડે. ધર્મગુરૂ ઉપર ઘણો આદર કરે અને જેની બુદ્ધિ તત્ત્વ ગૃહણની હોય તે કૃતજ્ઞ જાણવો.

૨૦. પરહિતકારી—જે પુરૂષ હોય, તે બીજાને ધર્મમાં જોડે, કારણકે પોતે ગીતાર્થ (પંડિત) છે. જે અગીતાર્થ હોય તે બીજાને હિત કરવા ચાહે તો પણ અહિતજ કરે. પણ જે ધર્મમાર્ગનો જાણ હોય તેજ હિત કરે.

૨૧. લબ્ધ લક્ષ નામા ૨૧મો ગુણ—જે થોડા કાલમાં આગમાદિ સુખે ભણી શકે તથા વિના પ્રયાસે સમસ્ત શુભ

કાર્યને—ધર્મના અનુષ્ઠાનને જાણે. એ રીતે એકવીશ ગુણે બીરાજીત હોય તે ધર્મનું રાજ્ય પામે.

સંપૂર્ણ એ એકવીશ ગુણયુક્ત હોય તે ઉત્તમ જાણવો. અને ચોથે ભાગે હીન એટલે સોલ ગુણવાલો હોય તે મધ્યમ જાણવો. અને અર્ધગુણહીન એટલે દશ ગુણવાલો હોય તે જઘન્ય જાણવો. અને તેનાથી પણ હીનગુણી હોય તે દારિદ્રિ જાણવો. એટલે જેમ દારિદ્રિ હોય તે પોતાનું ઉદર ભરવાની ચિંતાએ વ્યાકુલ હોય તે રત્નના ક્રયવિક્રયની ચિંતા ન કરી શકે, તેમ હીનગુણી ધર્મરત્નનો મનોરથ પણ ન કરી શકે.

જે પાપને વર્જીને એ સામાન્ય ધર્મ જે શ્રાવકધર્મ તેને ઉપાર્જે તે પ્રાણી હે પ્રભુ! તારી ભક્તિ કરીને યશ-પ્રતિષ્ઠા પામે. એ એકવીશ ગુણવાલો દ્રવ્ય શ્રાવક કહેવાય. તે ભાવ શ્રાવકના ગુણને પામે.

## ભાવ શ્રાવકના ગુણ કહે છે.

જે એકવીશ ગુણને પામ્યા હોય અને પોતાની મર્યાદામાં રહ્યા હોય તે પ્રાણી ભાવશ્રાવકપણું પામે. તેના છ લક્ષણો છે.

### ચોપાઈઃ—

[૧]વ્રતનું કામજ કીધું જેણે, [૨]શીયલ વ્રતને ધાર્યું તેણે;<br>
[૩]ગુણવંતો પોતે કહાય, [૪]વ્યવહાર સરળ ચિત્તે કરાય. ૧<br>
નિત્ય ગુરૂ [૫]સેવાને કરે, [૬]આગમો તણાં અર્થને ધરે;<br>
ભાવ શ્રાવક તેજ કહાય, જીનેશ્વર એમ ભાંખે વાય. ૨

૧. જેણે વ્રતનું કામ કર્યું છે તેને કૃતવ્રતકર્મા કહીએ. ૨. શીયલવ્રતને ધારણ કર્યું હોય. ૩ પોતેજ ગુણને ધારણ

કરનાર હોય એટલે વિવિક્ષ ગુણવંત હોય. ૪ જેનો વ્યવહાર સરલ હોય પણ કપટ–પ્રપંચ નહિં. ૫. હંમેશાં ગુરૂદેવની સેવા કરનાર હોય. ૬ આગમના અર્થોને જાણતો હોય, એ છ લક્ષણો જેમાં હોય તેને પ્રત્યક્ષ ભાવશ્રાવક કહીએ.

હવે વિશેષ અર્થ કહે છે.

ઉપરોક્ત છ લક્ષણોમાંથી પ્રથમ કૃતવતકર્મા લક્ષણના ચાર ભેદ છે.

૧. શ્રવણ. ૨. જાણણા. ૩ ગ્રહણ ૪ પરિસેવા.

અર્થ:–૧ શ્રવણ એટલે સાંભળવું. ૨ જાણણા એટલે જાણવું. ૩. ગ્રહણ એટલે વિસ્તારપણે અંગીકાર કરે. ૪. પરિસેવા એટલે સમ્યક્ પાલવું. એ સામાન્યાર્થ.

એ ચારના વિશેષાર્થ:—

૧. શ્રવણ તે–અહીંયા બહુમાન કહ્યું પણ વિનય તથા બહુમાન બન્ને સહિત ગીતાર્થ ગુરૂ પાસેથી સિદ્ધાન્ત સાંભલે તેની ચોભંગી કહે છે–

૧. કોઇકિ ધૂર્તમાં બાહ્ય વંદનાદિ વિનય હોય, પણ ભારેકર્મી હોવાથી અંતરંગ પ્રીતિ–બહુમાન ન હોય.

૨. કોઇકમાં અંતરંગ બહુમાન હોય પણ પોતે ગ્લાનાદિ કારણથી અશક્ત હોવાથી વંદનાદિ ન કરી શકે તેથી વિનય ન દેખાય.

૩. કોઇક આસન સિદ્ધિ યા જીવમાં બાહ્ય વિનય તથા અંતરંગ બહુમાન બન્ને હોય.

૪. કોઇકિ આકરા પાપ કર્મિ જીવમાં વિનય તથા બહુમાન એક પણ ન હોય. એ શ્રવણનો અર્થ કહ્યો.

૨. જાણુણા. તે ગીતાર્થ પાસેથી સાંભલીને તેના વ્રત ભાંગાદિક બહુ ભેદને જાણે. એટલે તેના રહસ્યને સમજે. જેમ પચ્ચક્ખાણના ૪૯ ભાંગા થાય છે તેને ત્રણ કાલ વડે ગુણીએ તો ૧૪૭ ભાંગા થાય. વલી વ્રત આશ્રયિ ગણીએ ત્યારે એક વ્રતે છ, બે વ્રતે ૪૮, ત્રણ વ્રતે ૩૪૨ એ રીતે ગણતાં યાવત્ બારવ્રતે ૧૩૮૪૧૨૮૭૨૦૦ ભાંગા થાય.

ગાથાઃ—

**तेरसकोडिसयाइ, चुलसी कोडीओ बारसय लक्खा;**
**सगसिइ सहस्स दोसय, सव्वगं छक्कभंगीए. १**

નવ ભંગીએ એકવ્રતે નવ. બે વ્રતે નવાણું. યાવત્ બાર વ્રતે. ૯૯૯૯૯૯૯૯૯૯૯૯ ( બાર નવડા ) અને એકવીશ ભંગ કરીએ ત્યારે બારવ્રતે ૧૨૮૫૫૦૦૨૬૩૧૦૪૯૨૧૫ થાય. ૪૯ ભાંગે બારે વ્રતે ૨૪૪,૧૪૦,૬૨૪,૯૯૯૯૯૯૯૯૯૯૯૯ ભાંગા થાય. ૧૪૭ ભાંગાએ ૧૧૦,૪૪૩,૬૦૭,૭૧૯,૬૧૧,*૫૩૩,૩૫૬,૯૫૭,૬૯૫ ( આંક ૨૭ ) થાય. તે સર્વે ભાંગાનું જ્ઞાન જાણે. આદિ શબ્દથી વ્રતના અતિચાર જાણે. એ બીજા ભેદનો વિસ્તાર ધર્મરત્ન પ્રકરણથી જાણવો.

૩. ગ્રહણ તે ગુરૂ પાસેથી અંગિકાર કરે. તે વ્રત ગ્રહણ આશ્રયી પણ ચોભંગી છે. ૧. દેનાર જાણ ને લેનાર જાણ એ પહેલો ભાંગો શુદ્ધ છે.

૨. દેનાર જાણ પણ લેનાર અજાણ. એ બીજો ભાંગો પણ શુદ્ધ છે. કારણ દેનાર જાણ હોય તે બરાબર વ્રતનું સ્વરૂપ સમજાવીને આપે.

૩. દેનાર અજાણ અને લેનાર જાણ, એ ત્રીજો ભાંગો પણ કોઈક અપેક્ષાએ શુદ્ધ છે. એટલે લેનાર જાણ હોવાથી પોતે સમજીને લીએ, પણ વડિલાદિક પાસેથી સાક્ષીરૂપ માત્ર ગ્રહણ કરે, એ ભાંગો કારણિક છે.

૪. દેનાર અને લેનાર બન્ને અજાણ, એ ભાંગો અશુદ્ધ છે. અહીંયાં આણંદાદિક શ્રાવકે જેમ પ્રભુ પાસેથી વ્રત ગ્રહણ કર્યા તેમ ગ્રહણ કરે. તેના બે ભેદ. ૧. ઇત્વર તે ચોમાસા પ્રમુખના અમુક કાલના. ૨. યાવત્ કથીક તે જાવજીવના.

હવે મૂળ ૪ થો ભેદ—પરિસેવા—તે સમ્યક્રીતે પાળે. તથા ઉપસર્ગાદિક આવે તે કામદેવ શ્રાવકની પરે સહન કરે પણ વ્રતને વિરાધે નહિ. એ કૃત વ્રતકર્મના ચારે ભેદ (લક્ષણ) કહ્યા. એ ભાવશ્રાવકનો પહેલો લક્ષણ થયો.

હવે શીલવ્રત નામા લક્ષણનાં ૬ ભેદ કહે છે:—

૧. આયતન—એટલે જ્યાં સાધર્મિક ઘણાં મલે તે સ્થાનકને સેવે પણ ભીલની પલ્લી પ્રમુખને સેવે નહિં.

૨. પારકા ઘરમાં પ્રવેશ ન કરે; કેમકે કાંઇક વસ્તુ ખોવાય તો તેના ઉપર શંકા આવે. માટે વિના કારણે કોઇના ઘરમાં પેસે નહિ. કારણ પ્રસંગે જવું પડે તેની જુદી વાત છે. તે પણ સ્ત્રીયાદિ એકલી ઘરમાં હોય તો વિવેક સહિત પ્રવેશ કરે.

૩. ઉદ્ભટ વેશ ન પહેરે—જેથી ઉલ્લંઠ કે 'ડાલીઓ' કે ખરાબ માણસની ગણત્રીમાં ગણાય તેવો વેશ ન પહેરે. પણ મર્યાદા વાલો અને સાદો પહેરે.

૪. જેથી રાગદ્વેષની પરિણુતિ વધે એવાં વિકારનાં વચનો બોલે નહિ. પારકી નિંદા ન કરે. તેમજ કોઈનું મન દુ:ખાય

એટલે ઓછું આવે એવું પ્રાયઃ કટુ વચન બોલે નહિ. કોઇને હિત શિખામણ દેવા માટે કહેવું પડે તો કહે; પણ સામો માણસ ન માને અથવા પોતાને ઠીક ન લાગે તો મૌન રહે અથવા તદ્દન ઉપેક્ષા કરે એટલે કહેજ નહિ.

૫. શિશુલીલા—એટલે બાલક્રિડા, જૂગટું રમવું ઇત્યાદિકનો ત્યાગ કરે.

૬. મધુરૂં બોલે—ગમે તેવું કાર્ય પડે તો પણ હે સૌમ્ય! હે સુંદર! આ કામ કરશો? એમ બોલે. એ છ ભેદ નામ માત્ર કહ્યા.

## હવે વિસ્તારથી તેનાં ફલને કહે છે:—

### દશવૈકાલિક સપ્તમે અધ્યયને—

**तहिवकाणे काणेति, पिंडगं पिंडगे तिवा.**
**वाहियं वाचि रोगेति, तेणं चोरेति नोवए ॥१२॥**

૧. આયતન—સાધર્મિકના સ્થાપકને સેવતાં ગુણની પુષ્ટિ થાય, ત્યાં ધમ કથા, જ્ઞાનગોષ્ટિથી આત્માને હિત થાય.

૨. પારકે—બીજાને ઘેર જતાં દોષ વધે, સુશીલ પુરૂષને પણ કલંક ચડે.

૩. ઉદ્ભટ વેષ—તે સત્પુરૂષને શોભાકારક ન થાય, પણ નિંદાકારક થાય.

૪. વિકારી વચન બોલવાથી, કામવિકાર રાગની ઉત્પત્તિ થાય. માટે તેવાં વિકારી વચન ન બોલે.

૫. જે બાલક્રિડા જુગાર રમવું, ગંજીફા ખેલવા ઈત્યાદિ પ્રવૃત્તિ તે મોહનું લિંગ છે. વળી અનર્થ દંડ છે. તે જીવને મનોહર લાગે છે પણ નિષ્પ્રયોજને આત્મા તેથી દંડાય છે.

૬. જે કઠણ વચન બીજાને કહેવું તે ધર્મિજીવને માન્ય નથી, કારણ પરને પીડાકારી સત્યવચન પણ ન બોલવું.

યથા દશાવૈકાલિક સૂત્રે:—

**तहेव काणे काणेति, पिंडगं पिंडगे तिवा। इति.**

કાણાને કાણું ન કહેવું. નપુંશકને નપુંશક ન કહેવું, તેમ યાવત્ જે નામથી સામાને દુઃખ ઉપજે તેવાં કઠીન વાકયો ન કહેવા. ઇતિ શીલવ્રત નામા બીજો લક્ષણ પૂર્ણ થયો.

હવે ભાવશ્રાવકનો ત્રીજો લક્ષણ કહે છે.

## ચોપાઇ

ઉદ્યમ કરે સદા સજ્ઝાય,[1] કરણ[2] વિનયમાં[3] સર્વ ઉપાય;
અનભિનિવેશી[4] રૂચી જીનઆણ,[5] ધરે પંચગુણ એહ પ્રમાણ. ૧

ગુણવ્રત નામા ત્રીજા લક્ષણના પાંચ ગુણ વખાણે છે. યદ્યપિ તેમાં ઔદાર્ય, ગાંભિર્યાદિ અનેક બીજા ગુણો છે તથાપિ અત્રે ગીતાર્થીઓએ પાંચ ગુણો કહ્યા છે. અને એકેકા ભેદનાં બીજાં પણ ભેદો છો તે પણ અત્રે બતાવેલ છે.

૧. સજ્ઝાયમાં સદા ઉદ્યમ કરે. તેનાં પાંચ ભેદ કહે છે:—

૧. વાચના એટલે શાસ્ત્ર ભણવું.

૨. પૃચ્છા—એટલે સંશય પડયે ગુર્વાદિને પૂછવું.

૩. પરાવર્ત્તના—તે વિસરી જવાય માટે તેનું પરાવર્ત્તન (ફેરવવું) કરવું.

૪. અનુપ્રેક્ષા—તેના અર્થનો વિચાર કરવો.

૫. ધર્મકથા કહેવી. એ પાંચ પ્રકારની સજ્ઝાય હમેશાં કરે.

૨. કરણ—એટલે અનુષ્ઠાન, નવકારસી પ્રમુખ પચ્ચક્ખાણ તથા સામાયિકાદિ ક્રિયા કરે.

૩. ગુર્વાદિક આવે ત્યારે ઉઠવું, સામા જવું, વંદનાદિ કરવું. તેમાં સવથા પ્રકારે વિનય કરવાને તત્પર રહે.

૪. અનભિનિવેશી–તે કદાગ્રહ રહિત હોય, આલોક સાધવામાં કદાગ્રહ ન કરે.

૫. શ્રી જિનઆણામાં આકરી રૂચી–તીવ્ર શ્રદ્ધા હોય. એ પાંચ ગુણવાલા હોય તેને ગુણવંત કહિએ તે માન્ય છે.

**હવે ફળ કહે છેઃ—**

૧. સજ્ઝાય કરતાં જીવને વૈરાગ્યની વૃદ્ધિ થાય.

૨. અનુષ્ઠાનમાં સાવધાન થકો જીવ તપ તથા નિયમમાં ઉદ્યમવંત થાય. તે તપના બાર ભેદ પ્રસિદ્ધ છે. અને નિયમ તે સાધુને વિશ્રામણ. તે ગ્લાનાદિને તથા તપસ્વિને પારણા અને ઉત્તરવારણામાં તથા લોચ કરાવ્યો હોય તથા આગમના અભ્યાસી હોય તેને ઘૃત–દુધ–દહીં વિગેરે પથ્ય ભોજનનું દાન દેવું. તે મહા ફળ છે. તથા ગુરૂવંદન પ્રમુખ પણ એમાં લેવું.

કેટલાકો ( જેને દાનાંતરાયનો ઉદય છે એવા ) કહે છે કે–સાધુઓને દુધ, દહીં, ઘૃત વિગેરે આપવું નહિ. ( ખાવું નહિ ) સાધુએ તો હમેશાં તપશ્ચર્યા કરવી. કેટલાકો (રાગાંધ હોય છે તે પોતાના રાગવાલાને મૂકીને બીજાઓના માટે) કહે છે કે સાધુઓને આપવામાં ધર્મ નથી. પણ બીચારાઓની દયા આવે છે, કારણકે પોતે અજ્ઞાન અને રાગાંધ છે. તેમજ દ્વેષની વૃદ્ધિ હોવાથી એમ કહે છે. પણ સાધુઓ હમેશાં ધર્મોપદેશ આપી ઘણાંના આત્મ કલ્યાણ કરાવે છે તે શક્તિ સિવાય કેમ હોઇ શકે? જ્ઞાનાદિકનો અભ્યાસ પણ મસ્તકની નબળાઇથી થઇ શકે નહિ. વિહારાદિ શરીરની શક્તિ સિવાય થઇ શકે નહિ. ઈત્યાદિ દરેક ક્રિયા શક્તિ અને સમાધિ સિવાય થઇ શકતી નથી; એ મૂર્ખ ક્યાંથી જાણે?

ત્રીજા લક્ષણનો ત્રીજો ગુણ.

૩. ગુણનિધાન પુરૂષનો વિનય કરે. તે આવે ત્યારે ઉભો થાય, સન્મુખ જાય, મસ્તકે અંજલી કરે. "હાથ જોડે" આસન આપે, ગુરૂ બેશે ત્યારે તેની સેવા કરે, જાય ત્યારે વોલાવા જાય, ઇત્યાદિ વિનય કરે. તે વિનિત શિષ્યો ઉપર ગુરૂનો પણ આદર વધે. જેથી ગુરૂ તેને શાસ્ત્રની આમ્નાયાદિ આપે.

૪. જે અનભિનિવેશી–કદાગ્રહ રહિત હોય, ગીતાર્થી પુરૂષોએ જે કહ્યું છે તે યથાર્થ માને તથા ગીતાર્થી પાસેથીજ ઉપદેશ સાંભળે.

૫. શ્રદ્ધાપૂર્વક સાંભળવાને ચાહે. ઉપલક્ષણથી ઇચ્છાપૂર્વક અનુષ્ઠાન કરે. એવી શ્રદ્ધા વિના સમ્યકત્વની શુદ્ધિ ન હોય. એ સમ્યકત્વનો મોટો હર્ષ છે. ભાવશ્રાવકનો એ ત્રીજો લક્ષણ થયો.

**૪ થો ઋજુ વ્યવહારનામા લક્ષણ, તેના ચાર ભેદ છે.**

૧. યથાર્થ કથન–તે પરને ઠગવા માટે ધર્મને અધર્મ ન કહે તેમ અધર્મને ધર્મ ન કહે. ક્રયવિક્રય, વ્યવહારમાં-લેવડદેવડમાં જૂઠું ન બોલે. તથા વ્યવહાર માટે રાજ્ય દરબારે પણ ખોટી સાક્ષી ન પૂરે. તથા ધર્મની હાંસી થાય તેવું વચન ન બોલે.

૨. અવંચક ક્રિયા. તે બીજાને કષ્ટ ઉપજે, છેતરાય (ઠગાય) તેવી ક્રિયા ન કરે. સારી વસ્તુમાં ખરાબ વસ્તુ મેળવીને ન આપે. તથા ત્રાજવાં પ્રમુખમાં કે તોલ માપમાં દગો કરી ઓછું આપવું કે વધારે લેવું તેમ કરે નહિ. યદ્યપિ એવી

વંચકક્રિયાથી બીજાને ઠગવા ચાહે પણ તેથી પોતાનો આત્મા ઠગાય માટે તેથી નિવૃત્ત થાય.

૩. પાતિક પ્રગટન–તે કોઇ પાપ કરતો હોય તો તેને તેના દોષ કહી બતાવે કે હે ભદ્ર! આ પાપ કરીશ નહિ, એના વિપાક ખોટાં છે. એમ તેને સમજાવે પણ તેની ઉપેક્ષા ન કરે.

૪. મૈત્રીપ્રિયા–તે પ્રિય મૈત્રી કરે. નિષ્કપટપણે મિત્રાઇ કરે–રાખે; એવી રીતે જે નિખાલસ હોય તે 'સાર' બોધિ-બીજને પામે. ચાર ભેદે ઋજુ વ્યવહાર કહીએ. એથી વિપરીત વર્તે તો બોધિ–બીજ જાય. એમ ચોથો લક્ષણ પૂર્ણમ્.

**હવે ભાવશ્રાવકનો પમો લક્ષણ કહે છે.**

**૫–ગુરૂ શુશ્રુષા નામા લક્ષણ, તેના ચાર ભેદ કહે છે.**

૧. સેવના–તે ગુરૂની સેવા કરે.

૨. કારણ–તે બીજા પાસેથી ગુરૂની સેવા કરાવે.

૩. સંપાદાન–તે ગુરૂને ઔષધાદિકનું દાન આપે.

૪. ભાવના–તે ગુર્વાદિ તથા તેના પરિવારાદિકનું બહુ-માન કરે. અત્રે ધર્મગુરૂ લેવા; પણ માતાપિતાદિ ન લેવા, કારણકે તે લૌકિક ગુરૂ છે.

**યતઃ—**

**ધર્મજ્ઞો[૧] ધર્મકર્ત્તા[૨] च, सदा धर्म[૩] प्रवर्त्तकः**
**सत्वेभ्यो धर्मशास्त्राणा, देशिको[૪] गुरूरुच्यते. १**

અર્થઃ–[૧]ધર્મજ્ઞ, [૨]ધર્મકર્ત્તા, સદા ધર્મનો [૩]પ્રવર્ત્તક તથા સર્વ પ્રાણી માત્રને ધર્મ શાસ્ત્રનો [૪]ઉપદેશ દેનાર તે ગુરૂ કહેવાય.

## હવે એ ચારનો વિશેષાર્થ કહે છેઃ-

૧. અવસર પામીને ગુરૂની સેવા કરે, પણ અવસર વિના ન કરે. તે ધર્મધ્યાનાદિક યોગ. પ્રત્યુપેક્ષણા તે આવશ્યકાદિ ક્રિયા કરતા હોય તો તેનો વ્યાઘાત ન કરે. જીર્ણશેઠની પરેં. જ્યારે પ્રશાંતચિત્ત અને ઉત્તર દેવા હાજર હોય ત્યારે સેવા કરે.

૨. બીજાને ગુરૂના ગુણનું વર્ણન કરીને તેને ગુરૂ સેવામાં પ્રવર્ત્તન કરાવે, જેથી પ્રમાદિ હોય તે પણ ગુરૂસેવામાં પ્રવર્ત્તે.

૩. ઔષધ પ્રમુખ પોતા પાસે હોય તે પોતે આપે. અગર ન હોય તો બીજા પાસેથી અપાવે. ત્યાં એકદ્રવ્ય તે ઔષધ અને અનેક દ્રવ્યનો સંયોગ તે ભેષજ અથવા બાહ્યોપયોગી તે ઔષધ અને અંદર ભોગવવા યોગ્ય તે ભેષજ. વલી પ્રમુખ શબ્દે સંયમોપકારી વસ્તુ જે જોઇએ તે આપે અથવા અપાવે.

૪. ગુરૂના અભિપ્રાયે ચાલે. ગુરૂનું બહુમાન કરે. અવિચળ થકો ગુરૂની આજ્ઞાએ પ્રવર્તે, પણ સ્વેચ્છાએ નહિ. એ ભાવશ્રાવકનો પાંચમો લક્ષણ થયો અને ચોથો ભેદ પૂર્ણમ.

## પ્રવચન દક્ષ નામા ૬ ઠું લક્ષણ કહે છે.

## તેના છ ભેદ કહે છેઃ-

૧. સૂત્રને વિષે કુશળ.
૨. અર્થને વિષે કુશળ.
૩. ઉત્સર્ગને વિષે તે સામાન્ય સૂત્રને વિષે કુશળ.
૪. અપવાદ—એટલે વિશેષ સૂત્રને વિષે કુશળ.
૫. વિધિપૂર્વક ધર્માનુષ્ઠાનને વિષે કુશળ.

૬. વ્યવહાર–એટલે ગીતાર્થની આચરણા રૂપ જે જીત-વ્યવહાર તેને વિષે કુશળ, તે ઉદ્યમ સહિત નિપુણપણું પામ્યો છે એવો જે પુરૂષ તેને પ્રવચન દક્ષ કહીએ. એ સામાન્યથી ભેદ કહ્યા.

## હવે વિશેષથી કહે છે–

૧. શ્રાવકને યોગ્ય સૂત્ર, ચઉશરણાદિક, પ્રવચન માતાથી માંડીને છ જીવણીયા અધ્યયન પર્યંત ગુરૂ પાસેથી ભણે પણ સ્વતંત્ર ભણે નહિ. ઉપલક્ષણથી જીવાદિ નવ પદાર્થ, પંચસંગ્રહ, કમ્મપયડી પ્રમુખ ગ્રંથના સમુહને પોતાની બુદ્ધિના અનુસારે ભણે.

૨. તે સૂત્રનો અર્થ–સંવિજ્ઞ ગુરૂ પાસેથી સાંભળે.

૩–૪. ઉત્સર્ગ તથા અપવાદ બન્ને સાથે કહે છે. વિવાદ રહિતપણે પોત–પોતાના ઠેકાણે વિષયનો વિભાગ જાણે એટલે ઉત્સર્ગને ઠેકાણે ઉત્સર્ગને જાણે અને અપવાદને ઠેકાણે અપવાદને જાણે પણ એકલો ઉત્સર્ગ કે એકલો અપવાદ જ ન આલંબે. જે અવસરે જે કરવું ઘટે તે અવસરે તે કરે. એટલે લાભાલાભનો વિચાર કરે.

૫. દેવ–ગુરૂ વંદનાદિ વિધિને વિષે પક્ષભાવ કહેતાં બહુમાન હોય. તથા બીજો વિધિપૂર્વક ક્રિયા કરતો હોય તેનું પણ બહુમાન કરે. વિધિ સામગ્રીના અભાવે પોતે યથાર્થ વિધિ ન કરી શકતો હોય તો પણ વિધિ આરાધવાનો મનોરથ મૂકે નહિં.

૬. વ્યવહાર કુશલ–તે જેમ દેશકાલ પ્રમુખ હોય તેને અનુસારે પોતે પ્રવૃત્તિ કરે. એટલે દેશ તે–સુસ્થિત, દુસ્થિતાદિ.

કાલ તે સુકાળ, દુઃકાળાદિ, પ્રમુખ શબ્દે દ્રવ્ય સુલભ, દુર્લભાદિ. ભાવ શબ્દથી રોગી, નિરોગી વગેરે તે સર્વેને પોતપોતાની હદે જાણે. ગીતાર્થનો સર્વ વ્યવહાર પોતે જાણે, એટલે ઉત્સર્ગ, અપવાદાદિના જાણુ ગીતાર્થ પુરૂષે જે વ્યવહાર આચર્યો હોય તેને પોતાની મતિ કલ્પનાએ દૂષણ આપે નહિં, પણ પોતે અંગીકાર કરે તેને પ્રવચન કુશળ કહીયે. તે ઉદાર કહેતાં પ્રધાન છે, એ ભાવશ્રાવકનાં લક્ષણ કહ્યા. એ છ પ્રકારના લિંગ તે ક્રિયા થકી ઓળખાય. જેમ ધૂમ્રથી અગ્નિ ઓળખાય તેની પેઠે જાણવું. એ વિધિ પ્રમાણે જે શ્રાવક આચરે તે સુખને વરે. એ ક્રિયાગત છ લિંગ ભાવશ્રાવકના કહ્યા.

અહિં શિષ્ય પ્રશ્ન કરે છે કે—એટલાજ ભેદ છે કે વધારે ભેદ છે? ગુરૂ ઉત્તર આપે છેઃ—

## હવે ૧૭ પ્રકારનાં ભાવગત લિંગ ભાવ શ્રાવકના કહે છે.

૧. સ્ત્રી ચપળ ચિત્તવાલી છે એટલે અન્ય—અન્ય પુરૂષની ઇચ્છા કરનાર છે. વલી નરકની મોટી વાટ છે તે વાત કાંઈ ખોટી નથી. એમ જાણીને તેનો ત્યાગ કરે.

“ સ્ત્રીને ચપળ ચિત્તવાલી વિગેરે જે દૂષણો બતાવ્યા છે તે સ્ત્રી વેદનો બંધ માયા તથા મિથ્યાત્વ થાય છે. વલી સ્ત્રી હોય તો પરિગ્રહની વૃદ્ધિ થાય છે માટે સર્વે અનર્થનું મૂળ સ્ત્રી છે. બધીએ સ્ત્રીઓ ખરાબ નથી પણ આ ઉપદેશવાક્ય છે. કારણ કે અનંત સ્ત્રીઓ મોક્ષે ગઈ છે, જાય છે અને જશે.

૨. પાંચ ઇંદ્રિય રૂપ ચપલ અશ્વને જ્ઞાનની રાસડીથી બાંધી રાખે. જેમ મસ્તિખોર, ચપળ એવો જે હોય તે પોતાના અસ્વારને વિકટ અટવીમાં લઈ જાય છે તેમ ઉન્માદને પામેલી ( મોકળી મૂકેલી ) ઇંદ્રિયો ગહન સંસાર રૂપ અટવીમાં લઈ જાય છે; માટે તેને જ્ઞાન, વૈરાગ્યથી વશ રાખે તે બીજો ગુણ જાણવો.

૩. અર્થ એટલે પૈસો તે ઘણા કલેશનું કારણ છે. કારણ દ્રવ્યને વાસ્તે માણસ સમુદ્ર પર્યટન, વિષમ અટવીમાં ભ્રમણ, તથા ક્ષુધા, તૃષાની પીડા વિગેરે ઘણા કષ્ટો સહે છે તો પણ મુશ્કેલીથી મળે છે. અને કદાચ મળે તો પણ પાછો જતો રહે છે. માટે તેને અસાર જાણી દ્રવ્ય પેદા કરવાને વાસ્તે પાપ કરે નહિ.

૪. ભવ કહેતાં ચતુર્ગતિરૂપ સંસાર તે વિડંબના મય છે. વલી જન્મ, જરા, મરણ, રોગ, શોકાદિ દુઃખ રૂપ છે. તથા જન્માંતરને વિષે નરકાદિ દુઃખોનો હેતુ છે. એમ દુઃખની પરંપરાનો હેતુ છે. એમ હૃદયમાં સમજે. એ ચોથો ગુણ શ્રાવક અંગીકાર કરે.

૫. વિષય–તે ક્ષણિક સુખના દેનાર છે. પણ પરિણામે કાલકૂટ વિષ જેવા મહાદારૂણ–ભયંકર છે. એમ જાણીને તેને અત્યંતપણે ચાહે નહિં. અને તેથી ડરતો રહે. એટલે રખેને મને એનો પાશ લાગે એમ તેને ન છૂટકે સેવે, તો પણ સશંક રહે, પણ આસક્ત થાય નહિં. તે પાંચમા ગુણને પ્રાપ્ત કરેલો જાણવો.

૬. આરંભ ત્યાગ–ઘણાં પ્રાણીની જેમાં હિંસા થાય

તેવા આરંભનાં કાર્યો "ષટ્ કર્માદિ" નો ત્યાગ કરે. અને કદાચિત્ કરવાં પડે તો પણ સશોક પણે કરે, પણ નિઃશોક-પણે ન કરે. યદ્યપિ ન છુટકે તેને કિંચિત્ આરંભ કરવો પડે તો પણ તે નિરારંભીજન જે મુનિરાજ તેનો અત્યંત રાગી હોય એટલે ધન્ય છે મુનિરાજને જે સર્વ આરંભના ત્યાગી છે. હું ક્યારે એહનો ત્યાગ કરીશ એમ ધ્યાવે. તે છઠ્ઠા-ગુણનો સંભાગી થાય.

૭. સાતમો ગેહ નામા ગુણ કહે છે—તે ગુણને પ્રાપ્ત થએલો પ્રાણી ગૃહસ્થાવાસને પાશ એટલે બંધન સમાન માને. જેમ પક્ષી પાશમાં પડયો ઉડી ન શકે અને પોતાના આત્માને દુઃખી માને, તેમ માતાપિતાદિકના સંબંધથી દીક્ષા ન લઇ શકે તો પણ સંસારમાં રહ્યો થકો મોહ જીતવાનો અભ્યાસ કરે. એટલે જેમ જંબૂસ્વામીના જીવ શિવકુમારે બાર વર્ષ સુધી સંસારમાં પણ તિવ્ર તપશ્ચર્યા કરી. તેમ તદ્દન નિર્મોહ-પણે ગૃહવાસમાં રહે. એ સાતમો ગુણ ધરે.

૮. આઠમા દર્શન ગુણવાલો પ્રાણી, જેનાથી સમકિતને પામ્યો હોય તે ગુરૂ, ધર્માચાર્યની ભકિત બહુ ભાંતે કરે. અને પોતાની શકિત શ્રદ્ધામાં ફેરવે. એટલે આસ્તિક ભાવ સહિત નિરતિચાર દર્શનને ધરતો પોતાની શકિતએ પ્રભાવના કરે. તથા યશોગાન કરે. એમ સમકિતની નિર્મલતા કરે. એ ૮ મો ગુણ.

૯. લોકસંજ્ઞા ત્યાગ—લોક સંજ્ઞાનો ત્યાગ કરે. કારણ કે લોક તે અવિચારિત મંતિવાલા ગાડરિયા પ્રવાહે વર્તનારા હોય છે માટે તે પ્રવાહે ન ચાલે. ઇતિ. ૯ મો ગુણ.

૧૦. દશમો આગમ ગુણ કહે છે—જે ક્રિયા કરે તે આગમની સાક્ષીયે કરે. એટલે આગમને અનુસારે કરે પણ પોતાની મતિ કલ્પનાએ નહિં. અને એમ વિચારે જે આગમ વિના જે લોક સાધવાનો માર્ગ તેનો કોણ સાક્ષી છે. માટે વિતરાગના આગમમાં જ એવા માર્ગ હોય એવું કહીને દેવવંદન, ગુરૂવંદન, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણાદિ રૂપ ક્રિયા આગમોક્ત રીતે કરે. એ દશમા ગુણથી ક્રિયા પામે કારણ ક્રિયા સિવાય એકલા જ્ઞાનથી મુક્તિ નથી.

૧૧. દાન—પોતાની યથા શક્તિએ પોતાને બાધ ન આવે તેવી રીતે દાનાદિક કરે. જો દ્રવ્ય પાત્ર હોય તો અઢલક દાન આપે અને જો અલ્પધન વાલો હોય તો અતિ ઉદાર ન થાય.

उक्तंचः–

**लाभोचियदाणे, लाभोच्चिय भोयणे;**
**लाभोच्चिय परिभावे, लाभोच्चिय निधिकरे सीया. इति ॥१॥**

એમ થોડે કાલે ઘણું દાન આપી શકે. તેમજ શીલ, તપ, ભાવનાને વિષે પણ યથા શક્તિએ પ્રવર્ત્તે એમ પ્રગટ પણે અગ્યારમો ગુણ આવે.

૧૨. ચિંતામણી રત્ન સરખો પોતાનો ધર્મ પામીને મૂર્ખ લોક કદાચ હસે, તો પણ ધર્મ કરણી કરતાં લાજે નહિં; પણ પોતાના ધર્મમાં ગાજે. હર્ષ ધરે.

૧૩. અરક્તદ્વિષ્ટ ગુણ કહે છે:—ધન, ભવન આદિ શબ્દથી સ્વજન, કુટુંબ, આહાર, ક્ષેત્ર, પુત્ર, કલત્ર, વસ્ત્ર, શસ્ત્ર, યાન, વાહન ઇત્યાદિક પદાર્થ સાથે રહેતો થકો પણ તેમાં વિશેષે

રાગ, દ્વેષ ન હોય, મંદ આદર હોય, સમભાવ રાખે. સર્વથા રાગ દ્વેષનો અભાવ તો ઉપરના ગુણઠાણે હોય. પણ અહીંયાં મધ્યસ્થ ભાવ હોય. એટલે ઇષ્ટ વસ્તુ ઉપર વિશેષ આશક્તિ ન હોય. તેમજ અવિનિત લોક કે અનિષ્ટ વસ્તુ ઉપર દ્વેષ–અણુગમો ન હોય. તે એમ જાણે જે એ સર્વ ધન, ભવનાદિક પરભાવ છે, મારી વસ્તુ નથી. જીવ એ સર્વનો ત્યાગ કરી પરભવમાં એકલો જશે, માટે એનો શો આદર કરવો ? તથા વસ્તુના ગુણદોષ અને કર્મ પરિણિતનો જાણ હોવાથી દ્વેષ પણ ન કરે. તે ભાવ શ્રાવક એમ ભાવે જે સર્વ અશાશ્વત પદાર્થમાં આગ્રહ શો રાખવો ! જ્ઞાન, દર્શનાદિ આત્મગુણોજ શાશ્વત છે.

૧૪. મધ્યસ્થ ગુણ—એ ગુણવાલો રાગ, દ્વેષમાં (પક્ષપાતમાં) તણાય નહિં. મધ્યસ્થપણું એટલે મધ્યસ્થ બુદ્ધિવડે પરમાર્થનો વિચાર કરે કે, મેં મારો મત લીધો તે હવે કેમ મૂકું ? એમ સ્વપક્ષનો આગ્રહ ન રાખે, અથવા અમુક મારો મત ખંડે છે તો તેનું હું ખંડન કરૂં, એવો દ્વેષ ન કરે. તે પ્રાણી ચૌદમા ગુણને બાધા ન આપે. અને હઠ–કદાગ્રહ છોડી ભલા માર્ગને સાધે, પરદેશી રાજાની પેરે. ગીતાર્થ ગુરૂ વચનથી પોતાનો મત છોડી સત્યમાર્ગ અંગીકાર કરે. તેરમા ગુણમાં ધન, ભવનાદિકમાં રાગ દ્વેષ ન હોય, મંદ આદર હોય. અને ચૌદમા ગુણમાં ધર્મમાં ધર્મને નામે કદાગ્રહ ન હોય. એમ અંતર છે.

उक्तंच:–

**स्वागमं रागमात्रेण, द्वेषमात्रात् परागमं;**
**नस्त्यजामोश्रयामोवा, किंतु माध्यस्थ्या दशाः ॥ १ ॥**

અર્થઃ—સ્વાગમ—જૈનાગમનો હું રાગ માત્રથી એટલે પક્ષપાતથી આદર કરતો નથી. તેમ જ પરાગમ—વેદાદિનો દ્વેષ માત્રથી હું ત્યાગ કરતો નથી; પણ મધ્યસ્થ (પરિક્ષક) બુદ્ધિવડે પરિક્ષા કરતાં અવિસંવાદી જિનાગમ છે અને વિસંવાદી અન્ય આગમ છે એમ નિર્ણય કરી નિખાલસ વૃત્તિએ ત્યાગ અને સ્વિકાર કરેલ છે.

૧૫. અસંબંધ—સર્વ પદાર્થ ક્ષણ ભંગુર છે, અનિત્ય છે. તન, ધન, સ્વજન, જીવિતવ્ય, દ્રવ્ય, પદાર્થ પ્રમુખ એ સર્વ મારા નથી એમ વિચારીને સંતપુરૂષોની સેવા કરે, પણ ધનાદિની સંગત ન કરે. સંત પુરૂષોની સોબતથી ગુણની વૃદ્ધિ થાય.

૧૬. પરાર્થ કામોપભોગી—સંસારને વિષે વિરક્ત મનવાલો છતાં પણ પરના દાક્ષિણ્યથી ભોગાદિને ભોગવે. એવા ઉદાસીન જ્ઞાનવડે સોલમો ગુણ પામે.

૧૭. નિસ્નેહ વૃત્તિ—જે વેશ્યાની પરેં ગૃહવાસ પાળે. એટલે વેશ્યા એમ વિચારે જે આજે છોડશું અથવા કાલે છોડશું; એમ વેશ્યાની જેમ, નિસ્નેહ વૃત્તિ હોય છે તેમ આ ગુણવાલાની પણ ઘરવાસ છોડી સંયમ લેવાની વૃત્તિ પૃથ્વીચંદ્ર કુમારની માફક હોય. એટલે એ ઘરવાસને બીજાનું માને. એને તો મોક્ષલક્ષ્મી મેળવવાની અભિલાષા હોય. એ સત્તરમો ગુણ કહ્યો. દેશવિરતિના નાના (અનેક) ભેદ છે. માટે અભિપ્રાય જુદા જુદા હોવાથી ભેદ પણ જુદા જુદા થાય; માટે પુનરુક્તિ દોષ ન જાણવો.

એ ગુણના સમૂહથી જે ભર્યા હોય તેને ભાવશ્રાવક કહીએ.

यतः-इहसत्तरगुणजुत्तो, जिणागमे भाव सावगो भणिओ. ઇતિવચનાત્. શ્રી જિનઆણા પાલવી તે જિનભક્તિ છે. અને તે આજ્ઞાનું પાલન તેજ ભાવશ્રાવકપણું છે.

ભાવશ્રાવકપણું તેજ દ્રવ્ય સાધુપણું છે. "कारणयासे दव्वं ભાવનું કારણ તે દ્રવ્ય કહેવાય. એટલે જે દ્રવ્ય સાધુ હોય તે ભાવસાધુપણું પામે.

**ભાવસાધુના સાત લક્ષણ કહે છે.**
**यदुक्तं धर्मरत्न प्रकरणेः-**

पयस्सउ लिंगाइं, सयलामग्गाणु सारिणि किरिआ, (१)
सद्धा (२) पवरा धम्मे, पन्नवणिज्जत्तमुजुभावा (३) ॥ १ ॥
किरिआसु (४) अप्पमाओ, आरंभो सक्कणिज्जणुठाणे, (५)
गुरुओ गुणाणुराओ, (६) गुरुआणाराहणा (७) परमं ॥ २ ॥

અર્થઃ—૧ સઘલી માર્ગાનુસારિણિ ક્રિયા. ૨—ધર્મમાં પ્રવર—શ્રદ્ધા. ૩—સરળ ભાવ વડે પ્રજ્ઞાપનીયપણું. ૪—ક્રિયામાં અપ્રમાદ. ૫—શક્યાનુષ્ઠાનનોજ પ્રારંભ. ૬—ભારે ગુણાનુરાગ. ૭ ગુરૂની આજ્ઞાનું ઉત્કૃષ્ટ આરાધન. એ સાત ભાવસાધુના લિંગ છે. એનો સામાન્ય નામાર્થ કહ્યો. હવે વિશેષાર્થ કહે છે.

૧. માર્ગ તે ઈચ્છિત સ્થાને પહોંચવા જેને શોધીયે તે માર્ગ. તેમાં દ્રવ્ય માર્ગ તે ગ્રામાદિનો અને ભાવમાર્ગ મુક્તિનો. તે જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ છે. તે ભાવમાર્ગ અહીં લેવો.

૧. આગમની નીતિ એટલે સિદ્ધાંતમાં કહેલો આચાર, ક્રિયાકલાપ જાણવો.

૨. ઘણા સંવિજ્ઞ ગીતાર્થ પુરૂષોની આચરણારૂપ જાણવો.

૧. આગમ એટલે આપ્ત પુરૂષનું વાક્ય. કેમકે વિતરાગ હોવાથી તેઓ જૂઠું બોલે નહિ.

૨. અને તેની નીતિ તે ઉત્સર્ગ, અપવાદ રૂપ શુદ્ધ સંયમ પાળવાનો ઉપાય જાણવો. વળી સંવિજ્ઞ એટલે મોક્ષાભિલાષી, ઘણા ગીતાર્થ પુરૂષોએ જે આચરણા કરી હોય તે પણ જીત-વ્યવહાર પ્રમાણ છે. સૂત્રમાં અન્યથા કહેલું છતાં પણ કાલાદિક કારણની અપેક્ષાથી ગીતાર્થ પુરૂષોએ જુદી રીતે જે આચરણા કરી છે તે પ્રમાણ છે, પણ અગીતાર્થ આચરણા પ્રમાણ નથી.

यदुक्तः-

**जंसव्वहासुत्ते, नपडिसिद्धनेवजीववहहेतु;**
**तं सव्वं पि माणं, चारित्तधणाणभणियंच. ॥ १ ॥**

અર્થ:—જે સૂત્રમાં સર્વથા ન નિષેધ્યું હોય, અને જીવવધનો હેતુ ન હોય, તે સર્વ ચારિત્રવંતોને પ્રમાણ છે. કાર્યને અવલંબીને ગીતાર્થો જેમાં અલ્પહાની અને બહુ લાભ હોય તેવું કામ આચરે છે તે પ્રમાણ છે; પણ લાઘવભાવ વિચાર્યા સિવાય સુખશીળજનોએ જે આચરણા કરી હોય, પ્રમાદરૂપ આચરણા હોય તે અપ્રમાણ છે. જેમકે શ્રાવકોમાં મમત્વ કરવો, (રાખવો) શરીરની શોભા માટે શુદ્ધ વસ્ત્ર, પાત્ર, આહાર લેવાં, એક સ્થાને વસવું એ બધી પ્રમાદિ આચરણા તે અપ્રમાણ છે. એ ભાવસાધુનો પ્રથમ લક્ષણ કહ્યો.

**હવે ભાવ સાધુનો બીજો લક્ષણ કહે છે:-**

૨. શ્રદ્ધા—એટલે તિવ્રાભિલાષ એટલે કર્મના ક્ષયોપશમ અને સમ્યગ્જ્ઞાનથી થએલી ઇચ્છા. તેના ૪ ભેદ છે.

૧. વિધિ સેવા. ૨. અતૃપ્તિ. ૩. શુદ્ધ દેશના. ૪. સ્ખલિતની વિશુદ્ધિ. તેમાં વિધિસેવાનું સ્વરૂપ કહે છે.

૧. જ્યાં સુધી શક્તિ હોય ત્યાં સુધી વિધિપૂર્વક જ અનુષ્ઠાન કરે. અને જો દ્રવ્યાદિકના દોષથી તેમ ન કરી શકે તો પણ વિધિ તરફ જ પક્ષપાત રાખે. જેમ કોઇક નિરોગી પુરૂષ સ્વાદિષ્ટ ભોજનના સ્વાદને જાણતો પણ કોઈ આપદ અવસ્થામાં અટવી વિગેરે સ્થાનમાં કે દુષ્કાળ, દરિદ્રાવસ્થામાં તેને ઉત્તમ ભોજન ન મળી શકવાથી, ભૂખે મરતા હલકા, નિરસ ભોજન કરે; પણ ઇચ્છા તો સરસ ભોજનની જ રાખે. એવી રીતે શુદ્ધ ચારિત્ર્યનો રસિક પુરૂષ દ્રવ્યથી કંઈ વિરૂદ્ધ વાતને એટલે નિત્ય વાસાદિને કારણવશાત્ સંગમાચાર્યની માફક સેવતો હોય તો પણ ભાવથી ચારિત્રને ઓળંગે નહિ. અભિલાષા તો શુદ્ધ ચારિત્રની જ રાખે.

૨. અતૃપ્તિ—એટલે જ્ઞાન મેળવવામાં, તપ કરવામાં, વિનય વૈયાવૃત્ય કરવામાં, તથા ક્રિયાકાંડમાં બિલકુલ ધરાય જ નહિ. વિશેષે અતૃપ્ત થકો કર્યાજ કરે. તેમ અહીં જ્ઞાનાદિ રત્નો ગૃહણ કરવામાં ઉત્સુક જ રહે.

૩. શુદ્ધ દેશના—ગુરૂની અનુજ્ઞા લઇને પાત્રના સ્વરૂપને ઓળખીને તેના બાળ—મધ્યમ અને વૃદ્ધ (બુદ્ધ)ના ભેદ સમજીને તેને સંભળાવવા યોગ્ય ઉપદેશ આપે જેથી તેને લાભ થાય.

यतः—

बालःपश्यति लिंगं, मध्यमबुद्धिर्विचारयतिवृत्तं;
आगमतत्त्वंतुबुद्धः, परिक्षते सर्व यत्नेनः ॥ १ ॥

અર્થઃ—બાલ હોય તે લિંગને જુએ. મધ્યમ બુદ્ધિ આચારને વિચારે અને બુદ્ધ હોય તે સર્વ યત્નવડે આગમના તત્ત્વને

પરખે છે. એવી રીતે પાત્રને ઓળખી તેના અનુરૂપ દેશના દેવી તે વિશુદ્ધ દેશના છે. અને પાત્રને ઓળખ્યા સિવાય દેશના આપે તો ઉલટું નુકશાન કરે.

૪. સ્ખલિત વિશુદ્ધિ—તે પ્રમાદ વિગેરેથી ચારિત્રમાં અતિચાર રૂપ મલ, કલંક લાગ્યું હોય તેને વિમળ શ્રદ્ધાવાન્ મુનિઓ આલોચનાથી શોધે છે. તે દશ પ્રકારે અતિચાર લાગે છે. ૧. દર્પ. ૨. પ્રમાદ. ૩. માંદગી. ૪. આપત્તિ. ૫. અનાભોગ. ૬. શંકિત. ૭. સહસાત્કાર. ૮. ભય. ૯. પ્રદ્વેષ. ૧૦. વિમર્શ. એ દશ પ્રકારથી થાય છે. તેની યથા યોગ્ય આલોયણા લઈ શુદ્ધ થાય છે. આલોચના લેવાથી પાપ હલકા થાય, આલ્હાદ થાય, સ્વપર પાપની નિવૃત્તિ થાય, સરળપણું રહે, દુષ્કર કરણ થાય, કોમળ પરિણામ થાય, નિઃશલ્ય થાય. એ શોધિતનાં ગુણો છે. ગુરૂ પાસે આલોચના લેવા જતાં માર્ગમાં કાલ કરે તો તે આરાધિક થાય. આનો વિસ્તાર ધર્મરત્નમાં છે ત્યાંથી જોવું.

### હવે ભાવ સાધુનો ૩ જો લક્ષણ કહે છે.

૩. ઋજુભાવે પ્રજ્ઞાપનીય—પ્રવરશ્રદ્ધાનાં યોગથી પ્રજ્ઞપનીય થાય છે. તે સૂત્રના ભાવને સારી રીતે સમજી શકે છે તે ૧. વિધિ. ૨. ઉદ્યમ. ૩. વર્ણક. ૪. ભય. ૫. ઉત્સર્ગ. ૬. અપવાદ. ૭. તદુભય. ઇત્યાદિ ગંભીર ભાવવાલા સૂત્રો જિનશાસનમાં છે. અને તેમના તે તે વિષય વિભાગને નહિ જાણનાર જીવ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી મુંઝાઈ પડે છે. તેથી તે મોહ પામે છે તેવા મૂઢને અનુકંપા લાવીને સમજાવે છે.

૪. ક્રિયામાં અપ્રમાદ—સુગતિનું કારણ ચારિત્ર છે. તે ચારિત્ર છ કાય જીવની રક્ષા કરવારૂપ છે. તે વિકથાદિ પ્રમા-

દમાં પડેલા જીવથી પાળી શકાય નહિ. જેમ પ્રમાદિને દેવ અધિષ્ઠિત વિદ્યા સિદ્ધ થતી નથી તેમ પ્રમાદિને દિક્ષા સિદ્ધ થતી નથી. જેમ પ્રમાદિ સાધકને વિદ્યા ઉલટી દુઃખદાયક નિવડે છે. ઘેલો ગાંડો બનાવે છે, તેમ પ્રમાદિ સાધુને દિક્ષા દેવ–દુર્ગતિ તથા ભવ ભ્રમણ કરાવે છે. પડિલેહણાદિ ક્રિયા કરતાં જો પ્રમાદ કરે તો છ કાયનો વિરાધિક થાય, માટે અપ્રમાદપણે ક્રિયા કરે. સાવધાન રહે.

૫. શકયાનુષ્ઠાનારંભઃ–સંઘયણ અને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને અનુરૂપ સઘળાં અનુષ્ઠાન તપ વિગેરે કરે પણ શક્તિ ઉપરાંત કરે તો તેથી પ્રતિજ્ઞાનો ભંગ થાય. જેથી ઉલટી હાની થાય. પણ જેને વારંવાર કરી શકે. અને જે અનુષ્ઠાન કરવાથી અસંયમમાં પડવું ન પડે તેવું કરે. કેમકે અનુચિત્ત અનુષ્ઠાન કરવાથી હેરાન થાય, તે કરવાની ફરીથી ઇચ્છા ન થાય. તેમજ કોઇ દરદ પેદા થાય તો તેની ચિકિત્સા કરાવે તો અસંયમ થાય અને ચિકિત્સા ન કરાવે તો અવિધિએ મરણ થાય. એટલા માટે કહ્યું છે કે–તેવું તપ કરવું કે જેથી મનમાં આર્ત્તધ્યાન ન થાય, ઇંદ્રિયોની હાની ન થાય અને મન, વચન, કાયાના વ્યાપાર ન અટકી પડે. પણ શક્તિ હોય તો વિશેષ ક્રિયા કરે, શક્તિને ગોપવે નહિ. કારણ ઉત્કૃષ્ટ ક્રિયા કરવાથી ગુરૂની તથા ગચ્છની પ્રશંસા થાય. વળી તીર્થની પ્રભાવના થાય; માટે નિરાશંક ભાવે શકયાનુષ્ઠાન કરવું.

૬. ગુણાનુરાગઃ–ગુણ એટલે ચરણસિત્તરી,*કરણસિત્તરી

---

*૫. મહાવ્રત, ૧૦ શ્રમણધર્મ, ૧૭ પ્રકારનો સંયમ, ૧૦ વૈયાવૃત્ય ૯ બ્રહ્મચર્યગુપ્તિ, ૩ જ્ઞાનત્રિક, ૧૨ પ્રકારનો બાહ્યાભ્યંતર તપ, ૪ કષાય–નિગ્રહ એ ચરણ સિત્તરી.

૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઇંદ્રિય–નિરોધ, ૨૫ પ્રતિલેખના, ૩ ગુપ્તિ, ૪ અભિગ્રહ એ કરણસિત્તરી.

વિગેરે ગુણોમાં રાગ ધરવો. તે ગુણાનુરાગથી ગુણોને મલીન કરનારા દોષોનો ત્યાગ થાય છે. ગુણાનુરાગી બીજાના લેશ માત્ર પણ ગુણોની પ્રશંસા કરે છે. અને પોતાના અલ્પદોષ હોય તો પણ પોતાને નિર્ગુણ માને છે. વળી પ્રાપ્ત થયેલા ગુણોની રક્ષા કરે છે. અધિક ગુણવાનનો સંગ થતાં પ્રમોદ પામે છે અને ગુણો મેળવવા ભાવપૂર્વક ઉદ્યમ કરે છે. વળી તેનું અંતઃકરણ કરૂણાદિ ભાવનાથી વાસિત હોય છે તેજ ભાવનાનું સ્વરૂપઃ—

૧ પરનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના.
૨. પારકાં દુઃખ નિવારવાં તે કરૂણા ભાવના.
૩. પરને સુખી દેખી ખુશી થવું તે પ્રમોદ ભાવના.
૪. પરના દોષોની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષા ભાવના.

ગુણાનુરાગથી આ કાળમાં સંઘયણ આદિ દોષ વડે પરિપૂર્ણ ગુણ પ્રાપ્ત ન કરી શકે; તોપણ પરભવમાં તે ગુણોની પ્રાપ્તિ તેને સુલભ થાય. એ છટ્ઠો લક્ષણ ભાવ સાધુનો પૂર્ણ થયો.

## ભાવ સાધુનો ૭ મો લક્ષણ કહે છે.

૭. ગુર્વાજ્ઞા આરાધનાઃ—જે ગુરૂના ચરણની સેવામાં રક્ત હોઈ ગુરૂની આજ્ઞા આરાધવામાં તત્પર રહે. તેજ ચારિત્રનો ભાર ઉપાડવામાં સમર્થ થાય, અન્યથા ન જ થાય. શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ સૂત્રમાં “**सुयं मे आउसं तेणं भगवया एव मक्खायं**” એ વાકયમાં શ્રી સુધર્માસ્વામિએ પણ જંબૂસ્વામિને કહેલું છે કે મેં ભગવંતની પાસેથી એમ સાંભળ્યું છે માટે ગુરૂકુલવાસ સેવવો. શ્રી ઉત્તરાધ્યયન, દશ વૈકાલિકાદિ સૂત્રોમાં પણ ગુરૂકુલવાસીજ જ્ઞાન પ્રાપ્ત કરે એમ કહ્યું છે.–

**वसेगुरुकुलेनिच्चं, जोगवं उवहाणवं;**
**पियंकरे पियंवाइ, सेसिक्खं लद्धुमरहइ. ॥ १ ॥ इतिवचनात्**

એ સાત લક્ષણ જેમાં હોય તેને ભાવસાધુ જાણવો. હવે ગુરૂના અન્ય વિશેષ ગુણોના વર્ણનરૂપ આગમોકત અધિકાર કહે છેઃ–

**સ્થાનાંગના છઠ્ઠે સ્થાને કહ્યું છે કે–**

"**छहिंठाणेहिं संपन्ने अणगारे अरहइ गणधारितए तं जहाः**–"

૧. સઢ્ઢિપુરૂષ જાએ–તે શ્રદ્ધાવંત પુરૂષ તે શિષ્ય શિષ્યણીને મર્યાદામાં સુખે રાખે.

૨. સચ્ચે પુરિસ જાએ–તે સત્ય પ્રતિજ્ઞાવંત તે ગચ્છને પાલે.

૩. મેહાવિ પુરિસ જાએ–તે મર્યાદાએ પ્રવર્તે, અથવા મેધાવી તે બુદ્ધિવંત શ્રુત ગ્રહણ કરવાની શક્તિવાલો. એવો હોય તે તત્કાલ બીજા પાસેથી શ્રુત ગ્રહણ કરી શિષ્યને ભણાવવા સમર્થ થાય.

૩. બહુસુએ પુરિસ જાએ–તે ઘણાં શ્રુતનાં અભ્યાસવાલો બહુસૂત્રી. જે બહુશ્રુત ન હોય તે ગુણનો અધિકારી ન થાય. જે અગીતાર્થ હોય તે શિષ્યને હિતાહિતની પ્રવૃત્તિ, નિવૃત્તિ ન કરાવી શકે. તેમજ ગચ્છવાસી બાલ, વૃદ્ધ, ગ્લાનાદિની સાર સંભાળ પણ ન કરી શકે.

૫. સંત્તિમં–એટલે શક્તિવંત શરીર (તે મંત્ર તંત્રાદિક સહિત એહ શરીર) તે પોતાને અને ગચ્છને આપત્તિ આવે ત્યારે નિસ્તારવા સમર્થ થાય.

૬. અપ્પાહિગરણે–તે સ્વપક્ષ, પરપક્ષને વિષે કલહનો કરનાર ન હોય. કલહકારી હોય તે ગચ્છની હાની કરે.

## આચાર્યના ગુણો કહે છે:-

**सुत्तथ्थखलुकुशलो; पियदढ धम्माणुवत्तणाकुशलो;**
**जाइ कुलसंपन्नो, गंभीरो लद्धिमंतोय.**

અર્થ:-સૂત્રાર્થમાંકુશલ,[૧] પ્રિયધર્મી,[૨] દૃઢધર્મી-વ્રતમાં કુશલ,[૩] જાતિ, કુલસંપન્ન,[૪] ગંભીર,[૫] લબ્ધિ ને સિદ્ધિવાન. એ આચાર્યના ગુણ કહ્યા. જેમ-

રાજા,[૧] પ્રધાન,[૨] પુરોહિત,[૩] કોટવાલ,[૪] નગરશેઠ.[૫] એ પાંચ જેમ નગરની રક્ષાના* કરનાર છે તેમ આચાર્યાદિ પાંચે ગચ્છની રક્ષા-સાર સંભાળ કરનારા છે.

૧. રાજા તે સર્વોપરિ.

૨. પ્રધાન તે રાજાને ભલી સલાહનો દેનાર. રાજ્યની ચિંતા કરનાર.

૩. પુરોહિત-શાંતિકર્મ કરનાર.

૪. કોટવાલ-દુષ્ટને દંડ આપનાર.

૫. નગરશેઠ-સર્વ મહાજન લોકની સંભાળ રાખે. તેમ જિનમતને વિષે પાંચ પુરૂષ ગચ્છની રક્ષા કરનાર છે.

૧. આચાર્ય-તે ગચ્છના નાયક, સર્વોપરિ.

૨. ઉપાધ્યાયજી-સૂત્રાદિકની વાંચના આપનાર.

૩. સ્થવિર-તે ધર્મમાં સિદાતા હોય તેને સ્થિર કરે. તેમાં સાઠ વર્ષની ઉમર હોય તે વય સ્થવિર ॥ ૧ ॥ વીશ વર્ષ દિશાપર્યાય હોય તે પર્યાય સ્થવિર ॥ ૨ ॥ ચોથા અંગ સુધી ભણ્યા હોય તે શ્રુત સ્થવિર ॥ ૩ ॥ તેમાં શ્રુત સ્થવિર શ્રેષ્ઠ જાણવા.

૪. ગણી-તે કેટલાક સાધુઓને લઇ દેશમાં વિચરે; તે આચાર્યની આજ્ઞાથી.

---

* અત્રે દૃષ્ટાંત:-પેટ અને ઈંદ્રિયને સંવાદ ચાલેલ, તેમાં પેટને અન્ન આપે તો સર્વ ઈંદ્રિયોને બલ આવે; તેમ પાંચ જણનો બલ ખપે છે.

૫. ગણાવચ્છેદક—ગણ એટલે સમુદાયની રક્ષા કરે. પ્રાયશ્ચિત આપી શુદ્ધ કરે. માર્ગનો ઉદ્યોત કરે. સમુદાયને વધારે. એ પાંચે ગચ્છની રક્ષા કરે.

તે વિના ગચ્છની વ્યવસ્થા ન સચવાય. ગચ્છના સાધુ, સાધ્વીઓ સ્વચ્છંદે પ્રવર્તે. જિનાજ્ઞા વિરાધે. રાગ દ્વેષ ( મમત્વ અહંકાર ) માં પડે. એક માર્ગમાં અનેક ભેદો ઉત્પન્ન થાય. મૂલોત્તર ગુણની હાની કરે. વર્ત્તમાનકાળમાં ઘણા જૈનાભાસો જૈન નામ ધરાવી મમત્વથી પોતાનો મત સ્થાપન કરવા આત્મસ્તુતિ અને પરનિંદા કરે છે. વળી કાળદોષથી જૈનધર્મ સ્યાદ્વાદથી ભૂષિત હોવા છતાં અનેક મત, મતાંતરની ઉત્પત્તિથી વ્યાપ્ત થએલ છે. જેમકે—શ્વેતાંબર, દિગંબર, મૂર્તિપૂજક-અમૂર્તિપૂજક, તેમજ તપ, અંચળ, ખરતર, લોંકા પ્રમુખ અનેક ગચ્છો અને તેરાપંથી, નિન્હવો, નાના મોટા પક્ષો—સંઘાડાઓ વિગેરેથી વ્હેંચાઇ ગએલ છે. તેમાં કેટલાક તો નજીવા મત ભેદથી અનેક ક્લેશો ઉત્પન્ન કરી રાગદ્વેષનો મમત્વ વધારે છે. વિધિમાર્ગનો લોપ કરી કેટલાક અવિધિમાર્ગનું સ્થાપન કરે છે. કેટલાક એકાંત પક્ષમાં ખેંચાઇ જાય છે. આવા અનેક મત મતાંતરો નિહાળી કેટલાક ભવભીરૂ જીવોને ઘણું દુઃખ ઉત્પન્ન થાય છે. હા ! હા ! આ કાળમાં કલ્યાણનો રસ્તો શો છે ? અમે પૂર્વે ભવે કેવાં કર્મો કર્યા હશે કે જેથી આ કાળમાં અવતર્યા ! જિન, કેવળી, પૂર્વધરાદિનો અમને વિરહ પડયો ! હા ! અમારો શો આધાર !! કે જેને આધારે કલ્યાણનો માર્ગ સાધી શકાય ? પણ વિચાર કરતાં માત્ર જિનાગમનો જ આધાર છે. એ આગમના આધારથી ઉપાદાન,

નિમિત્ત કારણ, નિશ્ચય, વ્યવહાર, ઉત્સર્ગ, અપવાદ, નય, નિક્ષેપ અને પ્રમાણ તથા ત્રીભંગી, ચૌભંગી, સપ્તભંગી, નવભંગી વિગેરેનું જ્ઞાન પોતાના ક્ષયોપશમ પ્રમાણે થાય. જો પોતે કદાગ્રહ મૂકી પંચાંગી સંમત્ત આગમ અવલોકશે તો આગમ રૂડી રીતે સમજાશે. "કેટલાક જડમતિ, એકાગ્ર દ્રષ્ટિવાલાઓ પંચાંગીને માનતા નથી. અને કહે છે કે તે તો છદ્મસ્થ આચાર્યોએ બનાવેલ છે તે અમને માન્ય નથી પણ પોતે સંસ્કૃતાદિ ભાષાના અજાણ તેમજ પોતાના મતનો કદાગ્રહ કેમ મૂકી શકાય ! તે તો ટબોજ વાંચે છે, કારણ મૂળ જેટલું જ્ઞાન કહાડવું ક્યાંથી ? કેટલાક બાહ્યક્રિયાનો ડોળ કરી અજ્ઞાન, મૂર્ખલોકો તેમાં પણ સ્ત્રી વર્ગને ભરમાવી પોતાના પક્ષમાં લઈ કદાગ્રહ વધારે છે." વર્તમાનમાં જે જૈની જૈનીમાં પણ પરસ્પર મેળ નથી. એક બીજા પર દ્વેષ કરે છે, કોમળ ભાવ ધારણ કરતા નથી. એક એક ગચ્છના સાધુઓ અન્ય ગચ્છના સાધુઓ સાથે ભાષણ પણ કરતા નથી, તે ખરેખર ઉદાર ભાવવાલા જૈનીઓને છાજે તેમ નથી. જૈન ધર્મથી વાસિત હૃદયવાળાની તો એજ વિશાળ ભાવના હોય કે સર્વ જીવો ધર્મપાત્ર બનો અને કર્મ ખપાવીને સર્વે જીવો જલદી મુક્તિને પામો. "**आत्मवत् सर्व भुतेषु यः पश्यति स पंडितः**" બધાં જીવોને પોતાના સમ ગણે. યદ્યપિ અન્ય દર્શનીઓમાં એકાંત પક્ષ છે અને તે નિષેધવા યોગ્ય છે. **यदुक्तंः**–"**एगंते होइ मिच्छतं**" તથાપિ તેમાં જે જિન-મતના અનુસારે દયા, દાન, વૈરાગ્ય, ઉદાસીનતા, ગુણગ્રાહક–બુદ્ધિ, સરળભાવ, અનાગ્રહ તે તે ગુણો અનુમોદવા યોગ્ય છે. અન્ય દર્શનીનું પણ ઉદ્દેરીને ખંડન કરવું નહિં, તો સ્વ-

દર્શની સાથે પ્રાયઃ કલુષિત ભાવ ઉત્પન્ન થાય, તેવો વાદવિવાદ ન કરવો. તત્ત્વગવેષિ થવું.

यदुक्तम्ः–

वादांश्च प्रतिवादांश्च, वर्णितो निश्चितां तथा;
तत्त्वान्तं नैवगच्छन्ति, तिलपिलक वद्गतो ॥ १ ॥

વાદવિવાદ કરવાથી તત્ત્વનો નિર્ણય ન થાય; તર્કની પરંપરા થાય. જેમ ઘાણીનો બળદ દિવસ આખો ફરે પણ સંધ્યાએ તે જ સ્થાને આવે; તેવી રીતે તત્ત્વનો નિર્ણય વાદવિવાદથી ન થાય. તત્ત્વનો નિર્ણય તો વસ્તુ તત્ત્વની વિચારણાથી થાય. તે ચિંતા ચાર પ્રકારની છે.

यदुक्तम्ः–

उत्तमाह्यात्म[१] चिंताश्च, मोहचिंताश्च[२] मध्यमा;
अधमा कामचिंताश्च[३], परश्चिताऽधमाधमा[४] ॥ १ ॥

તેમાં આત્મચિંતા કરવાની છે ને ત્રણ ચિંતા ત્યાજ્ય છે.

આચાર્ય મહારાજ હોય તે ગચ્છની તથા સમસ્ત ચતુર્વિધ સંઘની ચિંતા કરે. તે પોતાના તથા પરના હિતને અર્થે છે.

## આચાર્યની આઠ ગણિ સંપદાઓ કહે છેઃ-

### ૧. આચાર સંપદા=તેના ચાર ભેદ છે.

૧–ચારિત્રમાં સમાધિ યુક્ત ઉપયોગ. ૨–મત્યાદિ ગર્વ રહિત ૩–અનિયત વિહાર ૪–શરીર અને મનનું નિર્વિકારીપણું. એ ચાર આચાર સંપદાના ભેદ કહ્યા.

**૨. શ્રુત સંપદા-તેના ચાર ભેદ છે.**

૧. બહુસૂત્રતા તે સર્વથી યુગમાં શ્રેષ્ઠ આગમનું જાણુ-પણું હોય.

૨. પરિચિત સૂત્રતા તે ઉત્ક્રમ તથા ક્રમથી, વાંચના-દિથી સ્થિરસૂત્રતા.

૩. વિચિત્ર સૂત્રતા તે સ્વ સમયાદિ ભેદોનું જ્ઞાન.

૪. ઉદાત્તાદિ વિજ્ઞાનથી દોષની વિશુદ્ધિકરણુતા. એમ શ્રુત સંપદા હોય.

**૩. શરીર સંપદા-તેના ચાર ભેદ છે.**

૧. ઉંચાઈ વિગેરે પ્રમાણુસર હોય.

૨. સુંદરતા.

૩. પરિપૂર્ણ ઈંદ્રિયો હોય.

૪. સ્થિર સંહનન, તપ વિગેરેમાં સમર્થ હોય.

**૪. વચન સંપદા-તેના ચાર ભેદ છે.**

૧. આદ્ય વચનતા.

૨. મધુર વચનતા.

૩. મધ્યસ્થ વચનતા.

૪. અસંદિગ્ધ વચનતા તે સંદેહ રહિત.

**૫. વાચના સંપદા-તેના ચાર ભેદ છે.**

૧. શિષ્યના પરિણામાદિ ભેદ જાણીને ઉદ્દેશ કરવો. શિષ્યના ૩ ભેદ છે. ૧ પરિણામિક ૨. અતિપરિણામિક ૩. અપરિણામિક એ ૩. વિશેષાવશ્યકે.

૨. જાણીને સમુદ્દેશ કરવો.

૩. પૂર્વે દીધેલા સૂત્રના આલાવા પાકા કરાવીને પછી બીજું સૂત્ર દેવું.

૪. પૂર્વાપર અર્થની સંગતિ થાય (બેધ બેસતું) તેમ દેવું.

## ૬. મતિ સંપદાના ચાર ભેદ છે.

૧. અવગ્રહ. ૨. ઇહા. ૩. અપાય. ૪. ધારણા.

## ૭. પ્રયોગ સંપદાના ચાર ભેદ છે.

## "પ્રયોગ તે વાદની મુદ્રા."

૧. આત્મ પરિજ્ઞાન. એટલે પોતાની શક્તિનું જ્ઞાન.

૨. પુરૂષ પરિજ્ઞાન. એટલે આ વાદી કયા મતનો ને કેટલા જ્ઞાનવાલો છે તેનું જ્ઞાન.

૩. ક્ષેત્ર પરિજ્ઞાન. તે આ ક્ષેત્ર (વાદનું સ્થળ) માયાવી છે કે સરળ છે. સાધુ ભાવિત છે કે અભાવિત છે તેનું જ્ઞાન.

૪. રાજા, અમાત્યાદિક ભદ્રિક છે કે અભદ્રિક છે ઇત્યાદિનું જ્ઞાન.

## ૮. સંગ્રહ સંપદા. સંગ્રહ એટલે સ્વીકાર કરવું. તેના ૪ ભેદ છે.

૧. પીઠ—ફલકાદિ સંબંધી પરિજ્ઞાન.

૨. બાલાદિ યોગ્ય ક્ષેત્રનું જ્ઞાન.

૩. સમયસર યોગ્ય સ્વાધ્યાય સંબંધી જ્ઞાન.

૪. યથોચિત વિનય. વિગેરે સંબંધી જ્ઞાન.

(વધારે વિસ્તાર ઉપાધ્યાય શ્રી જ્ઞાનચંદ્રજી સ્વામીએ બનાવેલ ગણિ પદના ચોઢાલીઆથી જાણવું.)

એ આઠ ગણિ સંપદા યુક્ત આચાર્ય હોય તે જિન-શાસનની પ્રભાવના કરે. ઘણા જીવોને સમકિતની રૂચી ઉત્પન્ન કરાવે. તે રૂચીના દશ ભેદ છે.

૧. નિસર્ગ રૂચી–તે ગુરૂ ઉપદેશ વિના કર્મના લાઘવથી જાતિસ્મરણાદિ જ્ઞાનવડે કોઈક જીવને સહજ સ્વભાવે ઉત્પન્ન થાય. સમ્યકત્વ પામે.

૨. ઉપદેશ રૂચી–તે ગુરૂના ઉપદેશથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય.

૩. આજ્ઞા રૂચી–તે વિશેષ કારણ પ્રમુખને ન જાણતાં પણ "**त्वमेव सच्चं, जंजिणेहिं, पवेदीयं**" એમ શ્રી વિતરાગની આજ્ઞા પ્રમાણે કરનાર માસતુસાદિ મુનિની જેમ આજ્ઞારૂચિ જાણવા.

૪. સૂત્રરૂચી–તે પ્રથમ મિથ્યાત્વી છતાં પણ સૂત્રનો અભ્યાસ કરવાથી ગોવિંદ વાચકાદિની પેઠે સમકિત પામે તે સૂત્ર રૂચી જાણવા.

૫. બીજ રૂચી–તે સૂત્રના બીજ માત્ર અક્ષર ગ્રહણ કરવાથી અનેક સૂત્રાર્થનું જ્ઞાન થાય. જેમ ત્રિપદી માત્રના બોધથી ગણધરોને દ્વાદશાંગીનું જ્ઞાન થાય છે તેમાં અથવા ઉદકમાં જેમ તેલબિન્દુ તત્કાળ પ્રસરી જાય છે એવી બુદ્ધિ હોય તે બીજ રૂચી જાણવા.

૬. અભિગમ રૂચી–તે સૂત્રને અર્થ સહિત અવગાહે. અંગ, ઉપાંગ, પયન્ના પ્રમુખ સર્વ સૂત્રનું જ્ઞાન કરે.

૭. વિસ્તાર રૂચી–તે ષટ દ્રવ્યના ભાવ સર્વ પ્રમાણ નયે કરી વિસ્તારથી જાણે.

૮. ક્રિયા રૂચી–તે સમ્યકત્વ સહિત સુમિતિ, ગુપ્તિ, તપ, સંયમાદિ ક્રિયામાં અત્યંત–તિવ્ર પ્રેમ હોય.

૯. સંક્ષેપ રૂચી–તે આગમમાં અકુશળ હોવા છતાં

કુદષ્ટિ કે કુમતમાં બંધાએલો ન હોય અને ચિલાતી પુત્રાદિની પેઠે ઉપશમ, વિવેક ને સંવર ઈત્યાદિ સંક્ષેપથી જે ધર્મ પામે તે.

૧૦. ધર્મરૂચી–તે ધર્મ, અધર્મ પ્રમુખ દ્રવ્યના સ્વરૂપ સમજવાની રૂચી અથવા શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મનો ભેદ જે જિનેંદ્ર કથીત તેની શ્રદ્ધા હોય તે ધર્મરૂચી. એ સમકિતની દશ રૂચી ઉત્તરાધ્યયનના ૨૮ મા અધ્યયનમાં કહેલ છે.

વલી આચાર્યે દશ વિધ સમાચારીના જ્ઞાતા હોય.

શ્રી ઉત્તરાધ્યયન ૨૬ મા સમાચારી અધ્યયને–

૧–ઈચ્છા. ૨–મિચ્છા. ૩. તહકારે. ૪–આવસ્સિયા. ૫–નિસિહિયા. ૬–અપૂચ્છણાય, ૭–પડિપૂચ્છા. ૮–છંદણા. ૯–નિમંતણા. ૧૦–ઉવસંપયાય કાલે, સમાચારી ભવે દસવિહાઉ.

## ભાવાર્થ કહે છે–

૧. ઇચ્છાકાર–કોઈપણ કાર્ય પડે ત્યારે ગુરૂને પ્રાર્થના કરતાં કહેવું જે હે ગુરૂદેવ! આપની ઈચ્છા હોય તો હું અમૂક કાર્ય કરૂં અથવા તમે આ મારૂં કે અમૂકનું કાર્ય કરી આપો, એમ કહેવું પણ ગુરૂ ઉપર ફરજ પાડવી નહિં. જે તમોને કરવું જ પડશે. એમ બલાભિયોગ ન કરવું.

૨. મિચ્છાકાર–તે સંયમ યોગમાં વિપરીત આચરણ થયું હોય ત્યારે તેનું મિચ્છામિ દુક્કડં દેવું.

૩. તથાકાર–તે ગુરૂ વાંચના આપે, સૂત્રાર્થ કહે ત્યારે તેઓએ કહ્યું તે **તહત્ત** છે, પ્રમાણ છે એમ કહેવું.

૪. આવસ્સિયા–અવશ્ય કાર્ય પડે ત્યારે ઉપાશ્રયથી બાહિર નીકળતાં 'આવસ્સહી' કહેવું તે.

૫. નિસિહિયા-બીજા વ્યાપારના નિષેધરૂપ ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં નિસ્સિહી કહેવું તે.

૬. આપુચ્છણા-તે અર્થે પડે ગુરૂને પુછીને તે કામ કરવું. અથવા ગુરૂની સમ્મતિ લીધા પછી કાર્ય કરવું.

૭. પડિપુચ્છણા-તે ગુરૂએ પૂર્વે કહેલું હોય તો પણ કાર્ય કરવાની વખતે ફરીથી પુછવું. અથવા પૂર્વે ગુરૂએ નિષિદ્ધ કર્યું હોય તો પણ પ્રયોજન તેનું હોય તો ફરીથી પુછવું.

૮. છંદણા-પૂર્વે ગ્રહણ કરેલા આહારાદિની ગુરૂ આજ્ઞાથી યથા યોગ્યને નિમંત્રણા કરવી તે.

૯. નિમંત્રણા-અગૃહીત અશનાદિની ગુરૂને અભ્યર્થના કરવી. એટલે હે ગુરૂ મહારાજ ! આપના માટે અમૂક ચીજ લઈ આવું ? એમ કહેવું તે. એમ ગુરૂને પુછીને પછી બીજાને નિમંત્રણ કરવું તે.

૧૦. ઉપસંપદા-તેના ત્રણ ભેદ છે. જ્ઞાન, [૧] દર્શન, [૨] ચારિત્રની [૩] સંપદા તે. તેમાં જ્ઞાન સંપદા ત્રણ પ્રકારની છે. પૂર્વગૃહિત સ્થિર કરવું. ૨. ત્રુટિતનું સંધાન કરવું. ૩. તથા નવું ગ્રહણ કરવું. તે મેળવવા માટે સ્વગચ્છમાં ન હોય તો ગચ્છાંતરમાં જવું તે જ્ઞાનસંપદા. તેમજ દર્શન સંપદા પણ ત્રણ પ્રકારની છે. પણ તે દર્શન પ્રભાવક સમ્મત્યાદિ શાસ્ત્રીય વિષયો છે. ચારિત્ર સંપદાનાં બે ભેદ છે. ૧-વૈયાવૃત્ત્ય માટે, બીજી તપસ્યા માટે. ૨. એમ બે પ્રકારની છે.

આ દશવિધ ચક્રવાલ સમાચારીમાં જે મુનિ સદાકાળ પ્રવર્ત્તે છે તે મુનિ કર્મથી મૂક્ત થાય છે અને સિદ્ધસ્થાનમાં

જાય છે. સંસારી પ્રાણીને કર્મવશથી અનેક સુખ, દુઃખ છે. સંસારમાં જીવ રખડયો તેનું કારણ જીવના ગુણો આવરાઈ ગયા છે. યદ્યપિ સર્વે આત્માઓ મૂલ સત્તાએ વિચારીએ તો ગુણવાન છે. પણ જે જે આત્માઓએ પોતાના ગુણો પ્રગટ કર્યા તે તે ગુણી થયા. તેમાં સર્વ ગુણી તો અરિહંત છે. બીજા તો ગુણ અવગુણથી મિશ્ર છે. પણ જેમાં ગુણની મુખ્યતા છે તે વંદનીય, પૂજનીય છે. અને જેમાં અવગુણની મુખ્યતા છે તે પ્રશંસનીય નથી તેમ નિંદનીય પણ નથી. તેઓને વિષે ઉદાસીનતા રાખવી ઘટે છે. કારણ તે બીચારા પરાધિન છે; કર્મવશે રંક છે, ભાવદયા કરવા યોગ્ય છે. એમ દરેક જીવોએ ગુણાનુરાગીપણું, તથા માધ્યસ્થવૃત્તિ અને સમભાવગુણને વિશેષતઃ કેળવવાં જોઈએ. વસ્તુ તત્ત્વના યથાર્થ નિર્ણય સિવાય સમભાવ આવતો નથી, માટે વસ્તુ તત્ત્વનું સારી રીતે જ્ઞાન મેળવવું. જિનમત નિશ્ચય, વ્યવહાર ઉભયાત્મક છે.

यदुक्तम्ः–

निच्छय मगो मुक्खो, ववहारो पुणकारणेवुत्तो;
पढमो संवर हेउ, आसव हेउ तओ बीओ ॥१॥

અર્થઃ–નિશ્ચય તે મોક્ષનો માર્ગ છે, અને વ્યવહાર તેનું કારણ છે. નિશ્ચય સંવરનો હેતુ છે અને વ્યવહાર આશ્રવ (શુભ) નો હેતુ છે. અર્થાત્ નિશ્ચય તે જ્ઞાન માર્ગ છે ને વ્યવહાર તે ક્રિયા માર્ગ છે. એ બે સિવાય સિદ્ધિ નથી, કારણ નિશ્ચય સિવાય તત્ત્વ પ્રાપ્તિ ન થાય. અને વ્યવહાર સિવાય તીર્થ (સંઘ) પ્રવર્તી ન શકે. તીર્થ વિના જ્ઞાન કયાંથી

હોય ? ગુરૂ શિષ્યનો સંબંધ, અનુષ્ઠાન, ક્રિયા વિગેરે જે વ્યવહાર માર્ગ છે તે ધર્મને ટકાવી રાખે છે. જેમ છૂટાં મોતી ન ટકી શકે, પણ તેને સૂત્રમાં પરોવી માળા ગુંથી હોય તો તે ટકે અને શોભાને પામે. તેમ નિશ્ચય માર્ગ પણ વ્યવહારથી જ ટકે છે અને શોભે છે. માટે આત્માર્થીએ જ્ઞાનયોગ અને ક્રિયા યોગ બન્ને સાધવા. શ્રી હરિભદ્રસૂરિએ પણ લલિત વિસ્તરા ટીકામાં બે યોગો લખ્યા છે. વર્તમાન કાળમાં તેવા મહાયોગી શ્રી આનંદઘનજી તથા કપૂરચંદ્રજી ( ચિદાનંદજી ) થઇ ગયા છે. વલી જૈનેતર અન્ય દર્શનીઓમાં પણ કોઈ કોઈ તત્ત્વજ્ઞાની થઇ ગયા છે. યદ્યપિ તેઓને યથાર્થ જ્ઞાન હોતું નથી; તથાપિ પાતંજળી વિગેરેને માર્ગાનુસારી તરીકે શ્રી હરિભદ્રસૂરીશ્વરે ગણ્યા છે. વલી અન્ય દર્શનીઓમાં પણ કર્મ અને વિકર્મ કહ્યા છે. તેમાં અનાર્ય લોકોનાં કર્તવ્યો તે વિકર્મ અને તેનું ફળ નરક છે. આર્ય લોકોનાં કર્તવ્યો તે કર્મ તે દયા, દાન, સત્ય, સંતોષ, વૈરાગ્ય, વિનય વિગેરે. તેમાં પણ સકામ ને નિષ્કામ કર્મ. તેમાં સકામ તે સ્વર્ગાદિની વાંચ્છા. ને નિષ્કામ તે સ્વર્ગાદિની વાંચ્છા રહિત. નિષ્કામ કર્મથી પરંપરાએ મોક્ષ સધાય.

यदुक्तम्

अयमेवक्रियायोगो, ज्ञानयोगस्यसाधक;
कर्मयोगविनाज्ञानं, कस्यचैत्रेवदृश्यते. १
शास्त्रद्रष्टिर्गुरोवाक्यं, तृतियश्चात्मनिश्चय;
त्रिधैव योविजानाति, समुक्तोनात्रसंशय. २
सर्वभूतस्यमात्मानं, सर्वभूतानिचात्मनि;
रक्षतेयोगयुक्तात्मा, सर्वत्रसमदर्शनात्. ३

વળી જેને ત્રણ દોષ ન હોય, અને ચાર સાધન હોય તે મતિમાન્ પ્રાણી અધિકારી જાણવો. ૧ મળદોષ. ૨ વિક્ષેપદોષ. ૩ આવર્ણદોષ. એ નામ થયા.

૧. શુભ કર્મ કરવાથી મળદોષ ટલે. એટલે જગતમાં પણ કહેવત છે કે-પુન્યે પાપ ઠેલાય-ટળે.

૨. ઉપાસના "ભક્તિ" દેવગુરૂની કરવાથી વિક્ષેપદોષ ટળે.

૩. અને જ્ઞાનથી આવરણ દોષ ટલે. કારણ કે અજ્ઞાન છે તેજ આવરણ છે. તે સૂર્યોદય થયે અંધકાર ન રહે. તેની માફક જ્યોતિ પ્રગટે તો અજ્ઞાન જાય.

## હવે ચાર સાધનનાં નામો.

### દોહરા

પ્રથમ[૧] વિવેક વૈરાગ્ય[૨] પછી, શમાદિ[૩] ષટ સંપત્ત;
ચોથી [૪] મુમુક્ષતા એજ છે, ચારે સાધન નિત્ય. ૧.

અર્થઃ-૧ વિવેક તે દેહ ચૈતન્યનું ભિન્નપણું જાણવું તે. આત્મા અવિનાશી છે ને દેહ વિનાશી છે. ઈત્યાદિ. એ વિવેક છે તે સર્વ સાધનનું મૂળ છે, કારણ પ્રથમ વિવેકની પ્રાપ્તિ થાય તોજ વૈરાગ્યાદિ ઉત્પન્ન થાય.

૨. વૈરાગ્ય તે વિષયની વાંચ્છના-સ્વર્ગાદિ સુખની અભિલાષાનો ત્યાગ તે વૈરાગ્ય કહેવાય.

૩. સમાદિ ષટ સંપત્તિ.

શમ,[૧] દમ,[૨] શ્રદ્ધા[૩] તીસરી, સમાધાન,[૪] ઉપરામ;[૫]
છઠ્ઠી તિતિક્ષા[૬] જાણીયેં, ભિન્ન ભિન્ન એ નામ. ૧

અર્થ-૧. વિષયોથી મન રોકવું તે શમ.

૨. ઇંદ્રિયોના ગુણનો રોધ કરવો તે દમ.

૩. શાસ્ત્ર તથા ગુરૂના વાક્ય સત્ય છે એવો વિશ્વાસ તે શ્રદ્ધા.

૪. મનના વિક્ષેપનો વિનાશ તે સમાધાન.

૫. સાધન સહિત સર્વ કર્મનો ત્યાગ કરે, વિષયોને વિષ સમ જાણીને તેથી દૂર રહે. સ્ત્રીને દેખીને ગ્લાની ઉત્પન્ન થાય તેને ઉપરામ કહે છે.

૬. ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ, વિગેરે સહન કરે તે તિતિક્ષા. એ શમાદિ ષટ સંપત્તિ તે ત્રીજી સાધના ગણાય છે.

૪. મુમુક્ષુતા. તે કેવળ મોક્ષાર્થી મોક્ષના માટે જ દરેક કર્મ કરે તે. એ ચાર સાધન કહેવાય છે. કોઇક નવ કહે છે તે શમાદિ છને જુદા જુદા ગણે છે. ઉપરોક્ત અન્ય દર્શનીઓએ જે વ્યાખ્યા કરી છે તે ઘણે અંશે મળતી છે. કારણ કે, જે જિન વચનથી અવિરૂદ્ધ વાત હોય તેમાં વાંધો નથી. કારણ કે-"જેટલાં અન્ય દર્શનીમાં સુંદર તત્ત્વો છે તે પણ જિન પ્રવચન સમુદ્રમાંથી ઉડેલાં બિન્દુઓ છે." ઇત્યાદિ ષટ દર્શનવાલાએ પણ કર્મયોગને પ્રથમ ગણેલો છે. વલી શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે-જે [1]ક્રોધને છાંડે તે માનને છાંડે, જે માનને[2] છાંડે તે માયાને છાંડે છે. [3] માયાને છાંડે છે તે લોભને છાંડે છે. જે [4]લોભને છાંડે છે તે રાગને છાંડે છે, જે [5] રાગને છાંડે છે તે દ્વેષને છાંડે છે, જે [6]દ્વેષને છાંડે છે તે મોહને છાંડે છે. જે [7]મોહને છાંડે છે તે ગર્ભને છાંડે છે. જે [8]ગર્ભને છાંડે છે તે જન્મથી મુક્ત થાય છે. જે [9]જન્મથી મુકાય છે તે મરણથી મુક્ત થાય છે. જે [10]મરણથી

મુક્ત થાય છે તે નરકથી મુક્ત થાય છે. જે [11]નરકથી મુક્ત થાય છે તે તિર્યંચથી મુક્ત થાય છે. જે [12]તિર્યંચથી મુક્ત થાય છે તે દુઃખોથી મૂક્ત થાય છે. એમ તત્ત્વદર્શી આપણા આત્માનો મોક્ષ કહે છે. વળી જે પુરૂષને યથાર્થ જ્ઞાન હોય તે પુરૂષ [1]ઉત્સર્ગ તથા [2]અપવાદના સ્વરૂપને સમજે.

ગાથા:—

**जावइआहुंतिउस्सग्गा, तावइआ हुंतिअववाया;**
**जावइआहुंतिअववाया, तावइआहुंतिउस्सग्गा. ॥१॥**

અર્થ:—જેટલાં જિન વચનો છે તે સર્વ ઉત્સર્ગ અપવાદ સહિત છે. "**सव्वेजिणवयणा उस्सग्ग अववाय ठिया**" ઈતિ મહાનિશિથે. ઉત્સર્ગ માર્ગમાં દ્રષ્ટિ રાખીને અપવાદ માર્ગે પ્રવર્ત્તવું ત્યાં ગુપ્તિ તે ઉત્સર્ગ માર્ગ અને સમિતિ તે અપવાદ માર્ગ છે.

૧. હવે મન ગુપ્તિના ત્રણ ભેદ કહે છે:–

૧. અસત્કલ્પના વિયોજની–તે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનરૂપ માઠી કલ્પનાનો રોધ કરવો તે.

૨. વસ્તુ સ્વરૂપ ચિન્તની–તે આગમને અનુસારે વસ્તુના સ્વરૂપનું ચિંતન કરનારી અને ધર્મધ્યાનના અનુબંધવાલી તે.

૩. વૃત્તિનિરોધિની–તે સમસ્ત શુભાશુભ ચિત્તવૃત્તિનો રોધ કરીને આત્મારામમાં જે રમણ કરનારી તે. આ મનગુપ્તિ યોગનિરોધ અવસ્થામાં કેવલીને હોય છે.

૨. હવે વચન ગુપ્તિ તેના બે ભેદ કહે છે.

૧. વાક્ય નિયમની. ૨. મૌનાવલંબિની. તેમાં પ્રથમ જે બોલવું તે વાણીને કાબુમાં રાખીને શાસ્ત્રાનુસારે બોલવું.

શ્રી દશવૈકાલિક ચૂલિકાયાં યથાઃ-

मडुरं[1] निउणं[2], थोवं[3], कज्जावडिय[4], मगव्विय[5], मतुच्छं[6], असावज्जं[7], असंदिग्धं[8], भणंत जिण धम्म संज्जुत्तं[9] ॥१॥

અર્થઃ-૧. મીઠું બોલવું. ૨. નિપુણતાથી બોલવું. ૩. અલ્પાક્ષરે બોલવું. ૪. કાર્ય પડયે બોલવું. ૫. ગર્વરહિત બોલવું. ૬. અતુચ્છ વચન બોલવું. ૭ અસાવદ્ય વચન બોલવું. ૮. સંદેહ રહિત બોલવું. ૯. શ્રી જિનધર્મ સંયુક્ત બોલવું.

૨. મૌનાવલંબિની:-તે વાણીના વ્યાપારનો ત્યાગ કરી મૌન ગ્રહણ કરવું તે.

૩. હવે કાયગુપ્તિના બે ભેદ કહે છે.

૧. શુભપ્રવૃત્તિ. તે શાસ્ત્રોક્ત રીત્યા કાયાની ચેષ્ટાને નિયમમાં રાખનારી.

૨. સર્વથા કાયાને વોસિરાવીને કાયોત્સર્ગ કરવારૂપ તથા સર્વયોગનો નિરોધ કરવાની અવસ્થાએ સર્વથા ચેષ્ટાનો નિરોધ. ઇતિ ઉત્સર્ગ માર્ગ.

હવે અપવાદ માર્ગે પાંચ સુમિતિ કહે છેઃ-(ઉ. અ. ૨૪)

૧. ઈર્યા સુમિતિ-તે ગાડાની ધુંસરી પ્રમાણે દ્રષ્ટિ રાખીને ચાલવું.

૨. ભાષા સુમિતિ-તે સર્વજીવને હિતાવહ અને દોષ રહિત વાણી કહેવી.

૩. એષણા સુમિતિ-તે સુડતાલીશ દોષ રહિત જે આહાર ગ્રહણ કરવો તે. તેમાં ૪૨ દોષ પિંડ ગ્રહણના અને પાંચ દોષ મંડલીના મળી સુડતાલીશ થાય છે.

૪. આદાન નિક્ષેપણા સુમિતિ-તે ભંડોપકરણ યત્નાએ ગ્રહણ કરવાં ને મૂકવાં.

૫. પરિઠાવિણિયા સુમિતિ–તે નિર્જીવ અને પોલાણ વિનાના પ્રદેશમાં જોઈ પૂંજીને મળ, મૂત્રાદિનો ત્યાગ કરવો તે. અહિં જે સુમિતિવાન હોય તે અવશ્ય ગુપ્તિવાલો હોય છે. અને જે ગુપ્તિવાલો હોય તેને સુમિતિની ભજના હોય છે. કારણ સુમિતિ પ્રવૃત્તિરૂપ હોય છે. ત્યારે ગુપ્તિ–પ્રવૃત્તિનિવૃત્તિ રૂપ હોય છે. એ સુમિતિ ગુપ્તિનો વિસ્તાર આવશ્યક સૂત્રથી જાણવો.

**હવે પાંચ સુમિતિના ભાંગા કહે છે:–** (ઉ. અ. ૨૪)

૧. ઈર્યા સુમિતિના ૨૭ ભાંગા છે. તેમાં પાંચ ઈંદ્રિયના ૨૩ વિષય છે. તેમાંથી પૂછેલો બોલ ને તેનો પ્રતિપક્ષી બોલ એ બે વર્જવા. બાકી ૨૧ દોષ ને પાંચ પ્રકારની સઝાય, એ થયા ૨૬. અને ધુસર પ્રમાણે માર્ગ શોધે. એ ૨૭ ભેદ થયા.

૨. ભાષા સુમિતિના ૯ ભાંગા છે. તેમાં ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, ૫ હાસ્ય, ૬ ભય, ૭ વાચાલપણું, ૮ વિકથા, ને ૯ અણઉપયોગ. એ નવ ભાંગા થયા.

૩. એષણા સુમિતિના ૭ ભાંગા છે. તેમાં ૧. ગવેષણાનાં ૩૨ દોષ વર્જવા. ૨ ગૃહણાના ૧૦ દોષ વર્જવા. ૩. પરિભોગના ૫ ભાંગા તે પાંચ માંડલીયાના દોષ વર્જવા એ ૭ થયા.

૪. આદાન નિક્ષેપણાના બે ભાંગા. તે ૧ લો ઔધીક તે પાઢીયારી (ઉચ્છીની) વસ્તુ લેવી. ૨. ઉપગ્રાહીક તે આગરી. (પોતાની કરી લેવી.) એ બે દોષ વર્જીને ભંડોપગરણ યત્નાએ લેવું મૂકવું. એ બે ભાંગા થયા.

૫. પરિસ્થાપનિકા:–સુમિતિના ૧૦૨૪ ભાંગા કહે છે.

## પરઠવાનાં ૧૦ બોલ કહે છે.

( ઉત્તરા. અ. ૨૪ ગાથા ૧૭-૧૮ )

૧-અનાપાત અંશ લોક એટલે આવતાં જતાં માણુસો ન દેખે ત્યાં પરઠવવું.

૨-પરાનુપઘાતી એટલે પોતાના તેમ પરના જીવની વ્યાઘાત ઉપજે ત્યાં ન પરઠવવું.

૩-શમ-એટલે ઉંચી નીચી ભૂમિ ઉપર ન પરઠવવું.

૪-જીુસિર-એટલે પોલી ભૂમિ ઉપર ન પરઠવવું.

૫-અચીલ કાલક-થોડા કાલની અચેત ભૂમિ ઉપર ન પરઠવવું.

૬-દુરયોવગાઢે-ચાર અંગૂલ ઉંડી ભૂમિકા હોય ત્યાં ન પરઠવવું.

૭-વિસ્તિર્ણ-એક હાથ લાંબી પહોળી અચેત ભૂમિ ઉપર પરઠવવું નહિં.

૮-નાશને-સ્થાનક નજીક ન પરઠવવું.

૯-બીલવજીય-ઉંદરાદિકનાં બીલો હોય ત્યાં ન પરઠવવું.

૧૦-ત્રસપ્રાણી, બીય રહિયં-હરિકાય, અંકુરાદિ બીજ ને ત્રસ જીવો ન હોય ત્યાં પરઠવવું. એ એક સંયોગીના ૧૦ ભાંગા થયા. દ્વિક સંયોગીના ૪૫ થયા. ત્રિકસંયોગીના ૧૨૦ થયા. ચોક સંયોગીના ૨૧૦ થયા. પંચ સંયોગીના ૨૫૨ થયા. છ સંયોગીના ૨૧૦ થયા. સાત સંયોગીના ૧૨૦ થયા. અષ્ટ સંયોગીના ૪૫ થયા. નવ સંયોગીના ૧૦ થયા. દશ સંયોગીનો ૧ ભાંગો થયો. સર્વ મલીને ૧૦૨૪ ભાંગા થયા. તેમાંથી ૧૦૨૩ ભાંગા વરજીને છેલ્લા એક ભાંગે પરઠવવું, એ પાંચે સુમિતિના ભાંગા થયા.

## હવે સાધુજીની સાત મંડળી કહે છે.

૧. સૂત્ર ભણવાની મંડળી. ૨. અર્થ લેવાની મંડળી.
૩. આહાર લેવા બેસી કરવું. ૪. દેવ-ગુરૂ વંદન કરવાની મંડળી.
૫. પડિલેહણા કરવાની મંડળી. ૬. પડિક્કમણું કરવાની મંડળી.
૭. સંથારા મંડળી તે સુવા વખતે પોરસી ભણવાની મંડળી. એ ૭ થઈ.

## હવે આઠ ઠામે ગુરૂને વંદના દેવી તે કહે છે.

૧-પડિક્કમણું કરતા. ૨-સઝાય કરતા. ૩-કાઉસ્સગ્ગ કરતા. ૪-અપરાધ કર્યો હોય ત્યારે. ૫-પ્રાહુણા સાધુ આવ્યા હોય ત્યારે. ૬-આલોયણા લેતા. ૭-પચ્ચકખાણ કરતા અને ૮-અનશન કરતા. એ આઠ સ્થાને વંદના કરવી. હવે વિશેષત: ઉત્તમાર્થે (અનશન વખતે) પ્રતિક્રમણનો વિધિ કહે છે.

ઇચ્છામિણં ભંતે ઉત્તમઠ્ઠં પડિક્કમામિ (રત્નત્રયને દોષ લાગેલ તે.) ૧-અઈયં પડિક્કમામી તે અતિતકાલને પડિક્કમું. ૨-અણાગયં પડિક્કમામી-તે આવતો કાલ પડિક્કમું. ૩-પચ્ચુપ્પન્નં પડિક્કમામી-તે વર્તમાન કાલ આશ્રી પડિક્કમું. ૪-કયં પડિક્કમામી-તે પોતાનું કીધું પાપ પડિક્કમું. ૫-કારિયં પડિક્કમામી-તે બીજા પાસે કરાવેલું પાપ પડિક્કમું. ૬-અણુમોઈયં પડિક્કમામી-તે પાપની અનુમોદના કરી હોય તેને પડિક્કમું. ૭-મિચ્છત્તં પડિક્કમું-તે મિથ્યાત્વને પડિક્કમું. ૮-અસંજમં પડિક્કમું-તે અસંજમને પડિક્કમું. ૯-કસાયં પડિક્કમામી-તે કષાયને પડિક્કમું. ૧૦-પાવપ્પઓગં પડિક્કમામી-તે પાપ પ્રયોગને પડિક્કમું. ૧-મિચ્છાદંસણ પરિણામે સુવા. ૨-ઈહલોગે સુવા. ૩-પરલોગે સુવા. ૪-સચ્ચિત્તે સુવા. ૫-અચ્ચિત્તે સુવા. ૬-પંચસુ ઈંદિયત્થે સુવા.

અર્થ:—૧—મિથ્યા દર્શન પરિણામને વિષે. ૨—આ લોકને વિષે. ૩—પરલોકને વિષે. ૪—સચ્ચિત્તને વિષે. ૫—અચ્ચિત્તને વિષે. ૬—પાંચ ઇંદ્રિયોના વિષયને વિષે જે ધ્યાન ધર્યું હોય તેનું મિચ્છામિ દુક્કડં.

૧—અન્નાણ ઝાણે—અજ્ઞાન ધ્યાન. ૨—અણાયારં ઝાણે—અનાચાર ધ્યાન. ૩—કુદંસણં ઝાણે—કુદર્શન ધ્યાન. ૪—કોહં ઝાણે. ૫—માણં ઝાણે. ૬—માયં ઝાણે. ૭—લોભં ઝાણે. ૮—રાગં-ઝાણે. ૯—દોષં ઝાણે—દ્વેષધ્યાન. ૧૦—મોહં ઝાણે—મોહનું ધ્યાન. ૧૧—ઇચ્છં ઝાણે—ઇચ્છાધ્યાન. ૧૨—મિચ્છં ઝાણે—મિથ્યા ધ્યાન. ૧૩—મુચ્છં ઝાણે—મૂર્ચ્છાધ્યાન. ૧૪—સંકં ઝાણે—શંકા ધ્યાન. ૧૫—કંખં ઝાણે—આકાંક્ષાધ્યાન. ૧૬—ગેહિંઝાણે—ગૃદ્ધિધ્યાન. ૧૭—આસંઝાણે—આશાધ્યાન. ૧૮—તણ્હં ઝાણે—તૃષ્ણાધ્યાન. ૧૯—છુહં ઝાણે—ક્ષુધા ધ્યાન. ૨૦—પંથં ઝાણે—પંથધ્યાન. ૨૧—પત્થાણં ઝાણે—પ્રસ્થાન ધ્યાન. ૨૨—નિદ્દંઝાણે—નિંદ્રાધ્યાન. ૨૩—નિયાણંઝાણે—નિદાનધ્યાન. ૨૪—નેહં ઝાણે—સ્નેહધ્યાન. ૨૫—કામં-ઝાણે—કામ ધ્યાન. ૨૬—કલુસંઝાણે—કલુષ ધ્યાન. ૨૭—કલહં-ઝાણે—કલહ ધ્યાન. ૨૮—જુજઝં ઝાણે—યુદ્ધ ધ્યાન. ૨૯—નિ-જ્જુઝં ઝાણે—નિયુદ્ધ ધ્યાન. ૩૦—સંગંઝાણે—સંગધ્યાન. ૩૧. સંગહં ઝાણે—સંગ્રહધ્યાન. ૩૨. વવહારં ઝાણે—વ્યવહારધ્યાન. ૩૩. કયવિક્કયં ઝાણે—ક્રયવિક્રયધ્યાન. ૩૪. અણત્થદંડઝાણે—અનર્થદંડધ્યાન. ૩૫. આભોગં ઝાણે—આભોગધ્યાન. ૨૬. અણાભોગંઝાણે—અનાભોગધ્યાન. ૩૭. અણાઇલ્લં-ઝાણે—રૂણાવિલધ્યાન. ૩૮. વેરં ઝાણે—વૈરધ્યાન. ૩૯. વિયક્કં-ઝાણે—વિત્તર્કધ્યાન. ૪૦. હિંસં ઝાણે—હિંસાધ્યાન. ૪૧. હાસં-

ઝાણે—હાસ્યધ્યાન. ૪૨. પહાસંઝાણે—પ્રહાસ્યધ્યાન. ૪૩. પઓ-સંઝાણે—પ્રદ્વેષધ્યાન. ૪૫. ફરૂસંઝાણે—પરૂષધ્યાન. ૪૫. ભયંઝાણે—ભયધ્યાન. ૪૬. રૂવંઝાણે—રૂપધ્યાન. ૪૭. અપ્પપસંસંઝાણે—આત્મપ્રશંસાધ્યાન. ૪૮. પરનિંદંઝાણે—પરનિંદાધ્યાન. ૪૯. પરગરિહંઝાણે પરગર્હાધ્યાન. ૫૦. પરિગહંઝાણે-પરિગ્રહધ્યાન. ૫૧. પરપરિવાયંઝાણે—પરપરિવાદધ્યાન. ૫૨. પર દૂસણંઝાણે—પરદૂષણધ્યાન. ૫૩. આરંભંઝાણે—આરંભધ્યાન. ૫૪. સંરંભંઝાણે—સંરંભધ્યાન. ૫૫. પાવાણુંમોયણંઝાણે—પાપાનુમોદનધ્યાન. ૫૬. અહિગરણંઝાણે—અધિકરણધ્યાન. ૫૭. અસમાહિમરણંઝાણે—અસમાધિમરણધ્યાન. ૫૮. કમ્મોદય પચ્ચયંઝાણે—કર્મોદય પ્રત્યયધ્યાન. ૫૯. ઇઢ્ઢિગારવંઝાણે—ઋદ્ધિગૌરવ ધ્યાન. ૬૦. રસગારવંઝાણે. ૬૧. સાયાગારવંઝાણે. ૬૨. અવેરમણંઝાણે. ૬૩ અમુત્તિમરણંઝાણે—અમુક્તિમરણધ્યાન. પસુત્તસ્સવા,—પ્રસુપ્તસ્યવા. પડિબુદ્ધસ્સવા—જાગૃતસ્સવા. જોમે કોઈ દેવસિઓ, રાઇઓ, ઉત્તમઠે, અઇક્કમો, વઇક્કમો, અઇયારો, તસ્સમિચ્છામિ દુક્કડં.

ભાવાર્થ:—ઉપરોક્ત ત્રેશઠ દુર્ધ્યાન માંહેલું કોઈ ધ્યાન કર્યું હોય—સુતાં અથવા જાગતાં, દિવસ કે રાત્રિ સંબંધી કોઇ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર દોષ થયો હોય તેનું મિથ્યા દુષ્કૃત હોજો. ઉપરોક્ત ત્રેસઠ દુર્ધ્યાન આત્માને આશ્રવથી ભરે છે. માટે તેનું સ્વરૂપ સમજી તેથી હમેશાં અલગા રહેવું. એ દુષ્ટવૃત્તિ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી આત્મા સ્વરૂપ રમણીય બનતો નથી. પણ એ વૃત્તિઓ જ્યારે બંધ થાય ત્યારે આત્મા આત્મ સ્વરૂપમાં વિશ્રાંત થાય છે.

માટે જ્ઞાનધ્યાનના બળથી આત્માને પરભાવથી દૂર કરી સ્વ સ્વરૂપમાં લીન કરવાના ઉપાયો યોજવા જોઇએ. ત્યાં અશુભ યોગની પ્રવૃત્તિ તે પાપ બંધનનું કારણ છે. અને શુભયોગની પ્રવૃત્તિ તે પુણ્યબંધનનું કારણ છે. પણ નિશ્ચયથી તો જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રવૃત્તિ તેજ યોગ્ય છે. જો કે વ્યવહાર નયે શુભ યોગની પ્રવૃત્તિ પણ અનુકરણિય છે. પણ તે નિશ્ચયને અનુકુલ જોઈએ. રત્નત્રયના આરાધન સિવાયની શુભ પ્રવૃત્તિ તે પુણ્ય ફળને આપે, પણ સંસાર પરિભ્રમણ કરાવે. અને રત્નત્રયાનુયાયિ શુભ પ્રવૃત્તિ ક્રમે ક્રમે (પરંપરાએ) મોક્ષફળને દેવાવાલી છે. માટે સાધ્યને ઇચ્છનારાઓએ સાધનને છોડવું નહિં. સાધ્યની સિદ્ધિ થયે સાધનની જરૂર નથી. પણ સાધ્ય સમજ્યા વિના કેવળ સાધનની તકરારથી જ આજકાલ જૈનોમાં મતભેદ ઉપસ્થિત થયા છે. તેથી આત્મપ્રશંસા ને પરનિંદા કરી વિના કારણે કર્મોને બાંધે છે. વલી પોતાના ગચ્છના કદાગ્રહને વશ થઈ પોતાની માન્યતાને દૃઢ કરવા કેટલાકો અનેક કુતર્કો કરી રહ્યા છે. પણ સત્ય માર્ગની ઓળખાણ સિવાય બીચારા ભૂલા ભમે છે. પણ જેઓની અંતરદ્રષ્ટિ જાગૃત થઈ છે અને જેઓએ વસ્તુ–ધર્મનો નિર્ણય કર્યો છે તેઓ પ્રાયઃ તકરાર ( વિવાદ ) માં ઉતરતા નથી. સત્ય માર્ગ ઉપદેશે છે અને આચરે છે. કારણ મોક્ષનો ઇજારો કોઇએ રાખ્યો નથી. પણ જેઓ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરે છે, તેઓ મોક્ષ મેળવી શકે છે એ નિ:શંસય છે. સ્યાદ્વાદના સિદ્ધાંતને જેઓ સારી રીતે સમજે છે તેઓ તો ગુણગ્રાહક થાય છે. અને દોષોની ઉપેક્ષા કરે છે. અને પાતંજલી પ્રમુખને જ્યારે માર્ગાનુસારી કહ્યા છે તો

"ષટદર્શન જિન અંગ ભણીજે" એમ જ્યારે મહાન્ પુરૂષો કહે છે ત્યારે જૈન નામ ધરાવનારાઓ સાથે વિરોધ કેમ કરે ? કારણ ચોવીશ તિર્થંકરને સર્વ કોઈ જૈની માને છે. પંચપરમેષ્ઠિનો જાપ કરે છે. નવતત્ત્વ, ષટદ્રવ્ય વિગેરેને માને છે. માટે સામાન્યથી કેટલેક અંશે સમાન છે. જો કે કેટલીએક બાબતમાં જુદાપણું છે; તો પણ સામા પક્ષવાલાને યુક્તિપૂર્વક શાસ્ત્રની દલીલથી સમજાવવું પણ દુર્વચનનો ઉચ્ચાર કરી સામા પક્ષને નિંદ્યવચનથી નિવાજવા એ શિષ્ટજનોને શોભાસ્પદ નથી. એમાંથી કોઈનું કલ્યાણ ન થાય પણ ઉલટું ક્લેશ વધે. આજ કાલ કોઇ જ્ઞાની નથી, પણ શાસ્ત્ર પંચાંગી સમ્મત ( કેટલાકો નથી માનતા. ) અને સુવિહિત આચાર્યની પરંપરા પ્રમાણ છે. પણ તે પરંપરા પણ તથાવિધ સંપ્રદાયની હીનતાવાલી છે. "**संप्रदायस्य हीनत्वात् इतिस्थानांगवृत्त तथाविध संप्रदाया भावात्** " વિગેરે વચનો શાસ્ત્રમાં દેખાય છે. વર્ત્તમાન કાલમાં જીતવ્યવહાર પણ તે પ્રમાણ છે કે જે સુવિહિત પુરૂષોએ આચર્યો હોય ને શાસ્ત્ર વિરૂદ્ધ ન હોય. વલી સાવદ્ય ન હોય તે પ્રમાણ છે.

## હવે પાંચ વ્યવહાર કહે છે.

૧. આગમ વ્યવહાર. ૨. શ્રુતવ્યવહાર. ૩. આજ્ઞા વ્યવહાર.
૪. ધારણા વ્યવહાર. ૫. જીત વ્યવહાર.

### ગાથાઃ-

**आगम[१], सुय[२], आणा[३], धारणा[४] य जीयं[५] च पंच ववहारा,**
**केवल[१], मणोहि[२] चउदस[३], दस[४] नव[५] पुव्वाइं पढमोऽत्थ. ॥ १ ॥**

જેણે કરી જીવાદિક વ્યવહરિએ તેને વ્યવહાર કહીયે. અથવા સાધુને પ્રવૃત્તિ, નિવૃત્તિરૂપ વ્યવહાર. તેના કારણ પણ જે જ્ઞાનવિશેષ તે વ્યવહાર કહિયે.

## હવે ગાથાનો સામાન્ય અર્થ કહે છેઃ-

૧. આગમ વ્યવહાર–તે "आगम्यते" જેના વડે પદાર્થો જણાય તે જ્ઞાનને આગમ કહીએ. તેવા જ્ઞાનીનો વ્યવહાર તે ૧. કેવલી, ૨. મનપર્યવજ્ઞાની, ૩. અવધિજ્ઞાની, ૪. ચૌદપૂર્વિ ૫. દશપૂર્વિ, ૬. નવપૂર્વિ સુધીનો જે વ્યવહાર તે આગમ વ્યવહાર. એ અતિશય જ્ઞાનવાલાનો વ્યવહાર તે શ્રુત જ્ઞાન-વાલાથી જુદો હોય છે. તેને ભવિષ્ય કાલાદિનું જ્ઞાન હોય છે.

૨. શ્રુત વ્યવહાર—"श्रुयते" જે સંભલાય તે શ્રુત. તે શ્રુતના અક્ષર "સિદ્ધાંતના અક્ષર." વલી મુનિનો જે શ્રુત અનુ-સારે વ્યવહાર તે.

૩. આજ્ઞા વ્યવહાર–તે જે આજ્ઞા– આદેશ આપીયે તે.

૪. ધારણા વ્યવહાર–તે ગુર્વાદિક પાસેથી ધારી રાખવું તે.

૫. જીત વ્યવહાર. તે જીત શબ્દે આચાર તે જીત-વ્યવહાર. એ પાંચ વ્યવહારનો હવે વિશેષથી અર્થ કહે છેઃ–

૧. પ્રથમ જે આગમ વ્યવહાર તે પૂર્વોક્ત કેવલી પ્રમુખ છ પ્રકારનો હોય છે. તેમાં પ્રથમ આલોચણા કેવલીના સદ્ભાવે કેવલી પાસેથી લેવી. કેવલીના અભાવે મનપર્યવજ્ઞાની એમ ક્રમશઃ આગળના અભાવે પાછળના પાસેથી લેવી. તથા કેવલી પ્રમુખને છે તે સમસ્ત અતિચાર પોતે જાણે છે છતાં પણ આલોચનાનો લેનાર પોતેજ દોષ પ્રગટ કરે. તે જો સર્વ દોષ પ્રગટ ન કરે, પણ માયા કરીને ગોપવે તો તેને ફરીથી કહે કે–

હજી અતિચારની આલોચના કરો, શલ્ય રાખો નહિ. છતાં પણ જો ગોપવીને રાખે તો પ્રાયશ્ચિત આપે નહિ, અને એમ કહે કે અન્યત્ર શુદ્ધિ કરો. પણ જેહને સ્વભાવે જ ન સાંભળે પણ કપટથી ગોપવે નહિ. તેવાને પ્રત્યક્ષજ્ઞાની તો લાગેલા સર્વ દૂષણનું વર્ણન કરીને કહે. પણ માયાવિને કહે નહિ. અહિંયા ચૌદ પૂર્વિ યદ્યપિ પરોક્ષ જ્ઞાની છે તથાપિ ઉપયોગ દેવાથી જાણે. વલી એમ પણ ન સમજવું જે આગમ વ્યવહારી તો સર્વ દોષ જાણે છે માટે તેની આગળ પ્રકાશ કરવાની જરૂર નથી, કેમકે પોતાના દોષ પ્રકાશ કરવામાં ઘણા ગુણો સમાયલા છે. કારણ માનનો ત્યાગ કરી પોતાના દોષો પ્રગટ કરવા એ મહા દુષ્કર કાર્ય છે. એથી સમ્યક્ આરાધના થાય છે. ગુરૂ પણ આલોચના લેનારને ઉત્સાહની વૃદ્ધિના અર્થે એમ કહે કે હે વત્સ! તું ધન્ય ભાગ્યવંત છે, કે જે માનનો ત્યાગ કરી પોતેજ પોતાનું રહસ્ય પ્રગટ કર્યું છે–કરે છે. એમ કહે તેથી સમસ્ત પ્રકારે નિઃશલ્ય થઇને જે ગુરૂ પ્રાયશ્ચિત આપે તે સહર્ષ ગ્રહણ કરે.

૨ શ્રુત વ્યવહાર–આચાર પ્રકલ્પ, નિશિથ–વ્યવહાર, બૃહત્કલ્પ, દશાશ્રુતસ્કંધાદિ છેદ સૂત્રો, અગ્યાર અંગ અને શેષ આઠ પૂર્વ પણ શ્રુતવ્યવહારમાં છે.

હવે જે શ્રુતવ્યવહારી હોય તે આગલાના અભિપ્રાય જાણવાને માટે તેના મુખ થકી ત્રણવાર દૂષણ કહેવરાવે પણ એકવાર નહિં. કેમકે આ સાચા મનથી આલોચે છે કે જુઠા મનથી આલોચે છે તે અભિપ્રાય જાણી શકે નહિં તેથી પહેલીવાર કહે ત્યારે એમ કહે કે મને નિંદ્રા હતી જેથી મેં સાંભળ્યું નહિં. ત્યારે ફરીથી બીજીવાર કહે ત્યારે એમ કહે

કે મેં બરાબર હૈયામાં ધાર્યું નહિં. ફરીથી ત્રીજીવાર કહે ત્યારે ચોક્કસ (નક્કી) કરે જે એ નિર્માયી છે. અને જો વિપરીત કહે તો સમજવું જે એ કુટિલ છે. પછી તેનો પાંચ દિવસ સહવાસ કરી ખાતરી કરવી. જો માયાવિ જણાય અથવા જૂઠું કહે તો તેને પ્રથમ જૂઠાનું પ્રાયશ્ચિત આપી પછી આલોયણા આપે. એ બીજો વ્યવહાર.

૩. આજ્ઞા વ્યવહાર–તે બે ગીતાર્થ આચાર્ય હોય પણ જંઘાબળના ક્ષીણપણાથકી વિહાર કરી શકતા નથી. અને બન્ને જુદા જુદા દૂર દેશાંતરમાં રહ્યા છે પણ માંહોમાંહે મળી શકતા નથી. તે બેમાંથી એક આચાર્ય પ્રાયશ્ચિત લેવા ઈચ્છે છે. અને તેવા ગીતાર્થ શિષ્યના અભાવે ધારણા કુશલ અગીતાર્થ શિષ્યને સિદ્ધાંતની ભાષાએ ગુઢાર્થ અતિચાર, આસેવનાના પદ કહી બીજા આચાર્ય પાસે મોકલે. પછી તે આચાર્ય તેના અપરાધ સાંભળીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, સંઘયણ, ધૃતિ, બલાદિનો વિચાર કરી પોતે ત્યાં જાય. અથવા તથાવિધ ગીતાર્થ શિષ્યની સાથે કહેવરાવી મોકલે. અથવા તેના અભાવે જે આવ્યો છે તેને જ ફરી આચારવિશુદ્ધિ કહીને મોકલે.

ગાથા:—

**आयार पकप्पाइं, सेसं सव्वं सुयं विणिदिट्ठं,**
**देसंतर ठीयाणं, गूढ पयालोयणा आणा. ॥ १ ॥**

અર્થ:–આચાર પ્રકલ્પાદિ શેષ સર્વ શ્રુત તે શ્રુત વ્યવહાર છે. અને દેશાંતરમાં રહેલાઓની જે ગુઢ પદોની આલોચના તે આજ્ઞા વ્યવહાર છે.

૪. ધારણા વ્યવહાર.

ગાથાઃ—

**गीयत्थण दिन्नं,-शुद्धं, अविराहि उण तह पयं;**
**दिंत्तस्स धारणातह उद्धिय पय धरण रुवावा ॥ १ ॥**

અર્થઃ—કોઈક ગીતાર્થ સંવિજ્ઞ આચાર્યે કોઇક શિષ્યાદિકને કોઈક અપરાધને વિષે દ્રવ્યાદિકાચારે જોઇને જે વિશુદ્ધિ (પ્રાયશ્ચિત) દીધી હોય તે શિષ્ય ગુરૂની આપેલી શુદ્ધિ મનમાં ધારી રાખે. અને બીજા કોઇકને તેવાજ અપરાધે તેજ વિશુદ્ધિ આપે. તે ધારણા વ્યવહાર જાણવો. તેમજ ઉધૃત પદ ધરણ રૂપ ધારણા તે આવી રીતેઃ—કોઇક વૈયાવૃત્યનો કરનાર શિષ્ય છે પણ તે સમસ્ત છેદ શ્રુતને યોગ્ય નથી તે વારે આચાર્ય તેના ઉપર પ્રાસાદ કરીને કેટલાંએક પ્રાયશ્ચિતનાં પદોનો ઉદ્ધાર કરીને તે શિષ્યને કહે. તે પદોને શિષ્ય ધારી રાખે. અને તે ધારણાના પદો વડે કાર્ય પડે આલોયણા આપે.

૫. જીતવ્યવહાર કહે છેઃ—

ગાથાઃ—

**दव्वाइ चिंत्तिउणं, संघयणा इणि हाणि मासज्झ;**
**पायच्छित्तं जीयं, रुढं वा जं जेहिं गच्छे. ॥ १ ॥**

અર્થઃ—પૂર્વકાલે જે અપરાધમાં સાધુઓ ઘણું તપ કરી તેની શુદ્ધિ કરતા હતા તેજ અપરાધમાં 'સાંપ્રત'—હમણાના કાળમાં દ્રવ્ય, ક્ષેત્ર કાલ, ભાવનો વિચાર કરીને સંઘયણ, ધૃતિ, બલાદિની હાની જાણીને જે યોગ્ય તપનું પ્રાયશ્ચિત આપવું. તેને સમય ભાષાએ જીત એવું ગીતાર્થ પુરૂષો નામ આપે છે. અથવા જે પ્રાયશ્ચિત જે આચાર્યના ગચ્છમાં સૂત્રથી ન્યૂનાધિક પ્રવર્ત્યું હોય તેને રૂઢ જીતવ્યવહાર

કહીએ. એ પાંચ વ્યવહાર માંહિના કોઇ પણ વ્યવહાર સહિત ગીતાર્થ થાય તેના પાસેથી પ્રાયશ્ચિત લેવું. પણ અગીતાર્થ પાસેથી લેવું નહિ. અગીતાર્થ પાસેથી લેવાથી દોષની ઉત્પત્તિ થાય છે. કહ્યું છે કે-અગીતાર્થ આલોયણાની વિધિ જાણતો નથી, માટે તેની પાસેથી પ્રાયશ્ચિત લેવાથી, લેનાર તથા આપનાર બન્ને સંસારમાં ભમે છે. કારણ કે તે ન્યૂનાધિક આપે તેથી આશાતના લાગે. આશાતના તે મિથ્યાત્વ છે. જે ગીતાર્થ હોય તે સમસ્ત વસ્તુ સ્વરૂપને જાણે; માટે વસ્તુ સ્વરૂપને કહે છે:-

દુહા:-

આંખો મ મીંસસી મીંચમન, નયણુ નિહાળી જોય;
અપ્પો અપ્પા ખેંચીએં, તો અવર ન દૂજો કોય. ॥૧॥
આગમ અણુ ભણીયે કિશ્યું, ભણ્યે કિશ્યું વિશેષ;
એકણુ પદ જાણ્યા વિના, ન ગઇ મમતા રેષ. ॥૨॥

જૈનમત સપ્તનયાત્મક છે. અન્ય મતો એક એક નયથી પ્રગટ્યા છે. બૌદ્ધમત ઋજુ સૂત્ર નયથી પ્રગટેલ છે. વેદાંત મત સંગ્રહ નયથી, સાંખ્ય નૈગમનયથી, યોગ વૈશેષિક શબ્દ નયથી પ્રગટેલ છે. માટે સર્વ નય ગુંથીત સ્યાદ્વાદ (અનેકાંત) જૈન મત સર્વોત્કૃષ્ટ છે. જેમ અગ્નિના કણીયા દાવાનલને ન જીતી શકે, અથવા સિંધુ નદીનો વેગ તે સમુદ્રને ન પહોંચી શકે, પત્થરના ખંડ મેરૂ પર્વતને ન દાબી શકે, એમ સર્વ નયાશ્રિત જિનાગમને એકાંતવાદી પરદર્શની દૂષણ ન આપી શકે.

## હવે નયનું સ્વરૂપ કહે છે:-

જે અનંત ધર્માત્મક વસ્તુ છે તેમાં એકની મુખ્યતાએ વર્ણન કરે તેને નય કહીએ. અને જે એકની મુખ્યતાએ

વર્ણન કરે ને બીજાને ગૌણુતાએ (અપેક્ષાએ) રાખે તે સુનય. તથા એક નયે વર્ણન કરે અને અન્ય નયનું ખંડન કરે તે દુર્નય જાણુવો. સાત નયોના નામો યથાઃ–

૧–નૈગમ. ૨–સંગ્રહ. ૩–વ્યવહાર. ૪–ઋજુસૂત્ર. ૫–શબ્દ. ૬–સમભિરૂઢ. ૭–એવંભૂત.

## હવે વિશેષાર્થ કહે છેઃ–

૧. નૈગમનય–તે જેનો એક ગમો નથી તે નૈગમ–એ નય અંશગ્રાહી છે. વસ્તુના અંશને સંપૂર્ણ વસ્તુ માને છે. કારણુ અભવ્ય જીવના મધ્ય અષ્ટ રૂચક પ્રદેશ નિરાવરણુ હોવાથી તેને પણુ સિદ્ધ સમાન માને છે. અથવા સૂક્ષ્મનિગોદિયા જીવમાં અક્ષરના અનંતમા ભાગ જેટલો જ્ઞાનનો અંશ હોવાથી સિદ્ધ સમાન માને છે. વલી તેરમા ચૌદમા ગુણુસ્થાનમાં વર્ત્તતા કેવલીઓને કર્મનો અંશ હોવાથી સંસારી માને છે. તથા ત્રિકાલ વિષયિ અને સંકલ્પે તથા ઉપચારે વસ્તુને માને છે.

૨. સંગ્રહનય—સામાન્યગ્રાહી છે. તે સામાન્યથી જુદો-વિશેષ છેજ નહિં એમ માને છે. જેમ આંબો, નીંબ વિગેરે વિશેષે વનસ્પતિરૂપ સામાન્યથી જુદા નથી માટે આકાશપુષ્પની જેમ વિશેષ છેજ નહિં એમ માને છે. અર્થાત્ એ નય સત્તાગ્રાહી છે.

૩. વ્યવહારનય–તે વસ્તુ સ્વરૂપને વિશેષ રૂપજ માને છે. વિશેષ થકી ભિન્ન કોઇ સામાન્ય છેજ નહિ. કારણુ કોઇ કહે કે–મારે વનસ્પતિ લેવી છે તો શું લેશે ? આંબો વિગેરે વિશેષ નામ લીધું ત્યારે ગ્રહણુ થાય છે. વલી લોકમાં પ્રયોજન પણુ ‘અમૂક ઔષધ કરો’ એમ વિશેષથીજ થાય છે, પણુ માત્ર (સામાન્ય) ઔષધ કરો તો કોઇ કરતું નથી. માટે

વિશેષથી જુદું સામાન્ય નથી. એ નય વડેજ લોકવ્યવહાર ચાલે છે. જેમ ગચ્છતીતિ ગો. અથવા પંકે જાતોતિ પંકજ. છતાં પણ ગાય, કમલ વિગેરે. ઇત્યાદિ વ્યવહાર નયથી છે. અથવા જીવના તથા પુદ્ગલના ભેદો બધા વ્યવહાર નયથી છે.

ગાથાઃ-

**पज्जत्ता पज्जत्तय, जे सुहुमाय बायराय जे चेव;**
**देहेसु जीवसन्ना, सुत्तेववहार दो उत्ता ॥ १ ॥**

૪. ઋજુ સૂત્રનય-ઋજુ એટલે સરળ. અતિત, અનાગત કાલ છોડી વર્તમાન કાલમાં જે વસ્તુ જે સ્વરૂપે હોય તે જ સ્વરૂપે માને. સાધુનો વેશ છતાં ગૃહસ્થપણાના ભાવમાં વર્તતો હોય તો ગૃહસ્થ કહે. અથવા સામાયિકમાં સ્થિત શ્રાવકના પરિણામ જો હાટમાં હોય તો હાટસ્થિત માને. એ નય ઉપયોગગ્રાહી છે.

૫. શબ્દનય-એ નય વ્યાકરણ વ્યુત્પત્તિથી ઉત્પન્ન થએલ શબ્દના અર્થને અનેક પર્યાય કરી એક અર્થ માને છે.

૬. સમભિરૂઢ નય-એ નય પર્યાય ભેદે અર્થ ભેદ માને છે. ઘટ, કુંભ, કલશાદિનો જુદો જુદો અર્થ માને છે.

૭. એવંભૂત નય-તે એક પર્યાય અભિધેય વસ્તુ પણ સ્વકીય કાર્ય કરતું હોય તો માને. જેમ શક્ર સિંહાસન ઉપર બેઠો હોય તોજ શક્ર કહે, અન્યથા નહિ. એ સાતે નય યથોત્તર વિશુદ્ધ છે. એકેક નયના સો, સો ભેદ થાય છે. તેમાં પેલા ચાર નયો દ્રવ્યાર્થિક અને પાછલના ત્રણ નયો પર્યાયાર્થિક છે. એ જીનભદ્ર ગણીની વ્યાખ્યા છે. અને સિદ્ધસેન દિવાકરની વ્યાખ્યાએ પહેલા ત્રણ નય દ્રવ્યાર્થિક ને પાછલા ચાર નય પર્યાયાર્થિક છે.

## હવે સાતે નયે ધર્મ કહે છે.

૧. નૈગમનય–તે સર્વ ધર્મ માને છે. કેમકે બધાએ ધર્મને માને છે.

૨. સંગ્રહનય–તે કુલાચારને ધર્મ કહે છે. એટલે અનાચારનો એ નયે ત્યાગ કર્યો.

૩. વ્યવહારનયે–સુખનું કારણ તે ધર્મ. એ નયે પુણ્ય કરણીને ધર્મ માન્યો.

૪. રૂજુ સૂત્ર નયે–ઉપયોગ સહિત વૈરાગ્ય પરિણામ તે ધર્મ. એ નયમાં યથા પ્રવૃત્તિના પરિણામ પ્રમુખ ધર્મમાં ગણ્યા. તે તો મિથ્યાત્વીને હોય.

૫. શબ્દનયે–સમકિત તેજ ધર્મ. કારણ બધા ધર્મનું મૂલ સમકિત છે. એ નયની હદમાં શુદ્ધ ધર્મ જીવ પામે.

૬. સમભિરૂઢ નયે–ખટ દ્રવ્યના સ્વરૂપને ઓળખી આત્મ સ્વરૂપ ધ્યાવે અને પરભાવનો ત્યાગ કરે. એવો જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ આત્માનો પરિણામ તે ધર્મ. એ નયે સાધક સિદ્ધના પરિણામ લીધા.

૭. એવંભૂત નયે–શુકલ ધ્યાન, રૂપાતીત પરિણામ, ક્ષપક શ્રેણિ, કર્મક્ષયના કારણ તે ધર્મ. જે વસ્તુનું મૂળ સ્વરૂપ તે ધર્મ. જે મોક્ષ રૂપ કાર્યને કરે તે ધર્મ. એ સાતેનયે ધર્મ કહ્યો.

## હવે સાતે નયે સિદ્ધપણું કહે છેઃ–

૧. નૈગમનયે–સર્વ જીવ સિદ્ધ છે, કેમકે સર્વ જીવના મધ્યાષ્ઠ પ્રદેશ "રૂચક" સિદ્ધ સમાન નિર્મળા છે.

૨. સંગ્રહનયે–સર્વે જીવ સત્તાએ સિદ્ધ સમાન છે. એટલે એ નયે પર્યાયાર્થિક નયે જે કર્મસહિત અવસ્થા છે તે ટાળીને દ્રવ્યાર્થિક નયે મૂલ સત્તા અંગીકાર કરી.

૩. વ્યવહાર નયે-વિદ્યા, લબ્ધિ ગુણે જે સિદ્ધ થયા તે સિદ્ધ. એટલે એ નયે બાહ્ય તપ પ્રમુખ અંગીકાર કર્યા.

૪. ઋજુ સૂત્ર નયે-જેણે પોતાની સિદ્ધપણાની સત્તા ઓળખી અને તેનાજ ધ્યાનના ઉપયોગમાં જે જીવ વર્ત્તે છે તે સમયે તે જીવ સિદ્ધ જાણવો. એટલે એ નયે સમકિતી જીવને સિદ્ધ સમાન ગણ્યા.

૫. શબ્દનયે-જે શુદ્ધ શુકલ ધ્યાનના પરિણામ, નામાદિક નિક્ષેપે સિદ્ધ. તે સિદ્ધ.

૬. સમભિરૂઢનયે-જે કેવળજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાત ચારિત્ર ગુણે સહિત તે સિદ્ધ. એટલે એ નયે તેરમા, ચૌદમા ગુણઠાણાવાલા કેવલિને સિદ્ધ કહ્યા.

૭. એવંભૂતનયે-જેના સર્વ કર્મમળ ભસ્મિભૂત થયા. જે લોકાંતે બીરાજમાન અને અષ્ટ ગુણે સંપન્ન તે સિદ્ધ જાણવા.

## હવે સાતે નયે મોક્ષનું સ્વરૂપ કહે છે.

૧. નૈગમનય-જે ગત્યાદિ બંધનથી છૂટયા તેને મોક્ષ કહે છે.

૨. સંગ્રહનય-પૂર્વકૃત કર્મથી છૂટા થયા. અને દેશથી ઉજ્જવળ થયા તેને મોક્ષ કહે છે.

૩. વ્યવહારનય-પરિત્ત સંસારી, તથા સમકિતીને મોક્ષ કહે.

૪. ઋજુ સૂત્રનય-ક્ષપકશ્રેણિ ચડયા તેને મોક્ષ કહે.

૫. શબ્દનય-સયોગી કેવલીને મોક્ષ કહે.

૬. સમભિરૂઢનય-શૈલેસી કરણ ગુણવાલાને મોક્ષ કહે.

૭. એવંભૂતનય-સિદ્ધક્ષેત્રે પહોંચ્યા તેને સિદ્ધ કહે.

એ સાત નય માને તેને સમકિતી કહીએ અને એમાં કોઈ પણ નયને ઉત્થાપે તે મિથ્યાત્વી.

## હવે નિક્ષેપાનું સ્વરૂપ કહે છેઃ-

૧. પ્રથમ કોઈ પણ વસ્તુના નામનો નિર્દેશ કરીને બોલાવવો. તે નામ. જેમ કોઈકનું ધનપાલ એવું નામ હોય. તે યદ્યપિ નિર્ધન હોય તથાપિ તેને ધનપાલ કહેવાય છે.

૨. બીજો-સ્થાપના નિક્ષેપો-તે કોઈ પણ વસ્તુની સ્થાપના કરવી. આકાર રૂપ તે સ્થાપના નામસહિતજ હોય. જેમ ઇંદ્રાદિકની મૂર્તિની સ્થાપના કરવાથી તે ઇંદ્રના નામથી ઓળખાય છે.

૩. દ્રવ્યનિક્ષેપો-તે ઉપયોગ વિના વસ્તુનું ગ્રહણ કરવું. તે દ્રવ્ય નિક્ષેપો " अणुवओगोदव्वं " ઇતિ અનુયોગદ્વાર વચનાત્ તથા જે ભાવનું કારણ હોય તે દ્રવ્ય નિક્ષેપો.

૪. ભાવ નિક્ષેપો-તે પોતે ઉપયોગ સહિત વસ્તુનું ગ્રહણ કરવું તે ભાવ નિક્ષેપો.

દરેક વસ્તુમાં ચારે નિક્ષેપા અવશ્ય હોય છે. આદ્ય ત્રણ નિક્ષેપા કારણ છે ને ભાવ નિક્ષેપો કાર્ય છે. પ્રથમના ત્રણ નિક્ષેપા સિવાય ભાવ નિક્ષેપો થાય નહિ અને ભાવ નિક્ષેપા સિવાય ત્રણ નિરર્થક છે. માટે ચારે નિક્ષેપા માને તેને સમકિતી જાણવા અને એકપણ ઉત્થાપે તેને મિથ્યાત્વી જાણવા. લોકમાં પણ નામ નિક્ષેપા સિવાય વ્યવહાર થતો નથી. જેમ કોઈને આંબો લેવો છે એમ કહ્યું ત્યારે નામ નિક્ષેપો થયો. આવા આકારવાલો લેવો છે એમ કહ્યું ત્યારે સ્થાપના નિક્ષેપો થયો. અમુક દ્રવ્યનો લેવો છે ત્યારે દ્રવ્ય નિક્ષેપો થયો. તેમજ આ આંબોજ છે. એવો ચોકસ આત્મામાં નિર્ણય થયો, આંબાના ઉપયોગમાં વર્ત્યો ત્યારે ભાવ નિક્ષેપો થયો. માટે ચારે નિક્ષેપે કરી વસ્તુ સ્વરૂપ જાણવું.

## હવે સપ્ત ભંગીનું સ્વરૂપ કહે છે:-

૧. સ્યાદસ્તિ ભાંગો—એટલે કથંચિત્ સર્વ પદાર્થ પોતાના સ્વદ્રવ્યાદિકે કરી છતા છે. જેમ ઘટદ્રવ્ય–દ્રવ્યથી માટીનો, ક્ષેત્રથી રાજનગરનો, કાલથી ઉષ્ણકાલનો, ભાવથી શ્યામ છે. એમ સર્વ દ્રવ્યો પોતપોતાના રૂપે છતા છે.

૨. સ્યાન્નાસ્તિ—સર્વપદાર્થ કથંચિત્ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવથી અછતા છે. જેમ ઘટ તે દ્રવ્યથી ઘટ રૂપ, ક્ષેત્રથી સ્તંભ તિર્થનો, કાલથી શીતકાળનો, ભાવથી રક્તરૂપ નથી.

૩. સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ—ત્રીજો ભાંગો સર્વ પદાર્થ પર્યાયની અપેક્ષાએ વિચારતાં સ્વદ્રવ્યાદિકે અસ્તિરૂપ છે અને પર દ્રવ્યાદિકે નાસ્તિરૂપ છે.

૪. સ્યાદ્વક્તવ્યં—સર્વપદાર્થ સ્વ દ્રવ્યાદિકથી છતા અને પર દ્રવ્યાદિકથી અછતા છે. અને તે એક સમયમાં છે પણ તે કહી શકાય નહિ. કારણ શબ્દ બોલતાં અસંખ્યાતા સમય લાગે. માટે કથંચિત્ વિધિનિષેધ યુગપદ્વિધિથી અવક્તવ્ય છે.

૫. સ્યાદસ્તિ અવક્તવ્યં—વસ્તુના એક દેશમાં સ્વદ્રવ્યાદિકની વિવિક્ષા કરીએ ત્યારે તે અસ્તિરૂપ છે અને બીજા દેશમાં યુગપત્ વ્યાખ્યા કરીએ ત્યારે અવક્તવ્ય છે—એમ પાંચમો ભાંગો જાણવો.

૬. સ્યાન્નાસ્તિ અવક્તવ્યં—વસ્તુના એકદેશમાં પરદ્રવ્યાદિકની વિવિક્ષાએ નાસ્તિરૂપ છે. અને બીજા દેશમાં યુગપત્ વ્યાખ્યાએ અવક્તવ્ય છે.

૭. સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ સ્યાદવક્તવ્યં—વસ્તુના એક દેશમાં સ્વદ્રવ્યાદિકની વિવિક્ષાએ અસ્તિરૂપ છે. બીજા દેશમાં પર દ્રવ્યાદિકની વિવિક્ષાએ નાસ્તિરૂપ છે અને યુગપત્ વ્યા-

ખ્યાએ અવક્તવ્ય છે. એ સાતમો. તેમાં પહેલો, બીજો ને ચોથો એ ત્રણ ભાંગા સકલાદેશી દ્રવ્યાર્થિ નયે છે. અને બીજા ચાર ભાંગા વિકળાદેશી પર્યાયાર્થી નયે છે.

**હવે વસ્તુનું દ્રવ્યાદિ ચાર ભેદનું સ્વરૂપ કહે છેઃ-**

સર્વે જીવ મૂળ ચૈતન્ય લક્ષણે સર્વે સરખાં છે; પણ દ્રવ્યાદિ ચાર ભેદે જુદા છે.

૧. દ્રવ્યથી પિંડપણે સર્વે જીવ જુદા છે. દરેક જીવ પોતપોતાના ગુણ પર્યાયના સમુહનો પિંડ તે વડે જુદા છે. કોઈ કોઈના ગુણ પર્યાયનો પિંડ કોઈ કોઈમાં મળતો નથી. માટે અનંતા જીવદ્રવ્ય ભિન્ન ભિન્ન છે. એમ પુદ્ગલ પરમાણું પણ જડના લક્ષણે સરખા છે. પણ સર્વ પરમાણું દ્રવ્યપણે જુદા છે. જે કાળે પુછીએ તે કાળે તેટલાંજ થાય, પણ વધે ઘટે નહિ.

૨. ક્ષેત્રથી અવગાહનાપણે જીવાદિ દ્રવ્યના પ્રદેશ જુદા છે, પણ દ્રવ્યથી જુદા પડે નહિ. સંમિલિત અસંખ્યાત પ્રદેશાવગાહી રહે. ગુણ પર્યાય સર્વપ્રદેશે અનંતા છે તે ગુણપર્યાય એક પ્રદેશ મૂકી બીજા પ્રદેશમાં જાય નહિં. પર્યાય વિભાગ એકનો ને પ્રદેશનો સરખો અવગાહ છે. પણ તે પર્યાય અનંતા ભિન્ન છે અને તે અનંતા પ્રદેશ મળીને જે એક કાર્ય કરે તેને ગુણ કહે છે.

૩. કાળથી ભેદ તે–એક વસ્તુમાં ઉત્પાત્ત, વ્યય, રૂપ-પર્યાય પલટવાનો માન તે સમય. એમ સમયે સમયે અગુરૂ લઘુ પર્યાયની હાની–વૃદ્ધિ થાય છે. તેમ અતીત કાળે અનંતી થઇ છે. તે વર્ત્તમાન પ્રવૃત્તિની પરંપરા રૂપ છે. ભવિષ્ય કાળમાં અનંતી થાશે તે યોગ્યતા રૂપે જાણવી. અતીત કાલનો

કે ભવિષ્ય કાલનો કોઈ ઢગલો નથી. પંચાસ્તિકાયની વર્ત્તના પરણામ તે કાલ છે.

"जंवत्तणाई सूवो, कालो द्व्वस्स चेव पज्जाओ" ઇતિવચનાત્

૪. ભાવથી ભેદ તે દરેક પર્યાય ભિન્ન ભિન્ન કાર્ય કરે તે ભાવભેદ.

## હવે ષટ્દ્રવ્યનું કિંચિત્સ્વરૂપ કહે છે:-

૧. ધર્માસ્તિકાય–ગતિમાન્ જીવ અને પુદ્ગળને સહાય કરે તે. એટલે જેમ મત્સ્યની ગતિને સહાયક જળ છે તેમ જીવ અને પુદ્ગળને સહાયક ધર્માસ્તિકાય છે.

૨. અધર્માસ્તિકાય–સ્થિતિમાન્ જીવ પુદ્ગળને સહાય કરે તે. જેમ પથિકને સ્થિત કરવામાં સહાયક વૃક્ષની છાયા છે તેની પેઠે.

૩. આકાશાસ્તિકાય–જીવ પુદ્ગળને અવકાશ આપે તે–ભીંતમાં ખીલી ઠોકવા ( નાંખવા )ની જેમ. એ આકાશાસ્તિકાય સર્વ દ્રવ્યોનું આધાર છે. ભાજનની જેમ. એમાં સર્વ દ્રવ્યો રહે છે. એ ધર્માસ્તિકાયાદિ ત્રણેના સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ ત્રણ ભેદો છે.

સંગ્રહનયે કરી અસંખ્યાત પ્રદેશાત્મક ધર્માસ્તિકાય એક સ્કંધ રૂપ છે. વ્યવહાર નયે કરી દ્રવ્યનો એક સ્કંધ છતાં બુદ્ધિ પરિકલ્પીત દ્વિભાગ, ત્રિભાગ પ્રમુખ ઘણા દેશ છે. અને ઋજુ સૂત્ર નયે કરી એના જેટલા પ્રદેશ છે તે પ્રત્યેક પ્રદેશને ધર્માસ્તિકાય કહીયે. એમ ત્રણેનું જાણવું.

૪. પુદ્ગલાસ્તિ કાય–તે પૂર્ણ તથા ગલન ધર્મયુક્ત જે દ્રવ્ય તે પુદ્ગલ–એટલે કોઈક સ્કંધને વિષે પુદ્ગલો પૂરાય અને કોઈક સ્કંધમાંથી વિખરાય એવો પુદ્ગલોનો સ્વભાવ છે. તેના ચાર ભેદ છે.

૧. સ્કંધ, ૨. દેશ, ૩. પ્રદેશ, ૪. પરમાણું. તેમાં બે પ્રદેશ એકઠા થાય તે દ્વિપ્રદેશી સ્કંધ. ત્રણ પ્રદેશોનું ત્રિપ્રદેશી સ્કંધ. એમ એક એક પ્રદેશની વૃદ્ધિ કરતાં યાવત્ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંત પ્રદેશી સ્કંધ એમ અનંત ભેદ થાય છે.

૨. દેશ–તે સ્કંધનો દ્વિભાગ, ત્રિભાગ, ઇત્યાદિ રૂપ જાણવો. એટલે કોઈક સ્કંધના બે વિભાગ કરીએ તો બે દેશ થાય. ત્રણ વિભાગ કરીએ તો ત્રણ, એમ ચાર, પાંચ, સંખ્યાત, અસંખ્યાત, અનંત થઇ શકે.

૩. પ્રદેશ–તે જેનો અંશ ન થાય, નિરંશ તે પ્રદેશ કહેવાય. દેશ તે અનેક પ્રદેશવાલું હોય છે, અને પ્રદેશનો વિભાગ હોતો નથી એ તફાવત છે.

૪. પરમાણું–તે જેના બે વિભાગ ન થાય. અછેદ્ય, અભેદ્ય, એકાકી (છૂટા) હોય તે પરમાણું. પરમાણું જે સ્કંધથી છૂટા હોય તે કહેવાય, અને પ્રદેશ તે સ્કંધનો અવિભાજ્ય અંશ એ પ્રત્યેકમાં તફાવત છે.

૫. કાળ–તે નવ જીર્ણોત્પાદક જાણવો. કારણ પુદ્ગલ અને જીવ એ બે પરિણામી દ્રવ્ય છે. તેમાં બાળ, વૃદ્ધ, તરૂણાદિ પર્યાયનું કારણ કાલ દ્રવ્ય છે, તેમજ ઋતુ વિભાગ, મેઘવૃષ્ટિ ઈત્યાદિ કાલે કરી થાય છે. ચંપકાદિ વૃક્ષોને ફળ, ફૂલ કાલે કરી આવે છે, માટે દ્રવ્ય છે, કારણ વ્યવહાર નયે અઢીદ્વીપ વ્યાપી, અદ્ધાકાલ છે. તે એક સમય વર્ત્તમાન લક્ષણ છે. તે વર્ત્તમાન સમય પણ અનંતો છે, કારણ જેટલા પુદ્ગલ દ્રવ્યના પર્યાય છે તે પ્રત્યેકને વિષે એકેક વર્ત્તમાન

સમય છે, માટે અનંતો છે, નિશ્ચયનયે તો વર્ત્તનાદિ લક્ષણ. કાલ તે દ્રવ્યોનો પર્યાય છે, પણ વ્યવહારનયે કાલદ્રવ્ય છે. જો એમ ન માનીએ તો દ્રવ્ય પાંચ જ થાય, પણ તે તો સૂત્રકારને ઇષ્ટ નથી. જૈનાગમ ઉભય નય સંમત્ત છે. શ્રી ભગવતી, ઉત્તરાધ્યયન, પ્રજ્ઞાપનાદિ સૂત્રોમાં છ દ્રવ્ય અને તેનું અલ્પબહુત્વ વિગેરે કહેલું છે.

૬. જીવાસ્તિકાય-તે ચૈતન્ય લક્ષણ છે. તેના બે ભેદ-એક સાકાર તે જ્ઞાન અને બીજો નિરાકાર તે દર્શન-એ લક્ષણવાલો જીવ હોય છે. તેના બે ભેદ-એક સિદ્ધ ને બીજા સંસારી. તેમાં સિદ્ધ પંદર ભેદે છે. તે પૂર્વ અવસ્થાને લીધે થાય છે. સંસારીના ત્રસ, સ્થાવરાદિ ભેદે અનેક ભેદો થાય છે. સર્વ જીવો અનંત છે.

## હવે પ્રત્યેક દ્રવ્યના ગુણ, પર્યાયો કહે છે:-

૧. ધર્માસ્તિકાયના ૪. ગુણ. ૧-અરૂપી. ૨-અચેતન. ૩-અક્રિય. ૪-ચલન સહાયગુણ, અને પર્યાય ચાર તે, ૧-સ્કંધ. ૨-દેશ. ૩-પ્રદેશ. ૪-અગુરૂ લઘુ.

૨-અધર્માસ્તિકાયના ૪ ગુણ. ૧-અરૂપી. ૨-અચેતન. ૩-અક્રિય. ૪-સ્થિર સહાયગુણ. અને પર્યાય પણ પૂર્વવત્ ચાર છે.

૩. આકાશાસ્તિકાયના ૪ ગુણ, તેમાં ત્રણ પૂર્વવત્, ચોથો અવકાશ દાન, પર્યાય ચાર પૂર્વવત્.

૪. પુદ્ગલાસ્તિકાયના ચાર ગુણ. ૧-રૂપી. ૨-અચેતન. ૩-સક્રિય. ૪-પૂરણ, ગલન. અને પર્યાય ચાર. ૧-વર્ણ. ૨-ગંધ. ૩-રસ. ૪-સ્પર્શ.

૫. કાલના ચાર ગુણ. તેમાં ત્રણ પૂર્વવત્. ચોથો વર્ત્તના-લક્ષણ. પર્યાય ચાર. ૧–અતીત. ૨–વર્ત્તમાન. ૩–અનાગત. ૪–અગુરૂ લઘુ.

૬. જીવના ચાર ગુણ. ૧–અનંતજ્ઞાન. ૨–અનંત દર્શન. ૩–અનંતસુખ (ચારિત્ર). ૪–અનંતવીર્ય. પર્યાય ચાર. ૧–અવ્યાબાધ. ૨–અનવગાહ. ૩–અમૂર્ત. ૪–અગુરૂ લઘુ. એ ષટ્ દ્રવ્યનું સ્વરૂપ. વિશેષ અન્ય શાસ્ત્રથી જાણવું.

## હવે દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ કહે છે:–

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ને ભાવના જે ભેદો તે સર્વનું એકઠા મલીને પિંડપણે જે સમુદાય આધાર તે દ્રવ્ય. તે એક એક દ્રવ્યના પ્રતિપ્રદેશમાં સ્વસ્વકાર્ય કરવામાં સામર્થ્યવાલા અનંતા અવિભાગ રૂપ પર્યાયોનો સમુદાય તે ગુણ. ભિન્ન કાર્ય કરવામાં સામર્થ્ય રૂપ ભિન્ન ગુણના પર્યાયો ભિન્ન (જુદા) હોય છે. જેમ જ્ઞાનગુણ જાણવાનું કામ કરે છે, દર્શન ગુણ દેખવાનું કાર્ય કરે છે, તો તેના પર્યાયો જુદા જુદા છે. એમ અનંતા ગુણ છે. તે એકેકા ગુણના અનંતા અનંતા પર્યાયો છે. જેમ સો (૧૦૦) તાંતણાનો એક દોરડો કર્યો. તે તાંતણાનાં સમુદાયથી દોરડો જુદો નથી, તે દોરડાના અવિભાગ–તાંતણા રૂપ પર્યાયો છે, તેની પેઠે ગુણ પર્યાયનું ભેદ અને અભેદપણું સમજવું. એ અવિભાગ રૂપ પર્યાય તે છતી પર્યાય અને તે દોરડા વડે જેમ અનેક કાર્ય થાય તેની પેઠે છતી પર્યાયથી જે નવીન નવીન કાર્ય થાય તે સામર્થ્ય પર્યાય કહેવાય. તેમાં આત્માના ગુણ અને પર્યાય છે તે આત્માને હિતાવહ છે, અને પર સંયોગથી

ઉત્પન્ન થયેલ જે ગુણો કે પર્યાયો તે આત્માને હિતકર નથી. દેવ, નારકાદિ ભવ પર્યાય, તેમજ સાતા વેદનીયાદિ પુણ્ય પ્રકૃતિ એ બધા પરના સંયોગથી છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો જ આત્માને સમવાય સંબંધે હોવાથી તે આત્માથી જુદા નથી તે યથાર્થ જ્ઞાન સિવાય આત્મા પરવસ્તુમાં મુંઝાઇ રહ્યો છે તેનું કારણ હજી શરીરાદિ પરભાવની મમતા છૂટી નથી. દેહ એજ હું છું, એવી બુદ્ધિ એજ ભ્રમ છે. તે જ્યારે, હું દેહથી ન્યારો છું, હું અજર, અવિનાશી, અખંડ સત્તાએ સિદ્ધ સમાન છું, પણ અનાદિકાળથી કર્મના સંગથી બંધાએલો છું, માટે હવે હું એથી મૂક્ત થવા ઉદ્યમ કરૂં, બાહિરાત્મભાવનો ત્યાગ કરી અને અંતરાત્મ દશામાં રહી પરમાત્મ ભાવને પ્રગટ કરૂં, એવી જીજ્ઞાસા ઉત્પન્ન થાય ત્યારે આત્માને બંધનનાં કારણો તપાસે તો. ૧–મિથ્યાત્વ. ૨–અવિરતિ. ૩–પ્રમાદ. ૪–કષાય. ૫–યોગ છે તે, અને આત્માને મૂક્ત કરાવનાર. ૧–સમકિત. ૨–વિરતિ. ૩–અપ્રમાદ. ૪–અકષાય. ૫–યોગનિરોધ છે, તે ક્રમશઃ બંધનો ત્રોડે છે. જેટલે જેટલે અંશે કર્મબંધન તૂટતા જાય તેટલે તેટલે અંશે આત્મા કર્મથી મૂક્ત થતો જાય. સર્વ કર્મબંધન તૂટે ત્યારે આત્માનો સર્વથા મોક્ષ થાય. જેમ સૂર્યની પ્રભા વાદળાંથી આચ્છાદિત થએલ હોય, તે જેટલે જેટલે અંશે વાદળાં ખસતાં જાય–દૂર થતાં જાય, તેટલે તેટલે અંશે સૂર્યપ્રભા નિર્મળ થતી જાય છે, અને જ્યારે તમામ વાદળાં દૂર થઈ જાય ત્યારે સંપૂર્ણ સૂર્યપ્રભા ઝળકી નીકળે છે. તેમ સર્વ કર્મના નાશથી આત્મજ્યોતિ ઝળકી નીકળે. તેનો ક્રમ ગુણસ્થાનનું સ્વરૂપ જાણવાથી સમજી શકાય.

## ચૌદ ગુણ સ્થાનકનાં નામો કહે છેઃ-

૧. મિથ્યાત્વ ગુણ સ્થાનક. ૨. સાસ્વાદાન. ૩. મિશ્ર.
૪. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ. ૫. દેશવિરતિ. ૬. પ્રમત્તસંયત.
૭. અપ્રમત્તસંયત. ૮. અપૂર્વ કરણ. (નિયતિબાદર)
૯. અનિવૃત્તિ બાદર. ૧૦. સૂક્ષ્મ સંપરાય. ૧૧. ઉપશાંતમોહ.
૧૨. ક્ષીણમોહ. ૧૩. સયોગી કેવલી. ૧૪. અયોગી કેવલી.

ઇતિનામ પૂર્ણમ્.

## ૧૪ ગુણસ્થાનકોનું સ્વરૂપ કહે છેઃ-

૧. જે ભવ્ય જીવો પુષ્કળ નિંદ્રાવસ્થામાં રહેતા હોય તે જીવોને નિશ્ચયથી પહેલું, બીજું, ત્રીજું ગુણઠાણું હોય છે. પરંતુ તેથી વધુ હોવાનો સંભવ નથી. આ દશાને બહુ શયની દશા કહે છે.

૨. જે ભવ્ય જીવો–સામાન્યપણે નિંદ્રાવસ્થામાં રહેતા હોય એટલે કે સહેજ અવાજ થતાં જાગૃત થઈ શકતા હોય તે જીવોને નિશ્ચયથી ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણઠાણું હોય છે. એ દશાને શયન દશા કહે છે.

૩. જે ભવ્ય જીવો રાત્રિના સમયે વધુ ટાઈમ જાગૃત અવસ્થામાં જ રહેતા હોય છે તે જીવો સાતમાથી બારમા ગુણ-ઠાણા સુધી હોય છે. આ દશાને જાગૃત દશા કહે છે.

૪. જે ભવ્યજીવો સાતમા ગુણઠાણા ઉપર નિશ્ચયથી હોય છે તે જીવોને રાત્રિના સમયે સ્વપ્ન આવી શકતા નથી.

૫. જે ભવ્ય જીવો બીલકુલ નિંદ્રા લેતા ન હોય અને સાથે સંપૂર્ણ તંદુરસ્ત દશામાં રહી શકતા હોય તે જીવો નિશ્ચયથી તેરમા ચૌદમા ગુણઠાણે હોય. ઇતિ નય ચક્રે.

## હવે વિશેષાર્થ કહે છે:-

૧. મિથ્યાત્વ ગુણસ્થાન–તે જિન વચનથી જેને વિપરીત શ્રદ્ધા હોય તે અથવા સંપૂર્ણ જિનવચનને માનતા છતાં પણ એક પદને ન માને તેને પણ મિથ્યાત્વી કહિયે. યદ્યપિ મિથ્યાત્વી છે તથાપિ જડ, ચૈતન્યનો ભેદ કરનાર જ્ઞાનગુણ સર્વ જીવમાં હોવાથી મિથ્યાત્વ ગુણસ્થાન કહેવાય છે, અથવા મિથ્યાત્વી પણ કેટલીક લોકપ્રસિદ્ધ સત્યવસ્તુ માને છે માટે અથવા મિથ્યાત્વી પણ ભવિષ્યમાં અન્યગુણોને પ્રાપ્ત કરશે ઈત્યાદિ કારણે ગુણસ્થાનક કહેલ છે. મિથ્યાત્વની સ્થિતિ અભવ્ય આશ્રી અનાદિ અનંત. ૨ ભવ્ય આશ્રી અનાદિ શાંત. ૩–પડવાઈ આશ્રી સાદી શાંત. ઇતિ પ્રથમ ગુણ.

૨. સાસ્વાદાન--તે ઉપસમ સમકિતને પ્રાપ્ત કરી અનંતાનુબંધી કષાયના ઉદયથી તેનાથી પતિત થઈ જ્યાં સુધી મિથ્યાત્વે નથી ગયો ત્યાં સુધી તેને સાસ્વાદાન સમકિત કહીયે. જેમ કોઇએ પયસ:નું પાન કરીને વમન કર્યું હોય તો તે વારે બધું દૂધ નીકળી જાય પણ મુખમાં થોડો સ્વાદ રહી જાય, તેમ જીવાત્મા સમ્યક્ત્વથી પડતા જ્યાં મિથ્યાત્વે આવે તેના વચલા વખતને સાસ્વાદાન કહે છે. પછી અવશ્ય મિથ્યાત્વે જાય. તેની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ આવલીકા. ઇતિ બીજું ગુણસ્થાનક.

૩. મિશ્ર–તે મિશ્ર મોહનીય કર્મના ઉદયથી કાંઈક સમ્યક્ત્વ અંશ અને કાંઇક મિથ્યાત્વ અંશ. એમ ગોળ અને દહીંના મિશ્ર રસની માફક જેના પરિણામ હોય. અથવા નાલિએર દ્વીપના મનુષ્યને જેમ અન્ન ઉપર રૂચી કે અરૂચી ન હોય તેમ ત્રીજા ગુણસ્થાનક વાલાના પરિણામ સ્થિર ન હોય. ત્રીજા ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય ને ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત્તની હોય છે. પછી ઉપર ચડે અથવા પહેલે ગુણુઠાણે આવે.

૪. અવિરતિ–જેને અનંતાનુબંધીની ચોકડી અને સમકિત મોહની, મિથ્યાત્વમોહની, મિશ્રમોહની એ સાત પ્રકૃતિના ક્ષયોપશમથી ક્ષયોપશમ સમકિત હોય. ઉપશમથી ઉપશમ અને ક્ષયથી ક્ષાયક સમકિત હોય. તેને જિનેન્દ્ર કથિત જીવાદિ નવ પદાર્થની શ્રદ્ધા હોય. પણ અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી શ્રી શ્રેણિક નૃપ તથા કૃષ્ણાદિના જેમ એક નવકારશી માત્ર પણ પચ્ચક્ખાણ ન કરી શકે. તેને અવિરતિ સમ્યગ્દષ્ટિ કહીએ. એની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગર ઝાઝેરી છે.

૫. દેશવિરતિ–જે સર્વવૃત્તિપણાને ઈચ્છતાં છતાં પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી સર્વથા ત્યાગ ન કરી શકે. પણ દેશથી દ્વાદશ વ્રતાદિ મૂલગુણ અગર નવકારશી આદિ ઉત્તર ગુણ પચ્ચક્ખાણ અપ્રત્યાખ્યાનાવરણ કષાયના અભાવથી ગ્રહણ કરે તેને દેશવિરતી કહીયે. એની સ્થિતિ ૭૦ દેશે ઉણી ક્રોડપૂર્વની.

૬. પ્રમત્તસંયત–પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયના અભાવથી જે સર્વવિરતિને ગ્રહણ કરે, પણ પ્રમાદના વશથી ચારિત્રમાં તથાવિધ પ્રવૃત્તિ કરી ન શકે. તેને પ્રમત્ત સંયત ગુણસ્થાનક કહીયે. એ ગુણુઠાણે અશુભયોગ તથા કૃષ્ણાદિ

લેશ્યા પણુ હોય છે. એની સ્થિતિ ઉ૦ અંતર્મુહૂર્ત્તની હોય છે. પણુ ભગવતીની ટીકામાં એનું સ્પષ્ટીકરણુ છે. તથા અન્ય મતે પ્રમત્તની સ્થિતિ દેશે ઉણી (સાડાનવ વર્ષ ઉણી) ક્રોડ પૂર્વની કહેલી છે, " એ બન્ને મત સત્ય છે કારણુ અંતર્મુહૂર્ત્તની સ્થિતિ પરિણામ આશ્રી છે. અને ક્રોડ પૂર્વ દેશે ઉણી તે લિંગ (વેશ) આશ્રી છે. "

૭. અપ્રમત્ત સંયત—જે પાંચ પ્રકારના પ્રમાદથી રહિત અને વિશુદ્ધ લેશ્યાવાલા હોવાથી નિર્મલ ચારિત્રી હોય તેને અપ્રમત્ત કહીયે. એની સ્થિતિ ઉ૦ અંતર્મુહૂર્ત્ત હોય છે. છઠ્ઠો અને સાતમો એ બન્ને ગુણુઠાણુા અંતર્મુહૂર્ત્તે પરાવર્ત્તન પામે છે. અર્થાત્ છઠ્ઠાથી સાતમે અને સાતમાથી છટ્ઠે આવે છે. બન્ને ગુણુઠાણુાની ભેલી સ્થિતિ દેશે ઉણુા ક્રોડ પૂર્વની હોય છે. તેમાં પ્રમત્તનું અંતર્મુહૂર્ત્ત મોટું અને અપ્રમત્તનું નાનું જાણુવું. ઇતિ સપ્તમ્ ગુણુસ્થાનકમ્.

૮. અપૂર્વકરણુ—જે પરિણુામ પૂર્વે કદી પણુ પ્રાપ્ત થયા નથી. તેવા ઉત્તમ પરિણુામની પ્રાપ્તિ તેને અપૂર્વ કરણુ કહીયે. તેનું બીજું નામ નિવૃત્તિ બાદર છે. એ ગુણુઠાણુે પરિણુામની વિશુદ્ધિથી સ્થિતિઘાતાદિ પાંચ કાર્ય થાય છે.

૧. સ્થિતિઘાત—તે જે મોટી સ્થિતિના કર્મ હોય તેની સ્થિતિનાં ખંડ થઇ નાની સ્થિતિ થાય.

૨. રસઘાત—તે અશુભકર્મના તીવ્ર, તીવ્રતર રસ હોય તેનાં ખંડ થઈ મંદ, મંદતર થાય. અને શુભકર્મના મંદ, મંદતર રસ હોય તે તીવ્ર, તીવ્રતર થાય.

૩. ગુણશ્રેણી—તે કર્મના દલિકની રચના ગોપુચ્છાકારે થાય.

૪. ગુણસંક્રમ—તે પ્રતિસમય ઉદયાવલીકામાં દલિકનું સંક્રમ અસંખ્યાત ગુણ વૃદ્ધિએ થાય.

૫. અપૂર્વ સ્થિતિ બંધ—તે પ્રતિ સમય અન્ય અન્ય સ્થિતિબંધની અપેક્ષાએ ન્યૂન ન્યૂન થાય. એ પાંચમાના અધ્યવસાયની નિર્મલતા અહીંથી પ્રવર્ત્તે, ત્યાં ધ્યાન પણ શુકલ ને લેશ્યા પણ શુકલ હોય છે. એનું વિશેષ વર્ણન કર્મગ્રંથાદિથી જોવું; કારણકે એ વિષય ઘણો ગહન છે.

૯. અનિવૃત્તિ બાદર—આ ગુણઠાણે ચડેલા જીવોના અધ્યવસાય ત્રણે કાલ આશ્રયિ સમાન હોવાથી અનિવૃત્તિ (આઠમા ગુણ ઠાણે ઘણા જીવો આશ્રી અધ્યવસાયની વિચિત્રતા હોવાથી નિવૃત્તિ) કહેવાય છે. અને કષાય બાદર હોવાથી અનિવૃત્તિ બાદર કહેવાય છે. અહીંથી ચારિત્ર મોહનીયનો ઉપ-શમ અગર ક્ષય કરવાને પ્રવૃત્તિ કરે છે. આઠમા ગુણઠાણે પણ શ્રેણિને સન્મુખ હોવાથી ત્યાંથી શ્રેણીનો આરંભ કહેવાય છે. પણ પ્રકૃતિઓનો ક્ષય નવમામાંથી હોય છે. ઇતિ નવમ્ ગુણ-સ્થાનકમ્ પૂર્ણમ્.

૧૦. સૂક્ષ્મ સંપરાય:—આ ગુણઠાણામાં સંજ્વલન લોભના અનેક ખંડ કરી ખપાવે છે. શેષ સૂક્ષ્મ કિટ્ટિરૂપ લોભનો ઉદય હોવાથી સૂક્ષ્મ સંપરાય કહેવાય છે.

૧૧. ઉપશાંત મોહ—સત્તામાં મોહ હોવા છતાં ૨૮ મોહની પ્રકૃતિઓને ઉપસમાવવાથી મોહના ઉદયનો અભાવ હોવાથી ઉપશાંત વીતરાગ કહેવાય છે. એ ગુણઠાણાથી જીવ

અવશ્ય પડે. જો ગુણઠાણાની સ્થિતિ પૂર્ણ થતાં પડે તો પશ્ચાનુ-પૂર્વીએ ઉતરતા છઠ્ઠે અટકે. કોઇક પાંચમે કે ચોથે અટકે. કોઈક સાસ્વાદાને જઇ મિથ્યાત્વે પણ જાય. ઉપશમ શ્રેણિએ ચડેલ પ્રાણી સિદ્ધાંત મતે તે ભવમાં મોક્ષે ન જાય. ઉત્કૃષ્ટથી અર્દ્ધ પુદ્દગલ દેશે ઉણો સંસારમાં રહી મોક્ષે જાય. અને આયુષ્ય પૂર્ણ થએ છતે ઉપશમ શ્રેણિમાં વર્ત્તતો જીવ કોઈ પણ ગુણઠાણે કાળ કરે તો અવશ્ય અનુત્તર વિમાને જાય.

૧૨. ક્ષીણમોહ–સર્વથા મોહનીય કર્મનો સત્તામાંથી ક્ષય કરેલ છે; છતાં જ્ઞાનાવરણાદિ કર્મનો સદ્દભાવ હોવાથી છદ્દમસ્થ ક્ષીણ મોહ વિતરાગ કહેવાય છે. આઠમાથી બારમા ગુણઠાણા સુધી સ્થિતિ ઉ૦ અંતર્મુહૂર્ત્તની હોય છે.

૧૩. સયોગીકેવલી–સર્વથા ચાર ઘાતી કર્મનો ક્ષય કરી અનંત ચતુષ્ટય સહિત હોવા છતાં પણ ભાવોપગ્રાહી ચાર અઘાતિકર્મની ૮૫ પ્રકૃતિ સત્તામાં હોય છે. વલી સલેશી હોવાથી યોગ નિમિત્તથી દ્વિસમયિક શાતા વેદનીયનો બંધ હોય છે. એ ગુણઠાણાની સ્થિતિ જઘન્ય અંતર્મુહુર્ત્તની, ઉત્કૃષ્ટિ નવ વર્ષ ન્યૂન ક્રોડ પૂર્વની હોય છે.

૧૪. અયોગી કેવલી–અંતર્મુહુર્ત્ત આયુષ્ય બાકી રહે ત્યારે લેશ્યાતીત ધ્યાનમાં એકાગ્ર થવા માટે યોગનો નિરોધ કરી શૈલેસી કરણ કરે. એ ગુણઠાણાના દ્વિચરમ સમયે ૭૨ પ્રકૃતિ ખપાવીને ચરમ સમયે શેષ ૧૨ પ્રકૃતિને ખપાવે. એ ગુણ-ઠાણાની સ્થિતિ પંચ હ્રસ્વ (લઘુ) અક્ષરના ઉચ્ચાર જેટલી છે. એમ પ્રાંતે સર્વ કર્માંશથી નિવૃત્ત થઈ સર્વ સંગરહિત અક્રિય

થઈ સિદ્ધ થાય. અક્રિય છતાં પણ પૂર્વ [1]પ્રયોગથી, [2]સહજ સ્વભાવથી, [3]બંધનમુક્તપણાથી, તથા [4]નિર્લેપ પણાથી લોકાંતે અલોકને અડકીને સાકારોપયોગે સિદ્ધ થાય. સિદ્ધના જીવોના પ્રદેશોની અવગાહના પૂર્વ ચરમ શરીરથી ત્રીજા ભાગે ન્યુન હોય છે. અને સમયાંતર જ્ઞાન, દર્શન ઉપયોગ હોય. એમ ઉત્તરોત્તર વિશુદ્ધિના આ ૧૪ સ્થાન સ્થૂલ વ્યાખ્યાએ છે. પરમાર્થે તો અસંખ્ય સ્થાન છે. પણ ભવ્યજીવોના સુખબોધ માટે જ્ઞાનીઓએ ૧૪ ગુણસ્થાનમાં સર્વ જીવોનો સમાવેશ કરેલ છે. "ગુણસ્થાનનું સ્વરૂપ તથા કયા ગુણઠાણે કેટલી પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા, ને સત્તા હોય તે સમજવાથી વાસ્તવિક સ્વરૂપ સમજાય છે." એવી રીતે આત્માની ઉત્તરોત્તર વિશુદ્ધિના સ્થાનક ૧૪ કહ્યા. તે જેમ જેમ કર્મોનાં આવરણો ઓછાં થાય તેમ તેમ આત્માનો વિકાસ થાય છે. કારણ કે જીવ અને કર્મનો અનાદિ કાળથી "**कनकोपल**" ન્યાયથી સંબંધ છે. તે કનક (સુવર્ણ) ને જેમ જેમ તપાવીએ તેમ તેમ માટીનો અંશ નાશ થતો જાય અને સોનું શુદ્ધ થાય. તેમ આત્મા પણ ધ્યાનાગ્નિથી શુદ્ધ થાય. માટે ધ્યાનનું સ્વરૂપ કહે છે:—

ગાથા:—

**अंतोमुहुत्तमित्तं, चित्तावत्थाण एगवत्थुम्मि;**
**चउमत्थाणं ज्झाणं, जोगनिरोहोजिणाणंतु.** ॥ १ ॥

અર્થ:—એક વસ્તુમાં અંતર્મુહૂર્ત્ત સુધી ચિત્તની એકાગ્રતા (નિશ્ચલતા) તે છદ્મસ્થોનું ધ્યાન અને યોગ નિરૂદ્ધ તે જિનોનું ધ્યાન છે.

## ચાર પ્રકારનાં ધ્યાનનાં નામો:-

૧. આર્ત્તધ્યાન. ૨. રૌદ્રધ્યાન. ૩. ધર્મધ્યાન. અને ૪. શુક્લ ધ્યાન. પહેલાં બે ધ્યાન અશુભ છે. પાછલના શુભ છે.

## હવે અર્થ કહે છે.

૧. આર્ત્તધ્યાન–આર્ત્ત એટલે મનમાં આહટ-દોહટ, ચિંતા, શોક ઈત્યાદિના પરિણામ; તેના ચાર પાયા છે.

૧. ઈષ્ટ વિયોગ–એટલે માતા, પિતા, ભાઈ, સ્ત્રી, પુત્ર સ્વજનાદિ ઇષ્ટ વસ્તુનો વિયોગ થવાથી વિલાપ, ખેદ, ઝૂરણાદિ કરે.

૨. અનિષ્ટ સંયોગ–તે પોતાને ન ગમતાં દુઃખના કારણ કુમિત્ર, કુપુત્ર, કુભાર્યા તથા દારિદ્રતાદિનો સંયોગ મળતાં મનમાં ખેદ–ચિંતા કરે.

૩. રોગચિંતા–શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થાય તો ઘણી ચિંતા કરે–મનમાં દુઃખ ધરે તે.

૪. અગ્રશોચ, તે ભવિષ્યકાળની વિચારણા–કલ્પના કરે જે ભવિષ્યમાં અમૂક કામ કરશું તો અમૂક લાભ મળશે. અથવા દાનાદિ ધર્મ ક્રિયાના ફળની વાંછા કરે. ઈંદ્ર, ચક્રવર્તિના પદની અભિલાષા–નિયાણું કરે; પરભવમાં ભોગ, સુખ મલે એવી વાંછા કરે. એનું બીજું નામ ભોગાર્ત્ત પણ છે. એ આર્ત્ત ધ્યાનના ચાર ભેદ કહ્યા. એ ધ્યાન તિર્યંચ ગતિનું કારણ છે. એ ધ્યાનના પરિણામ પાંચમા છઠ્ઠા ગુણઠાણા સુધી હોય છે.

૨. રૌદ્રધ્યાન–રૌદ્ર એટલે ભયંકર–ક્રૂર પરિણામનું ચિંતવન. તેના ચાર પાયા છે.

૧. હિંસાનુબંધી રૌદ્ર–પોતે જીવ હિંસા કરીને રાજી થાય. અન્યને હિંસા કરતો દેખી પ્રમોદ પામે. યુદ્ધ વિગેરેની અનુમોદના કરે. હિંસામાં જ આનંદ માને.

૨. મૃષાનુબંધી રૌદ્ર–બીજાને ઠગી, વંચી, ખોટું બોલી, મનમાં આનંદ માને કે મેં કેવો અમૂકને છેતર્યો ! ઈત્યાદિ રૌદ્ર પરિણામ વાલો હોય.

૩. ચૌર્યાનુબંધી રૌદ્ર–પારકું દ્રવ્ય હરણ કરી–ચોરી કરી મનમાં આનંદ માને. ચોરીનો ઉપદેશ કરે.

૪. સંરક્ષણાનુબંધી રૌદ્ર–ધન, ધાન્યાદિ પરિગ્રહ મેળ-વવા--સંચય કરવાની તીવ્ર ઉત્કંઠા રાખે. લાલચ ઘણી હોય. કુટુંબીના માટે ભયંકર પાપ કરે. મમ્મણ શેઠ, સાગર શેઠના જેમ અત્યંત સંચયશીલ હોય. જેમ જેમ પરિગ્રહ વધે તેમ તેમ આનંદીત થાય. એ ચાર ભેદ રૌદ્રધ્યાનના કહ્યા. એ ધ્યાન મહા અશુભ કર્મબંધનું કારણ છે. નરક ગતિને દેનાર છે. એ પાંચમા ગુણઠાણા સુધી હોય. છઠે ગુણઠાણે પણ એક હિંસાનુબંધી રૌદ્રધ્યાન કોઈક જીવને હોય. તે ધ્યાન અંતર્મુ-હૂર્ત્ત સુધી હોય. " છઠ્ઠે ગુણઠાણે રૌદ્રધ્યાન વધારે વખત ટકે નહિ. અને જો ટકે તો ગુણઠાણાનો ઘાત કરે. તે પહેલા ગુણઠાણાના રૌદ્રધ્યાનની અપેક્ષાએ મંદક્રૂરતા વાલો હોય. ત્યાં સુધી લેશ્યા પણ હોય છે. ધ્યાનાંતરીકાએ વર્ત્તતાં લેશ્યા હોય પણ ધ્યાન ન હોય. યદ્યપિ ધ્યાન અને લેશ્યા બન્ને

ચિંતા રૂપ છે. તથાપિ ધ્યાન દ્રઢ ચિંતા રૂપ છે. અને લેશ્યા દ્રઢ અધ્યવસાય રૂપ તથા અદ્રઢ અધ્યવસાય રૂપ પણ છે. ઈતિ રૌદ્રધ્યાન પૂર્ણમ્.

૩. ધર્મધ્યાન–વ્યવહાર ક્રિયારૂપ ધર્મ તે કારણ ધર્મ. તથા શ્રુત ચારિત્રરૂપ ધર્મ તે ઉપાદાનપણે સાધનધર્મ, તથા ભેદ રત્નત્રયી તે અપવાદ ધર્મ. અને અભેદ રત્નત્રયી તે ઉત્સર્ગ ધર્મ.–અંતરંગ શુદ્ધ ધર્મનું ભાસન, રમણ–એકાગ્રતા-પણે ચિંતવન, તન્મયતાનો ઉપયોગ. તે ધર્મના ચાર પાયા છે.

૧. આજ્ઞા વિચય:–એટલે શ્રી વિતરાગ દેવની આણા-તહત કરી માને, નયનિક્ષેપ પ્રમાણાદિ સર્દ્દહે, તેનીજ આજ્ઞા પ્રમાણે યથાર્થ ઉપયોગે તન્મય રહે તે.

૨. અપાયવિચય:–તે જીવને અશુદ્ધપણે જેનાથી દુઃખ ઉત્પન્ન થાય છે તેનો વિચાર કરવો. તે દુઃખના કારણ રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન ઈત્યાદિ છે. તે મારા નથી. તેનાથી હું ભિન્ન છું. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એમ વિચારી રાગદ્વેષાદિનો ત્યાગ કરવો. સ્વરૂપ રમણીક થવું. ઈતિ.

૩. વિપાક વિચય:–તે યદ્યપિ જીવ સત્તાએ શુદ્ધ, બુદ્ધ, અવિનાશી છે તથાપિ કર્મવશે દુઃખી છે, જ્ઞાનાવરણે જ્ઞાન-ગુણ ઢાંકયો છે, દર્શનાવરણે દર્શનગુણ એમ અનંતકર્મ પરમાણુંઓથી આત્મા આવરાઇ ગયો છે, એટલે સધન, નિર્ધન, સ્ત્રી, પુરૂષ નપુંસક, દેવ, નારક, તિર્યંચ, મનુષ્યાદિ અનેક રૂપ ધારણ કરી આ જીવ કર્મવશ નાચે છે. કર્મની પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ, બંધ, ઉદય, ઉદીરણા, સત્તાદિનો વિચાર કરી તેનાથી અલગ થવા પ્રયત્ન કરવો.

૪. સંસ્થાન વિચય:—તે ચૌદ રાજલોકના સ્વરૂપનું ચિંતવન કરવું. જે આલોક ચૌદ રાજ પ્રમાણ ઉંચો છે. તે મધ્યે સાત રાજ અધોલોક છે. અઢારસો યોજન ત્રિછાલોક છે. કિંચિન્ન્યૂન સાત રાજ ઉર્ધ્વલોક છે, અને સિદ્ધ શિલાની ઉપરે લોકાંતે સિદ્ધ છે. આ સમગ્ર ચૌદ રાજલોકમાં આ જીવ સર્વ સ્થાને જન્મ, મરણે કરી સ્પર્શી કરી આવેલ છે. તે લોકમાં પાંચ અસ્તિ કાય છે. તથા છઠ્ઠો કાલ દ્રવ્ય છે. તેમાં પાંચ દ્રવ્ય જડ છે, અને છઠ્ઠો ચૈતન્ય દ્રવ્ય છે. ઇત્યાદિ સ્વરૂપનું ચિંતન તે સંસ્થાન વિચય. એ ધર્મધ્યાન ચોથા ગુણઠાણાથી માંડીને સાતમા ગુણ ઠાણા સુધી છે.

## ૪. શુક્લધ્યાન-તેના ચાર પાયા:—

૧. પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર-તે પૃથક્ પૃથક્-જીવ અજીવની વ્હેંચણ કરવી. સ્વભાવ-વિભાવની વ્હેંચણ કરવી. દ્રવ્યગુણ પર્યાયની વ્હેંચણ કરી પર્યાયને ગુણમાં સંક્રમાવે. ગુણ તે પર્યાયમાં સંક્રમણ કરે. એ રીતે સ્વધર્મને વિષે ધર્માંતર ભેદ તે પૃથકત્વ અને તેનો વિતર્ક તે જે શ્રુતજ્ઞાને સ્થિત-ઉપયોગ અને એક ચિંતવ્યા પછી બીજો ચિંતવવો. ઇત્યાદિ વિકલ્પ તે સપ્રવિચાર તે પ્રથકત્વ વિતર્ક સપ્રવિચાર કહીયે, એટલે અહિંયા વિકલ્પ સહિત આત્મસત્તાનું ધ્યાન. એ આઠમા ગુણઠાણાથી ૧૧ મા ગુણઠાણા સુધી છે.

૨. એકત્વ વિતર્ક અપ્રવિચાર:-તે આપણા ગુણ પર્યાયની એકાગ્રતા કરી ધ્યાવે, એટલે દ્રવ્યાસ્તિક નયે દ્રવ્યથી ગુણપર્યાય જુદા નથી એવો એકત્વ સ્વરૂપ વિતર્ક તે શ્રુત-

જ્ઞાનોપયોગ અને અપ્રવિચાર તે વિકલ્પ રહિત જે ધ્યાન તે એકત્વ વિતર્ક અપ્રવિચાર. એ ધ્યાન શ્રુતજ્ઞાનના આલંબનથી નહિ. એ પાયો બારમા ગુણુઠાણે ધ્યાવે, એથી ઘનઘાતી ચાર કર્મ નાશ થાય, કેવલજ્ઞાન પ્રાપ્ત થાય, પછી તેરમા ગુણુઠાણે ધ્યાનાંતરીકાએ વર્ત્તે. "તેરમાને અંતે અને ચૌદમે ગુણુઠાણે બે પાયા ધ્યાવે." તે કહે છે:–

૩. સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી–તે સૂક્ષ્મ મન, વચન, કાયાના યોગને રૂંધે, શૈલેશી કરણ કરી અયોગી થાય, ત્યારે કર્મ-પ્રકૃતિ પહેલાં ૮૫ હતી તેમાંથી ૭૨ ખપાવે, બાકી ૧૩ રહે.

૪. સમુચ્છિન્ન ક્રિયાનુવૃત્તિ:—તે યોગ નિરોધ કીધા પછી જે શેષ ૧૩ કર્મ પ્રકૃતિ હતી તેને ખપાવી અકર્મા, ક્રિયા રહિત થાય. એ ધ્યાનના બળે અવગાહના "દેહમાન" માંથી ત્રીજો ભાગ ઘટાડી શરીર મૂકી એક સમયમાં લોકાંતે જાય. સિદ્ધ, બુદ્ધ, થાય. ઇતિ ધ્યાનનું સ્વરૂપ પૂર્ણમ્.

## હવે પાંચ આચાર નિશ્ચય, વ્યવહારથી કહે છે.

૧–જ્ઞાનાચાર. ૨–દર્શનાચાર. ૩–ચારિત્રાચાર. ૪–તપાચાર. ૫–વિર્યાચાર.

૧. નિશ્ચયજ્ઞાન-તે આત્માનો સમવાઈ જાણુપણુ રૂપ લક્ષણુ ગુણુ તે આત્માથી અભેદ છે, તે વસ્તુ સ્વરૂપે છે. ૨. અને વ્યવહારીક જ્ઞાનના બે ભેદ. એક લૌકિક તે અન્યમતિના શાસ્ત્રનું જ્ઞાન, અને બીજો લોકોત્તર તે જૈન મતના સમસ્ત શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહારીક જ્ઞાન. તે નિશ્ચય લક્ષમાં રાખી વ્યવહારમાં કાળ, વિનયાદિ જ્ઞાનના અષ્ટ આચારનું પાલન

કરવું. વ્યવહારથી જીવના ભેદ, પ્રભેદાદિની વહેંચણ કરવી એ વ્યવહાર જ્ઞાન; નિશ્ચયાનુયાયિ તે ભાવ જ્ઞાન છે.

૨. દર્શનાચાર—તે નિશ્ચયથી આત્માના તત્ત્વ નિર્ધાર રૂપ પરિણામ તે નિશ્ચય દર્શન; અને વ્યવહારથી નિ:શંકાદિ આઠ આચારનું પાલન કરવું તે દર્શનાચાર. નિશ્ચયને લક્ષમાં રાખી વ્યવહારથી દર્શનાચારનું પાલન કરવું. ઈતિ.

૩. ચારિત્રાચાર—તેમાં જે પરભાવથી નિવૃત્ત થઈ આત્મગુણમાં રમણ કરવું તે નિશ્ચય ચારિત્ર, અને સુમિતિ ગુપ્તિરૂપ અષ્ટ આચાર તે વ્યવહાર ચારિત્ર. ઇતિ.

૪. તપાચાર—તે નિશ્ચયથી સર્વ પરભાવની અનિચ્છા, ઈચ્છા નિરોધ તે નિશ્ચય તપ અને અશનાદિ બાર ભેદે વ્યવહાર તે તપાચાર. ઇતિ.

૫. વીર્યાચાર—તે નિશ્ચયથી તીક્ષ્ણતા લક્ષણ સ્વગુણ સહાયક વીર્યગુણ, અને વ્યવહારથી કર્મક્ષયના કારણભૂત યોગ વીર્યનો વ્યાપાર તે વ્યવહારથી વીર્યાચાર. એમ નિશ્ચય ને વ્યવહારથી સ્વરૂપ સમજી પંચ વિધ આચારનું પાલન કરવું. તો નિશ્ચયથી આત્માના ગુણ પ્રગટ થાય. ઇતિ.

## સારાંશ.

૧. પ્રથમ માર્ગાનુસારીના ૩૫ ગુણ પ્રાપ્ત કરી દ્રવ્ય સમકિતિ થાય, પછી ભાવ સમકિતિ થાય, પછી દ્રવ્ય શ્રાવક, પછી ભાવ શ્રાવક, પછી દ્રવ્ય સાધુ, પછી ભાવ સાધુ, પછી

અપ્રમત્ત, પછી શ્રેણિ સંપન્ન, પછી ક્ષીણ મોહી, પછી સયોગી કેવલી, પછી અયોગી કેવલી થઈ મોક્ષે જાય. એ ક્રમ છે. ઇતિ.

---

## દુહા.

અત્તાગમ અનંતરાગમ, પરંપરાગમ જાણ;
અનુયોગ સૂત્રે કહ્યા, આગમ ત્રણ વખાણ. ૧
તેમાં આજ પરંપરા, વરતે તાસ વિચાર;
જાણી આણી જ્ઞાનનો, કરજો આપ વિચાર. ૨
વચન તણી રચના કરી, અલ્પ મતિ અનુસાર;
આગમ અર્થ ન લહી શકે, વિણ કેવલ કો સાર. ૩
હઠ ન કીજે શઠ પરે, કીજે તત્ત્વ પિછાણ;
સમરસથી સુખ ઉપજે, લહીયે પદ નિરવાણ. ૪
કષ્ટ કરે ઇંદ્રિય દમે, વહે વ્રતનો ભાર;
તજી મમત્વ સમતા ગ્રહે, ન ભજે કર્મ વિકાર. ૫
આગમ સારિણી ગ્રંથ એહ, સદ્ગુરૂ તણે સુપસાય;
સ્વપર આતમહિત ભણી, રચિયો આનંદ લાય. ૬
કર્મેદુ ગુરૂ માહરા, સંયમ ધર્મ દાતાર;
બુદ્ધિ અનુસારે કૃતિ કરી, ભવ્યજીવ હિતકાર. ૭
જિન આણા વિણ જે કથ્યો, મિથ્યા દુષ્કૃત તાસ;
સજ્જન ગુણ લેજો સદા, અલિ જેમ પુષ્પ વાસ. ૮
મત મમત્વ મુજને નહિં, શાસ્ત્ર વચન સુવિલાસ;
આશ એક શિવ પદ તણી, બીજી આશ નિરાસ. ૯

ઇતિ પૂર્ણમ્.

આ ગ્રંથ પૂજ્યશ્રી કર્મચંદ્રજી સ્વામીના શિષ્ય મુનિ જ્ઞાનચંદ્રે, શ્રી માંડવી બંદરે વિક્રમ સંવત્ ૧૯૫૯ ના માઘ કૃષ્ણાષ્ટમી તિથિએ ગુરૂવારે પૂર્ણ કીધો છે.

# આશીષ વચન.

## શ્રી હરિ છંદ.

શ્રી આગમ સારિણી આ ગ્રંથ નવો, શાસ્ત્રો બધાં જોઇને,
રચ્યો તેં શ્રી જ્ઞાનેંદુ મુનીશ્વરા, તત્ત્વો બધાં લેઇને;
સમજાવ્યાં તેં તત્ત્વો શ્રી વીરતણાં, ભવ્યોને ઉદ્ધારવા,
નમે કૃપેન્દુ તુજ ચરણ વિષે, સ્મરી ગુણોને સદા. ૧
ભણશે કોઇ આ ગ્રંથ મૂળથકી, જેહ વર્ત્તન કરે,
સુખો પામે તે દ્રવ્ય ભાવજ તણાં, મોક્ષ સુંદરી વરે;
અખંડ રહો ! આ ગ્રંથ ભૂમિ વિષે, યાવત્ રહે માનવી,
આશિષ વચન છે હૃદયતણાં, કૃપા ઉલ્લશે ભવી. ૨

---

શ્રીમદષ્ટ કોટી બૃહત્પક્ષીય શાસ્ત્રવિશારદ ગચ્છાધિપતિ શ્રીમદ્ દેવજીસ્વામી, તચ્છિષ્ય સંઘાધિપતિ શ્રીમદ્ કર્મચંદ્રજી સ્વામી, તચ્છિષ્ય (આ ગ્રંથકર્ત્તા) શ્રીજ્ઞાન, દર્શન, ચારિત્ર સંપન્ન શ્રી જ્ઞાનચંદ્રજી સ્વામી, તચ્છિષ્ય પંડિત પ્રવર શ્રી સૂર્યમલ્લજી સ્વામી, તચ્છિષ્ય 'સદ્ગુણાનુરાગી' યુવાચાર્ય મહારાજ શ્રી

વિનયચંદ્રજી સ્વામી, તચ્છિષ્ય બાલોમુનિ: કૃપાચંદ્રેણ લિખિત્વા સંવત્ ૧૯૯૭ કચ્છીય સંવત્સરે અશ્વિન શુકલ તૃતીયં તિથૌ શનીશ્વરવારે કચ્છ પત્રી ગ્રામે શ્રીગુરૂ સન્નિધે પૂર્ણમ્ કૃતમ્.

## ઇતિશ્રી આગમસારિણી નામા ગ્રંથ પૂર્ણમ્.

શ્રી જ્ઞાનરવિ સ્મારકમાળા મણકો ૫ મો આવૃત્તિ ૨ જી પૂર્ણમ્.

ૐ શાંતિ. ૐ પાર્શ્વ. ૐ વીર. ૐ સદ્‌ગુરૂમ્.

સમાપ્ત

# વીર—વાણી

મનુષ્યદેહ મળ્યા પછી પણ મનુષ્યને 'મનુષ્યત્વ, સત્શાસ્ત્રનું શ્રવણ, ધર્મશ્રદ્ધા અને સંયમની શક્તિ' એ ચાર અંગ મળવા અતિ દુર્લભ છે.

જેને મૃત્યુ સાથે મિત્રતા હોય, જે મૃત્યુથી છુટી શકતો હોય અથવા જે જાણતો હોય કે હું મરીશ નહિ, તે જ ખરેખર આવતી કાલ પર વિશ્વાસ રાખી સુખેથી સૂઈ શકે.

જ્યાંસુધી ઘડપણ આવ્યું નથી, જ્યાંસુધી રોગનો ઉપદ્રવ થયો નથી, જ્યાંસુધી ઇંદ્રિયો અને અંગ ક્ષીણ થયાં નથી ત્યાંસુધી મનુષ્યે અવશ્ય ધર્મને આચરવો જોઈએ.

ડાભની અણી પર રહેલું ઝાકળનું બિંદુ જેમ થોડી વાર જ ટકી શકે છે તે જ પ્રકારે મનુષ્યોનું જીવન પણ ક્ષણિક છે એમ સમજી હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર.

કૈલાસ પર્વત જેવડા, સોના રૂપાના અસંખ્ય પર્વતો આપવામાં આવે તો પણ લોભીની તૃષ્ણા છીપતી નથી. કેમકે તૃષ્ણા આકાશ જેટલી અનંત છે. એક પૂરાઈ ત્યાં બીજી ઉભી જ છે માટે તૃષ્ણાથી પાછા હઠી સંતોષવૃત્તિમાં પ્રવેશ કરો.

જેને તું હણવાનો વિચાર કરે છે તે તું પોતે જ છે; જેના પર તું અધિકાર ભોગવવા માગે છે તે તું પોતે જ છે; જેને તું સંતાપ આપવા ચાહે છે તે તું પોતે જ છે અને જેને તું દબાવવા–ઉપદ્રવ કરવા ઇચ્છે છે તે પણ તું પોતે જ છે. માટે બાહ્યવૃત્તિ ત્યાગી આંતરવૃત્તિમાં સ્થિર થા.

મુદ્રકઃ કેશવલાલ સાંકળચંદ શાહ :: શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ : સલાપસ ક્રોસ રોડ–**અમદાવાદ.**